Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ । ૦૧ એપ્રિલ, ૨૦૨૪

Published on - 01 April, 2024

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ પટેલ
Editor-Dr. Prabhudas I Patel



## શ્રી હનુમાન જયંતિ

**રામદૂત અતુલિત બલધામા, અંજનીપુત્ર પવનસુત નામા ।**
**મહાવીર વિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિ કે સંગી ॥**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 | hello@mayflowerhospital.com | +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**એપ્રિલ ૦૧, ૨૦૨૪**
**વર્ષ :** ૦૨, **અંક :** ૧૨
**સળંગ અંક : ૨૪**
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**April 01, 2024**
**Year :** 02, **Ank :** 12
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel



**પરામર્શકશ્રી**
**Consultant**



પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:** / **Editor Board :**
ડો. હર્ષદ પટેલ — Dr. Harshad Patel
ડો. અશોક પટેલ — Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ — Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ — Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $



**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222



**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમણિકા


| ક્રમ | લેખકનું નામ | લેખનું નામ | પેજ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી ભાણદેવજી | મહાશક્તિ | ૦૬ |
| ૨. | શ્રી પ્રહ્લાદભાઈ પટેલ | વેદોનો દિવ્ય સંદેશ | ૦૮ |
| ૩. | ડો. પ્રભુદાસ પટેલ | શ્રી રામચરિત માનસ કથાસાર | ૦૯ |
| ૪. | શ્રી વિઠ્ઠલદાસ બી. ઉકાણી | દર્શન અને સ્વરૂપ | ૧૦ |
| ૫. | શ્રી બી. એન. દસ્તૂર | દેવં ચૈત્રમ પંચમમ્-અહીં નસીબ પાંચમા સ્થાને છે | ૧૨ |
| ૬. | ડો. કુમારપાળ દેસાઈ | ધ્યેય વિમુખ એટલે જીવન વિમુખ | ૧૫ |
| ૭. | ડો. ભાવેશ જેતપરીયા | શિક્ષણ : જીવન ઘડતરની માસ્ટર કી | ૧૭ |
| ૮. | સ્વામી જિતાત્માનંદ | મૂલ્યલક્ષી કેળવણી શા માટે ? | ૨૦ |
| ૯. | પ્રા. ડો. હર્ષદેવ માધવ | આપણી દિકરીઓ - નવદુર્ગા | ૨૨ |
| ૧૦. | શ્રી એ. કે. લાલાણી | દામ્પત્ય જીવનની "મધૂરપ" કેવી રીતે "અધૂરપ" માં પરિણમે છે | ૨૩ |
| ૧૧. | શ્રી પ્રાગજીભાઈ પટેલ | નારી પ્રેમની પ્રતિમા છે. | ૨૫ |
| ૧૨. | પ્રો. ડો. જે. એમ. પનારા | શક્તિ, બુદ્ધિ અને ભક્તિના દેવતા મંગલમૂર્તિ હનુમાનજી | ૨૮ |
| ૧૩. | શ્રી રસિક પટેલ | "માફી સર્વોચ્ચ શાંતિ માટેનું હથિયાર છે... તો શું માફી આપીને અમૂલ્ય શાંતિ ખરીદી શકાય ? | ૩૧ |
| ૧૪. | શ્રી અંબાલાલ આર. પટેલ | કેવો ભારતીય સમાજ પ્રભુને ગમે ? | ૩૪ |
| ૧૫. | શ્રી સ્વામી વિવેકાનંદ | સ્વામી વિવેકાનંદજીનું યુવાનોને સંબોધન | ૩૭ |
| ૧૬. | ડો. ભગીરથ પટેલ | કાચબો કેમ શરમાય છે ? | ૩૯ |
| ૧૭. | શ્રી શૈલેષભાઈ પટેલ | પ્રવૃત્તિ અહેવાલ | ૪૧ |
| ૧૮. | ડો. રૂપલબેન પટેલ | સમાચાર | ૪૪ |
| ૧૯. | શ્રી દેવાંગભાઈ દવે | આઈ. એ. એસ. એકેડેમી | ૪૬ |
| ૨૦. | શ્રી કનુભાઈ પટેલ | ક્વોલિટી મેનેજમેન્ટ સીસ્ટમ | ૪૭ |


⌘ ⌘ ⌘


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

## તંત્રીલેખ



**પ્રો. ડો. જે. એમ. પનારા**

# સકારાત્મકતાની સૌરભ

કેટલીકવાર લોકો એકબીજા સાથેની ચર્ચામાં બોલતાં હોય છે કે "ક્યાં પહેલાનું ભારત અને ક્યાં આજનું ભારત ? લોકો સ્વાર્થી અને ભ્રષ્ટાચારી થઈ ગયા છે. સદ્ સંસ્કારો જેવું કંઈ રહ્યું નથી. સર્વત્ર દંભ અને અહંકારનું વાતાવરણ છે. ભારત હવે જીવવા લાયક રહ્યું નથી" વગેરે-વગેરે.

પરંતુ મિત્રો ઘણીવાર આપણી નજર માત્ર ખારા સાગર તરફ જ જાય છે. એટલે આપણને મીઠાં પાણીની વિરડીઓ કે ઝરણા દેખાતાં નથી. આજે પણ સમાજમાં એવા અસંખ્ય માણસો છે, જે માનવતાના દીવા પ્રગટાવી દુષ્ટતાના અંધકારને દૂર કરવાના ચૂપચાપ પ્રયત્નો કરતાં હોય છે. આપણી દૃષ્ટિ જો સકારાત્મક નહીં હોય તો આપણને માત્ર દોષ જ દેખાવાના છે. દેશ જાતે બગડતો નથી, એને બગાડનાર લોકો જ હોય છે. દેશ રાતોરાત ઈમાનદાર પણ બની જવાનો નથી. એટલે કે દરેક નાગરિક પોતાના અંગત જીવનમાં ઈમાનદારી અને શુભત્વની વૃદ્ધિ કરીને આજ અને આવતી કાલ ઉજ્જવળ બનાવી શકે છે.

નિંદક બનવા કોઈ શિક્ષણની જરૂર પડતી નથી, પણ સૌંદર્યદૃષ્ટિ કેળવવા મનને સાત્વિકતાની સરિતામાં સતત સ્નાન કરાવવું પડે છે. ખામીઓ દર્શાવવા માણસ જીભને મુક્તપણે વિહરવા દે છે, પણ ખૂબીઓ દર્શાવવા માટે તે જીભને કુબુદ્ધિને સહારે છોડી દે છે.

અહીં વિશ્વના પ્રેરક પ્રસંગોમાં નિલેશ મહેતા વર્ણિત નોર્મન રોકવેલ નામના ચિત્રકારનું દેશભક્તિ દર્શન આંખો ખોલી નાખે તેવું છે. નોર્મન રોકવેલ અમેરિકાનો પ્રસિદ્ધ ચિત્રકાર હતો. એકવાર એનાં ચિત્રો એક ખ્યાતનામ કલા વિવેચકે જોયા અને ખૂબ જ પ્રભાવિત થઈને પૂછ્યું - "આપના ચિત્રો ખરેખર બેનમૂન છે. કલાની કસોટીમાં પાર ઉતરે એવાં છે, છતાં એક વાતનું રહસ્ય મને સમજાતું નથી કે, આ જગત જેવું છે એવું વાસ્તવિક જગત તમારા ચિત્રોમાં આલેખવાને બદલે વધુ સુંદર જગત કેમ આલેખવામાં આવે છે ? જગતની કઠોરતા અને ક્ષુલ્લકતાને બદલે આનંદસભર જગતનું આલેખન કેમ કરો છો ?"

નોર્મન રોકવેલ કહ્યું : "એનું એક કારણ છે. મે ચિત્રકલાનો એકડો ઘૂંટવા માંડ્યો, ત્યારથી નક્કી કર્યું હતું કે હું જગત જેવું છે તેના કરતાં તેને વધુ સુંદર અને આનંદમય ચીતરીશ. જગત જેવું છે તેના કરતાં જગત કેવું હોવું જોઈએ એ હું મારા ચિત્રો દ્વારા બતાવીશ. જગતની ખરાબ વાસ્તવિકતાને હું સુંદરતામાં પલટાવતો રહ્યો છું. મારે લોકોને બતાવવું છે કે જગત આવું સુંદર બનવું જ જોઈએ." સકારાત્મક દૃષ્ટિનું આ છે ઉત્તમ ઉદાહરણ. આપણે આપણું ઘર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને સુંદર બનાવવા આ ઉદાહરણમાંથી ધડો લઈ નીચેની બાબતો જીવનમાં અપનાવી શકીએ :

**(૧) પોતાના ઘર, વ્યવસાય, નોકરી સ્થળ અને પરિવારના સભ્યોને ખામીઓની નજરે મૂલવીએ નહીં.**

**(૨) માણસો સાથે વ્યવહારમાં માત્ર શંકા, આક્ષેપ અને ઈર્ષ્યાને બદલે સૌજન્યને મહત્ત્વ આપીએ.**

**(૩) એકબીજા સાથેની વાતોમાં શુભત્વને મહત્ત્વ આપીએ.**

**(૪) પોતે સારા અને જવાબદાર નાગરિક કેમ બની શકીએ તેનું ચિંતન અને અમલ કરીએ.**

**(૫) કોઈના નાનકડાં ઉપકારને પણ યાદ રાખી તેનો બદલો આપવાની ભાવના રાખીએ.**

**(૬) ભગવાને જગત બગાડ્યું નથી, પણ માણસોનાં દુષ્કૃત્યો જ તેને માટે જવાબદાર છે, એમ માનીએ.**

**(૭) જીવન એવું જીવો કે દુનિયા ફરિયાદ ન કરે અને સત્કર્મો એવા કરો કે દુનિયા ફરી-ફરીને યાદ કરે.**

**પ્રો. ડો. જે. એમ. પનારા**
તંત્રી




શ્રી ગુરુ ચરણ સરોજ રજ,
નિજ મન મુકુરુ સુધારિ.
બરનઉ રઘુબર બિમલ જસ,
જો દાયક ફલ ચારિ.
બુદ્ધિહીન તનુ જાનિ કે,
સુમિરૌં પવન કુમાર,
બલબુદ્ધિ બિદ્યા દેહુ મોહિં,
હરહુ કલેશ બિકાર.

## પ્રમુખશ્રીની કલમે

# સંઘર્ષ એ જ જીવન



જીવનમાં કોઈ દિવસો ખરાબ હોતા નથી. સારા દિવસોમાં ખુશીઓ આવે છે, જ્યારે ખરાબ દિવસોમાં જીવનનો અનુભવ આવે છે, જીવનની સફળતામાં આ બંને દિવસોનું મૂલ્ય સરખું છે. માવન જીવનમાં સફળતાનું શ્રેષ્ઠ પગથિયું એટલે સંઘર્ષ. આજના સ્પર્ધાત્મક યુગમાં સંઘર્ષથી ભરેલું જીવન માનવીને સફળતના શિખરે પહોંચાડે છે. પ્રયત્ન અને મહેનત એ સફળતાના પગથિયાં છે. જીવન એક પરિશ્રમ છે, અને જ્યાં સુધી આપણું જીવન છે ત્યાં સુધી આપણા સપનાને સાકાર કરવા માટે દરેક ક્ષણે કોઈ ન કોઈ વસ્તુ માટે સંઘર્ષ કરવો પડે છે. સંઘર્ષ સિવાય જીવનમાં ક્યારેય સફળતા મળતી નથી. જીવનમાં સંઘર્ષ થકી જ લક્ષ્ય પ્રાપ્તિ તરફ આગળ વધી શકાય છે. સંઘર્ષ તમને થકવાડે જરૂર છે, પણ અંદરથી મજબૂત બનાવે છે. સફળતાનું પ્રથમ પગલું જ સંઘર્ષ છે.

ઈતિહાસના પાના પર જેટલાં પણ મહાન લોકોના નામ નોંધાયા છે, તે તમામ સંઘર્ષના દમ પર પોતાની એક અલગ ઓળખ બનાવી શક્યા છે. જીવનમાં દરેક વ્યક્તિના સંઘર્ષની પોતાની એક કહાની હોય છે. આપણે તો જીવ માત્ર છીએ પણ ભગવાન રામ અને ભગવાન શ્રીકૃષ્ણનું જીવન પણ સંઘર્ષથી ભરેલું છે, સંઘર્ષ તો જીવનમાં રહેવાના જ. ઉપરાંત મહાવીર, બુદ્ધ, ઈસુ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી વગેરે તમામ મહાન વ્યક્તિઓના જીવન સંકટો અને વિપત્તિઓથી ભરેલાં હતાં. પરંતુ તેઓ સંકટોની પરવા કર્યા વગર પોતાના માર્ગ પર નિરંતર ચાલતા રહ્યાં. પરિણામે તેઓ તેમના ઉદ્દેશ્યમાં સફળ થયા અને સંસાર આજે તેમને ઈશ્વરી અવતાર માનીને પૂજે છે.

''मिल ही जाएगी मंझिल भटकते – भटकते, गुमराह तो वो है जो घर से निकलते ही नहीं।
उस शख्स को कोई गिरा हीं नहीं सकता, जिसने चलना ही ठोकरों से सीखा है।''

સંઘર્ષ તમારી અંદર છુપાયેલી હિંમત અને શક્તિઓને બહાર લાવવાનું માધ્યમ છે. સંઘર્ષ આપણી ધીરજ અને સહનશીલતાને મજબૂત બનાવે છે. આ અંગે કવિ દલપતરામે પોતાની એક કવિતામાં સરસ વાત કરી છે.

"કરતાં ઝાળ કરોળિયો, ભોંય પડી પછડાય, વણ તૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય.
મે'નત તેણે શરૂ કરી, ઉપર ચડવા માટ, પણ પાછો હેઠો પડ્યો, ફાવ્યો નહીં કો'ઘાટ,
એ રીતે મંડી રહ્યો, ફરી-ફરી બે-ત્રણ વાર, પણ તેમાં નહીં ફાવતા ફરી થયો તૈયાર.
હિંમત રાખી હોંશથી, ભીડ્યો છઠ્ઠીવાર, ધીરજથી ઝાળે જઇ, પોં'ચ્યો તે નિર્ધાર,
ફરી-ફરી ખંતથી, યત્ન કર્યો ન હોત, ચગદાય પગ તળે, મરી જાત વણ મોંત,
આ રીતે જો માણસો, રાખી મનમાં ખંત, આળસ તજી, મેં'નત કરે પામે લાભ અનંત."

પશુ-પક્ષીઓનું જીવન પણ સંઘર્ષોથી ભરેલું છે. ગાય, ભેંસ તથા અન્ય પશુઓ પણ આપણા કહેવાતા વિકાસનો ભોગ બની ગયાં છે, તેને પણ પ્લાસ્ટિક ખાવું પડે છે. અને આપણે પણ જંતુનાશક દવાઓ વાળુ અનાજ, શાકભાજી ખાઇએ છીએ. હરણ હોય કે સિંહ સવાર પડે ને બધાએ પોતાના ખોરાક માટો દોડવું પડે છે. પણ જે વ્યક્તિ કોઈ ચોક્કસ સંકલ્પ માટે કટિબદ્ધતાથી દોડે છે, સમાજ માટે દોડે છે તેને સિદ્ધિ મળે જ છે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. અસામાન્ય પુરુષાર્થથી સામાન્ય વ્યક્તિ પણ અસામાન્ય બની જાય છે. પરિશ્રમ કરતાં-કરતાં પણ મુશ્કેલીઓ આવે ત્યારે એટલું યાદ રાખો કે પ્રભુ જે કરે છે તે સારા માટે જ કરે છે તેમ માનવું.

"ચિત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે."

# પ્રમુખશ્રીની કલમે

મનુષ્યના સંઘર્ષો અને તેમાંથી પસાર થવાના નિષ્ઠાપૂર્વકના તેના પ્રયત્નો તેની જીવનશક્તિનો પરિચય કરાવે છે. જે વ્યક્તિ પડકારોનો સામનો નથી કરતો તે કદી પણ મોટી સફળતાની આશા રાખી શકે નહી, સંઘર્ષ થકી જ તે ઘડાય છે, કાબેલ બને છે અને તેની શક્તિઓમાં વધારો થાય છે. ગમે એટલા સંઘર્ષ આવે પણ પ્રબળ ઈચ્છાશક્તિવાળો માણસ જે કામ હાથ ઉપર લે છે તે પુરું ન થાય ત્યાં સુધી તેને છોડતો નથી. સંસારની સમસ્ત સફળતાઓનો મૂળમંત્ર છે પ્રબળ ઈચ્છા શક્તિ.

"સંઘર્ષનો બહુ સીધો હિસાબ હોય છે, ચઢાણ કપરાં અને મંડાણ લાજવાબ હોય છે.
થાય છે અહીં ખુદના જીવનની શોધ, એનાથી ક્યાં કોઈ મોટો ખિતાબ હોય છે."

સોનું અગ્નિમાંથી પસાર થાય છે ત્યારે ચળકાટ મેળવે છે. એરણ પર હથોડીના ઘા સહન કરે પછી સુંદરતા પામે છે. પથ્થરને મૂર્તિનું સ્વરૂપ ધારણ કરવા માટે ટાંકણું અને હથોડીના ઘા સહન કરવા પડે છે, ત્યારે તે પૂજાને યોગ્ય બને છે. પા-પા પગલી કરતો બાળક પણ અથાક પ્રયત્નો કરીને જ ચાલતા શીખે છે. મરજીવા દરિયાના તળિયા સુધી પહોંચીને જ અણમોલ મોતી મેળવે છે. બાકી દરિયા કિનારે બેઠાં-બેઠાં તો છીપલાં જ મળે છે. મોતી મેળવવા સંઘર્ષ કરવો પડે છે. મધમાખી મધ મેળવવા માટે વનમાં ભટકે છે ત્યારે તેનું કાર્ય સિદ્ધ થાય છે. કોઈ પણ વસ્તુ મફતમાં મળતી નથી. તેના માટે કમર કસવી પડે છે, સખત મહેનત કરવી પડે છે, સંઘર્ષ કરવો પડે છે.

સંઘર્ષની સામે ટકી રહેવા માટે Harry Potter માં બતાવવામાં આવે છે એવા Phinix પક્ષી જેવા બનીને રહેવું પડશે. લડત આપતાં-આપતાં જ ભસ્મિભૂત થવાનું છે અને પોતાની જ રાખમાંથી ફરીથી નિર્માણ કરવાનું છે. એક ધ્યેયને પુરું કરવા માટે પોતાનું સર્વસ્વ કુર્બાન કરવાનું છે. ધ્યેય માટે દોડશો તો ક્યાંક ઘસડાવું પડશે, ઉઝરડાં પડશે, ક્યારેક લંગડાવું પણ પડશે, પણ અંતે એક એવો મુકામ આવશે કે તમારા પેગડામાં કોઈ પગ નાખી નહીં શકે એ ચોક્કસ છે. જીંદગીમાં ક્યારેય હાર નહીં માનવી સાહેબ, કારણ કે સફળતા તમારા છેલ્લા પ્રયત્નની રાહ જોતી હોય છે. આજનો સંઘર્ષ એ આવતી કાલની સિદ્ધિનું કારણ હોય છે.

"જોઈએ એટલાં માનવી જગતમાં ખૂબ જડે,
પણ જોઈએ એવા માનવી, જગમાં કોક જ જડે."

દુનિયામાં માનવીઓ તો ઘણા છે, પરંતુ જોઈએ એવા પાણીદાર માનવીઓ, દેશ અને સમાજ માટે સંઘર્ષ કરી શકે તેવા માણસો બહુ ઓછા હોય છે. આપણે ઉમદા લક્ષ્ય નક્કી કરીને સામાજીક, ધાર્મિક અને રાષ્ટ્રસેવાના કાર્યમાં આગળ વધવું જોઈએ. માણસ કેટલું જીવ્યો તે મહત્વનું નથી, પરંતુ તે કેવું જીવ્યો તે મહત્વનું છે. માત્ર જન્મ્યા, ખાધું, પીધું, મોજ કરી અને મરી ગયા એ કોઈ જીવન નથી. સતત પરિશ્રમ અને પ્રબળ ઈચ્છા શક્તિ જ આપણને લક્ષ્ય તરફ લઈ જાય છે.

સંઘર્ષ દરમિયાન માણસ એકલો હોય છે પણ, સફળતા મળ્યા પછી આખી દુનિયા તમારી સાથે હોય છે! ટુંકમાં કહીએ તો 'No Pain, No Gain'. સંઘર્ષ સફળ થવા માટેનું એક 'Stepping Stone' છે, માટે તેમાંથી પસાર તો થવું જ રહ્યું. જો પડતું મૂક્યું તો તમારા સપનાઓ અધૂરા રહી જશે. પ્રતિકૂળ સંજોગોને અનુકુળ બનાવવાની મથામણ કરતાં-કરતાં જ જીવનનો સાચો મર્મ જડે છે. માટે થાક્યા વિના, હાર્યા વિના, પોતાની સમગ્ર તાકાત અને નિષ્ઠાથી જે લડે છે એની બધી જ મનોકામનાઓ પૂરી થાય છે. અંતમાં એટલું જ કહીએ કે:-

राह संघर्ष की जो चलता है, वही तो संसार बदलता है,
जिसने रातों से जंग जीती है, वही सूर्य बनकर निकलता है।

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

# ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક, સાધક, યોગાચાર્ય, કથાકાર અને લેખક
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર, મોરબી

# મહાશક્તિ

ॐ आनंदमयि चैतन्यमयि सत्यमयि परमे ।

પરબ્રહ્મ છે, પરબ્રહ્મની મહાશક્તિ છે, પરમેશ્વર છે, પરમેશ્વરી છે. સચ્ચિદાનંદ છે, સચ્ચિદાનંદમયિ છે, શિવ છે, શક્તિ છે. શિવ વિના શક્તિનું અસ્તિત્વ નથી અને શક્તિ વિના શિવની અભિવ્યક્તિ નથી. સર્જકની આ સર્જિકાશક્તિ છે.

વેદમાં પરબ્રહ્મનું કથન તો છે જ, સાથે સાથે વેદમાં મહાશિક્તનું કથન પણ છે જ !

अहं रुद्रेभिर्वसुभिश्चराम्यहमादितयैरुत विश्वदैवेः ।
अहं मित्रावरुणोभा विभर्म्यहमिनद्राग्नि अहमश्विनो भा ॥

ऋग्वेद : १०-१२५-१

"હું દ્રગણ અને વસુગણની સાથે વિહરણ કરું છું. હું આદિત્યો અને વિશ્વદેવોની સાથે રહું છું. મિત્રાવરુણ ઈન્દ્ર, અગ્નિ અને અશ્વિનીકુમારોને હું જ ધારણ કરું છું."

अहं राष्ट्री संगमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञियानाम् ।
तां मा देवाव्यदधुः पुरुत्रा भूरिस्थात्रां भूयविशयन्तीम् ॥

ऋग्वेद : १०-१२५-३

"હું રાષ્ટ્રોની અધિષ્ઠાત્રી છું, હું ઉપાસકોને સર્વ પ્રકારનાં ધનની પ્રાપ્તિ કરાવનાર છું; હું પરમ તત્ત્વ સાથે એકરૂપ છું. યજ્ઞ દ્વારા જેમની ઉપાસના કરવામાં આવે છે, તે દેવોમાં હું શ્રેષ્ઠ છે, મેં અનેક ભાવો ધારણ કરીને, જીવભાવથી અનેક ભૂતસમૂહોમાં પ્રવેશ કર્યો છે, અનેક સ્થાનોમાં રહેનારા દેવો જે કાંઈ કરે છે, તે સર્વ મારા માટે જ કરે છે."

अहं रुद्रायधनुरातनोमि ब्रह्मद्विषे शरवेहन्तवा उ ।
अहं जनाय समदं कृणोम्यहं द्यावा पृथिवी आ विवेश ॥

ऋग्वेद : १०-१२५-६

બ્રાહ્મણોના દ્વેષી હિંસક અસુરોને હણવા માટે રુદ્રના ધનુષ્ય પર પ્રત્યંચા હું ચડાવું છું. હું ભક્તજનો માટે સંગ્રામ કરું છું. સ્વર્ગ



અને પૃથ્વીમાં અંતર્યામીસ્વરૂપે પ્રવિષ્ઠ થઈને હું અવસ્થિત છું."

'ઋગ્વેદ'ના આ મંત્રોના અર્થને સમજીએ તો સ્પષ્ટ લાગે છે કે આ મહાશક્તિની વાણી છે.

अहंरुद्राय धनुरातनोमि – રુદ્રના ધનુષ્યની પ્રત્યંચા હું ચડાવું છું- આમ અન્ય કોણ બોલી શકે ?

अहं राष्ट्री संगमनी – હું રાષ્ટ્રોની અધિષ્ઠાત્રી છું - આમ અન્ય કોણ બોલી શકે ?

આ મહાશક્તિની અભિવ્યક્તિ છે.

આ મહાશક્તિ વિશ્વરૂપિણી અને વિશ્વવ્યાપિની તો છે જ, પરંતુ આ મહાશક્તિ પ્રાણીમાત્રમાં શક્તિરૂપે પણ સંસ્થિતા છે.

# ધર્મ સૃષ્ટિ

या देवी सर्वभूतेषु शक्तिरुपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

दुर्गासप्तशती : ५-३४

"જે દેવી પ્રાણીમાત્રમાં શક્તિરૂપે અવસ્થિત છે, તેમને નમસ્કાર છે, નમસ્કાર છે, નમસ્કાર છે.'

આમ આ મહાશક્તિ સમષ્ટિમાં સર્વવ્યાપી છે. તેમ વ્યષ્ટિમાં પણ પ્રત્યેક પ્રાણીમાં પણ વ્યાપેલી છે.

આ મહાશક્તિ વિશે ઉપનિષદ શું કહે છે ?

तस्या एव ब्रह्मा अभीजनत् विष्णुरजीजनत् । रुद्रोऽजीजनत् । सर्वे मरुद्‌गणा अजीजनत् । गन्धर्वाप्सरसः किन्नरा वादित्रवादिनः समन्तादजीजनत् । भोग्यमजीजनत् । सर्वम जीजनत् । सर्व शाक्तमजी-जनत् । अण्डजंखेदजमुद्भिज्जं जरायुजं यत्किञ्चैतत्प्राणिस्थावरजङ्गमं मनुष्यजीजनत् । सैषा पराशक्तिः ।

बह्वृचोपनिषद : २

"આ પરાશક્તિમાંથી બ્રહ્મા ઉત્પન થયા, તે જ પરશક્તિમાંથી વિષ્ણુ ઉત્પન્ન થયા અને તેમાંથી જ રુદ્ર ઉત્પન્ન થયા છે. તેમાંથી સર્વ મરુતગણ, ગંધર્વો, અપ્સરાઓ અને વાજિંત્ર વગાડનારા કિન્નરો ઉત્પન્ન થયા છે. સમસ્ત ભોગ્ય પદાર્થ તથા અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ અને જરાયુજ પ્રાણીઓ તેમાંથી પ્રગટ થયા છે. જે કાંઈ સ્થાવર, જંગમ તથા મનુષ્યાદિ પ્રાણીઓ છે, તે સર્વ તે જ પરાશક્તિમાંથી પ્રગટ થયા છે. આવા છે પરાશક્તિ !"

આમ પરબ્રહ્મ, પરાત્પર બ્રહ્મ પણ છે અને પરમેશ્વરી મહાશક્તિ પણ છે જ !

હવે આ પરંતત્ત્વના આ બંને સ્વરૂપોની ઉપાસનાનો વિચાર કરીએ. પરબ્રહ્મ પરાત્પર છે, નિર્ગુણ છે, નિરાકાર છે, નામરૂપથી સર્વથા અતીત છે.

યોગકુંડલ્યુપનિષદ 'માં ઋષિ કહે છે :

अशब्दमस्पर्शमरुपमव्ययं तथाऽरसंनित्यमगन्धवच्चयत् ।
अनाद्यनन्तं महतः परंध्रुवं तदेव शिष्यत्यमलं निरामयम ॥

योगकुंडभ्युपनिषद् : ३-३५

"તે બ્રહ્મ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધથી સર્વથા અતીત છે. તે આદિ અને અંતથી રહિત છે. તે નિત્ય છે, અવ્યય છે અને મહાન છે તથા તે અટલ છે. તે વિકારરહિત પરમ પવિત્ર બ્રહ્મ જ શેષ રહે છે."

એ તો સર્વસ્વીકૃત સત્ય છે કે બ્રહ્મતત્ત્વ સર્વથા અતીત છે, સર્વથા અવ્યક્ત છે.

...અને મહાશક્તિ સગુણ, સાકાર પણ છે અને અનેક રૂપો પણ ધારણ કરી શકે છે અને રૂપો ધારણ કરે છે.

■ ■ ■

## શિસ્ત વગરનું જીવન સઢ વિનાની હોળી જેવું છે.

સાધના વગર કોઈ કામ સિદ્ધ થતું નથી અને શિસ્ત વગર કોઈ સાધના સિદ્ધ થતી નથી. શિસ્ત જાય એટલે શિકસ્ત થાય. હાર અને નિષ્ફળતા માટે સૌથી મોટું પરિબળ શિસ્તનો અભાવ જ હોય છે. જે માણસ શિસ્ત છોડે તે ક્યારેય સફળ થતો નથી.

દરેક કર્મની પોતાની એક શિસ્ત હોય છે, પ્રકૃતિની પણ એક શિસ્ત છે. વરસાદ તેની શિસ્ત ચૂકે ત્યારે અતિવૃષ્ટિ થાય છે. અતિ હંમેશાં અંતિમ તરફ લઈ જાય છે. ગતિની પણ એક શિસ્ત છે. અતિયશ ગતિ અકસ્માત નોતરે છે.

પિતા ધંધાની શિસ્ત શીખવે છે, માતા જીવવાની શિસ્ત શીખવે છે, શિક્ષક જ્ઞાનની શિસ્ત શીખવે છે, સંતો ધર્મની શિસ્ત શીખવે છે અને શિસ્ત આપણને સંયમ શીખવે છે.

સંયમ વગર શિસ્ત આવતી નથી. શિસ્ત ત્યાં સુધી જ અઘરી છે જ્યાં સુધી તેને અપનાવાતી નથી. એક વખત શિસ્ત અપનાવીએ પછી સમય પણ સરળ થઈ જાય છે. એક ફિલોસોફરે કહ્યું છે કે, One discipline always leads to another discipline. તમે એક શિસ્ત અપનાવો, બીજી શિસ્ત આપોઆપ તેની પાછળ આવશે.



પ્રહ્લાદભાઈ કામેશ્વર
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**यत्र ब्रह्म च क्षत्रं च समयच्चौ चरतः सह ।**
**तंल्लोकं पुण्यं प्रज्ञेषं यत्र देवाः सहाग्निना ॥**

(યજુર્વેદ ૨૦/૨૫)

**ભાવાર્થ :** એક બાજુ જ્ઞાન વડે સત્કર્મોને જાગૃત રાખવાં જરૂરી છે, તો બીજી બાજુ શસ્ત્ર વડે દુષ્ટોનો સંહાર કરવો પણ જરૂરી છે, જ્ઞાન અને કર્મના સંયોગથી સર્વાંગસંપૂર્ણ આધ્યાત્મિક જીવન બને છે. બ્રાહ્મણવર્ણનું જ્ઞાન અને ક્ષત્રિયવર્ણનું તેજ જ્યાં સાથે રહેશે, તે સમાજ હંમેશાં આગળ વધતો રહેશે.

**સંદેશ :** ગીતામાં ભગવાને કહ્યું છે કે સમયાંતરે તે પૃથ્વી ઉપર અવતાર લેતા રહે છે. શા માટે? **"પરિત્રાણાય સાધુનાં, વિનાશાય ચ દુષ્કૃતાં"** જ તેમનું લક્ષ્ય રહ્યું છે. સંસારમાં સત્કર્મી સાધુ માણસોની રક્ષા કરવી અને દુષ્ટ, દુરાચારી તથા પાપી લોકોનો સંહાર કરવો. સમજાવવાથી વાત બને નહિ, સામ, દામ, દંડ, ભેદ કોઈ પણ રીતે તેમને સીધા રસ્તા ઉપર લાવી શકાય એમ ન હોય, તો તેમનો સંહાર કરવો એ ધર્મ છે. **"નિશિચરહીન કરૌં મહિ"** જ સંસારને સુખી બનાવવાનો મૂળ મંત્ર છે. એનાથી જ રામરાજ્યની સ્થાપના થઈ.

એ જરૂરી નથી કે પરમાત્મા ધનુષ્યબાણ લઈ અથવા વાંસળી વગાડતા અવતાર લે અને તેઓ ધરતીને પાપી રાક્ષસોથી મુક્ત કરે. તે તો દરેક ક્ષણે દરેક સ્થળે ઉપસ્થિત હોય છે. આપણા શરીરમાં, રોમેરોમમાં, કણેકણમાં, રગેરગમાં તેઓ મોજૂદ છે. તે પરમાત્માનો પવિત્ર અંશ જ આપણો આત્મા છે. આપણે જ તેમના પ્રતિનિધિ છીએ, પ્યારા રાજકુમાર છીએ. તેમની કૃપા અને વરદાન આપણને મળે છે. આપણે આપણી પ્રતિભા અને ક્ષમતાનો સંસારમાં સત્કર્મોના પ્રસાર અને દુષ્કર્મોના નાશ માટે ઉપયોગ કરવો જોઈએ. આ જ સાચો માનવધર્મ છે. જ્ઞાનયોગ અને કર્મયોગની સાધના કરવામાં જ માનવ શરીરની ઉપયોગીતા છે, નહિતર આપણામાં અને પશુમાં શો તફાવત રહે?



માનવીમાં અને પશુમાં ફક્ત એટલો જ તફાવત છે કે પશુ કોઈ મર્યાદમાં બંધાયેલ નથી, જ્યારે માનવી હજારો મર્યાદાઓ અને નૈતિક નિયમોથી બંધાયેલો છે અને બધી જવાબદારી તેની ઉપર લાદવામાં આવી છે. જવાબદારી અને કર્તવ્યોને પૂરાં કરવા તે તેનો ધર્મ છે. શરીર પ્રત્યે આપણું કર્તવ્ય છે કે આપણે તેને નિરોગી રાખીએ.

મન પ્રત્યે આપણું કર્તવ્ય છે કે તેને સદ્‌ગુણી બનાવીએ. દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિ પ્રત્યે આપણું કર્તવ્ય છે કે તેમને પણ ઉન્નત બનાવવા માટે પૂરેપૂરું ધ્યાન રાખીએ. લોભ અને મોહની જાળમાંથી પોતાને છોડાવી, પોતાના જીવાત્માનો ઉદ્ધાર કરવો એ આપણું કર્તવ્ય છે. ભગવાને જે કામ માટે આપણને આ સંસારમાં મોકલ્યા છે, જે કામ માટે માનવ યોનિમાં જન્મ આપ્યો છે તે કાર્યોને પૂરાં કરવાનું આપણું કર્તવ્ય છે. આપણા જ્ઞાન અને પ્રતિભાને ઉત્તરોત્તર વધારીને તે અનુસાર શ્રેષ્ઠ આચરણ કરવું તે આપણું પવિત્ર કર્તવ્ય છે. આ જ જ્ઞાનયોગ અને કર્મયોગની સાચી સાધના છે, સાચી ઈશ્વરભક્તિ છે. એ માનવીને ગૌરવ આપે છે.

વર્ણવ્યવસ્થામાં ચાર વર્ણોમાં સમાજના ઉત્થાન માટે સંમિલિત રૂપથી કામ કરવાનું વિધાન હતું, જેને આપણે ભૂલી ગયા છીએ. આ જ્ઞાનના અંકુશ વડે સમાજ તેજસ્વી તથા વર્ચસ્વી બને છે, ઉન્નતિ કરે છે અને ફૂલેફાલે છે. ■



સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિત માનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ



**પૂર્વકથા :** રાજા દશરથ અયોધ્યાથી જાન લઈને જનકરાજાને ત્યાં પહોંચ્યા. સુંદર સામૈયું થયું. આગેવાનોના ઠાઠમાઠ જોઈને જાનૈયાઓ પ્રસન્ન થયા. દેવતાઓ આનંદિત થઈને નગારાં વગાડી રહ્યા છે.

**હવે આગળ :**

निज निज बास बिलोकि बराती
सु सुख सकल सुलभ सब भांति

જાનૈયાઓએ પોતપોતાના ઉતારાનાં સ્થાન જોયાં તો ત્યાં દેવતાઓના સર્વે સુખો બધી રીતે સુલભ જણાયાં. બધા જનકજીની પ્રશંસા કરી રહ્યા. શ્રી રઘુનાજી પિતા દશરથજીના આવવાના સમાચાર સાંભળીને બંને ભાઈઓના હૃદયમાં મહાન આનંદ થયો છે.

हरिषि बंधु दोउ हृदयं लगासे
पुलक अंग अबक जल छाओ

વિશ્વામિત્રએ પ્રસન્ન થઈ બંને ભાઈઓને હૃદય સરસા ચાંપી લીધા. તેઓ જીનીવાસે ચાલ્યા, ત્યાં દશરથજી હતા; જાણે સરોવર તરસ્યાની તરફ લક્ષ કરીને ચાલ્યું હોય, જ્યારે રાજા દશરથે પુત્રો સહિત મુનિને આવતા જોયા, ત્યારે હરખાઈ ઉઠ્યા અને સુખના સમુદ્રનો તાગ લેવા ચાલ્યા.

मुनिहि दंडवत् कीन्ह कीन्ह महीसा
बार बार पद रज धरि सीसा

પૃથ્વી પતિ દશરથએ મુનિજ ચરણરજને વારંવાર શીશ પર ચઢાવીને દંડવત પ્રણામ કર્યા. મુનિએ રાજાને આશીર્વાદ આપી કુશળ પૂછ્યા. પછી બંને ભાઈઓને રાજાને દંડવત્ પ્રણામ કરતા જોઈને રાજાના હૃદયમાં હરખ સમાતો ન હતો.

भरत सहानुज कीन्ह प्रनामा
लिये उठाई लाई उर रामा

શ્રી ભરતજી અને નાનાભાઈ શત્રુઘ્ને રામચંદ્રજીને પ્રણામ કર્યા. શ્રી રામચંદ્રજીએ હૃદય સાથે ચાંપી દીધા. લક્ષ્મણજીએ બંને ભાઈઓને જોઈને હર્ષિત થયા અને પ્રેમથી ભેટ્યા. રાજાની સમીપમાં ચારે પુત્રો એવી શોભા પામી રહ્યા છે, જાણે અર્થ - ધર્મ - કામ - મોષે શરીર ધારણ કરેલાં હોય.

प्रथम बरात लगन तें आई
ताते पुर प्रमोदु अधिकाई

જાન લગ્નના દિવસથી અગાઉ આવી ગઈ છે. જનકપુરીમાં અધિક આનંદ છવાઈ ગયો છે. સર્વે લોકો બ્રહ્માનંદ પ્રાપ્ત કરી રહ્યા છે. શ્રી રામચંદ્રજી અને સીતાજી સુંદરતાની સીમા છે. બંને રાજા પુણ્યની સીમા છે. ચારે બાજુ જનકપુરવાસી એકત્ર થઈને નાચગાન કરી રહ્યા છે.

लखनु शत्रुसूदनु अेकरुप
नख सीख ते सब अंग अनूपा

સાલક્ષ્મણ અને શત્રુઘ્ન બંનેનું એક રૂપ છે. બંનેના નખથી શીષ સુધીનાં બધાં જ અંગો અનુપમ છે. તુલસીદાસજી કહે છે કે જનકપુરીની સર્વે સ્ત્રીઓ ખોબો પાથરીને વિધાતાને પ્રાર્થના કરી રહ્યા છે કે ચારે ભાઈઓના વિવાહ આ જ નગરમાં કરાવો.

अति हरषु राज समाज दुहु
दिसी दंदुभी बाजहि वनी

બંને પક્ષના રાજ સમાજમાં અત્યંત હર્ષ છે. ઘણાં જોરથી નગારાં વાગી રહ્યાં છે. દેવતા પ્રસન્ન થઈ અને "રઘુકુળમણિ શ્રીરામનો જય હો" કહીને ફૂલ વર્ષાવી રહ્યા છે. રાણીઓ સૌભાગ્યવતી સ્ત્રીઓને બોલાવીને પોંખવા માટે તૈયારીઓ કરવા લાગી. ■

(વધુ આવતા અંકે...)



સંકલન કર્તા : વિઠ્ઠલદાસ બી. ઉકાણી
આધ્યાત્મિક ગ્રંથોના અભ્યાસુ અને સંકલનકાર
વડોદરા

# દર્શન અને સ્વરૂપ



જે કૃષ્ણનું આપણે અહીં દર્શન કરવું છે એ કૃષ્ણ તો મુખ્યત્વે મહાભારતના છે, હરિવંશના છે, શ્રીમદ્ ભાગવતના છે અને વિષ્ણુપુરાણ તથા બ્રહ્મવૈવર્તપુરાણના તથા અંશતઃ પદ્મપુરાણ કે વાયુપુરાણ જેવા કોઈક પુરાણોના છે. આ દર્શન પણ સંપૂર્ણ છે એમ અવશ્ય કહી શકાય એમ નથી. લખનારની દૃષ્ટિ આંશિક હોય, ક્યાંક રુચિભેદથી પ્રેરાયેલી દૃષ્ટિ પણ હોય. ક્યાંક એ દૃષ્ટિને સાહજિક મર્યાદા પણ હોય.

'શ્રીકૃષ્ણ - ડાર્લિંગ ઑફ હ્યુમેનિટી' નામના એક ગ્રંથમાં એના લેખક શ્રી એ. એસ. પી. અય્યરે એક સરસ વાત ટાંકી છે. એક અતિ બુદ્ધિશાળી વિદ્વાનને કૃષ્ણના અસ્તિત્વ વિશે જ શંકા હતી. એણે એક સંત સમક્ષ પોતાની આ શંકા વ્યક્ત કરી.

'મને લાગે છે કે કૃષ્ણ એ નરી કલ્પનાનું પાત્ર છે. ખરેખર એવું કોઈ થયું જ નથી.' એણે કહ્યું.

'એમ ? તમે પોતે ખરેખર અસ્તિત્વ ધરાવો છો ખરા?' સંતે વળતો પ્રશ્ન ફર્યો.

'અવશ્ય!' પેલાએ વિશ્વાસ-પૂર્વક કહ્યું.

'તમને કેટલાં માણસો ઓળખે છે?'

'ઓછામાં ઓછાં પાંચેક હજાર તો ખરાં જ ! હું પ્રોફેસર છું, વિદ્વાન છું, લેખક છું વગેરે.

'ભલે, ભલે! પણ હવે એ કહો કે કૃષ્ણને કેટલાં માણસો ઓળખે છે?' 'કરોડો, કદાચ અબજો પણ હોય.' પેલાએ માથું ખંજવાળ્યું.

'અને એય કેટલાં વરસથી'

'નાખી દેતાંય આ કથાને ત્રણેક હજાર વરસ તો થયાં જ છે.'

'અને હવે મને એ કહો કે ચાલીસ વરસની તમારી ઉંમરમાં જે પાંચ હજાર માણસો તમને ઓળખે છે એમાંથી કેટલાં માણસો તમને પૂજે છે?' 'પૂજા? પૂજા વળી શાની? મને તો કોઈ પૂજતું નથી.'

'અને કૃષ્ણને ત્રણ હજાર વરસ પછીય કરોડો માણસો હજુ પૂજે છે. હવે તમે જ નિર્ણય કરો, ખરેખર તમે અસ્તિત્વ ધરાવો છો કે પછી કૃષ્ણ?''

યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થઈ ગયા પછી તેઓ ભગવાન શ્રીકૃષ્ણને હાથ જોડીને બોલ્યા – ''ભગવન્ ! આપની જ કૃપા, નીતિ, બળ, બુદ્ધિ અને પરાક્રમથી મને પોતાના બાપ-દાદાઓનું આ રાજ્ય પ્રાપ્ત થયું છે કમળલોચન, હું તમને વારંવાર પ્રણામ કરું છું. પવિત્ર અંતઃકરણવાળા બ્રાહ્મણો આપની અનેક નામો દ્વારા સ્તુતિ કર્યા કરે છે. આ સંપૂર્ણ વિશ્વ આપની જ લીલા છે, આપનાથી જ આની ઉત્પત્તિ થઈ છે અને આપ જ સૌના આત્મા છો; આપને સાદર નમસ્કાર છે. આપ સર્વત્ર વ્યાપક હોવાના કારણે વિષ્ણુ અને વિજયી હોવાથી 'જિષ્ણુ' કહેવાઓ છો. હરે! આપ જ સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ, વિકુંઠધામના અધિપતિ વૈકુંઠ અને ક્ષર-અક્ષર પુરુષથી ઉત્તમ પુરુષોત્તમ છો. આપ પુરાણ પુરુષોત્તમ પરમાત્માએ જ સાત વખત અદિતિના ગર્ભથી અવતાર લીધો છે. આપ જ પૃશ્નિગર્ભના નામે પ્રસિદ્ધ છો. ત્રણે યુગમાં પ્રકટ થવાના કારણે વિદ્વાનો આપને ત્રિયુગ કહે છે. આપની કીર્તિ બહુ પવિત્ર છે, આપ ઇન્દ્રિયોના પ્રેરક અને યજ્ઞસ્વરૂપ છો. આપ હંસ (શુદ્ધ આત્મા) કહેવાઓ છો.

ત્રિનેત્ર ભગવાન શંકર અને આપ એક જ છો. આપ જ વિભુ તથા દામોદર છો. વરાહ, અગ્નિ, બૃહદ્ભાનુ (સૂર્ય), વૃષભ

# ધર્મ સૃષ્ટિ

(ધર્મ), ગરુડધ્વજ, અનીકસાહ (શત્રુસેનાનો વેગ સહેનારા), પુરુષ (અંતર્યામી), શિપિવિષ્ટ, યજ્ઞમૂર્તિ અને ઉરુક્રમ (વામન) આદિ આપનાં જ નામ છે. આપ સર્વથી શ્રેષ્ઠ અને ઉગ્રસેનપતિ છો. સત્યસ્વરૂપ, અન્નદાતા તથા સ્વામિ કાર્તિકેય પણ છો. આપ સ્વયં રણભૂમિથી કદી વિચલિત ન થઈને શત્રુઓને પાછા હઠાવી દેનારા છો. વૈદિક સંસ્કારયુક્ત દ્વિજ અને સંસ્કારશૂન્ય દ્વિજેતર મનુષ્યો પણ આપના જ સ્વરૂપ છે. આપ જ કામનાઓના પ્રેરક વૃષભ (ધર્મ) છો. કૃષ્ણધર્મ (યજ્ઞસ્વરૂપ), વૃષદર્ભ (ઇન્દ્રનો માનભંગ કરનારા) અને વૃષાકપિ (હરિ-હર) પણ આપ જ છો. આપ જ સિંધુ (સમુદ્ર), નિર્ગુણ પરમાત્મા તથા સૂર્ય, ચંદ્ર અને અગ્નિરૂપ ત્રિવિધ તેજ છો. ઉપર, નીચે, અને મધ્ય – આ ત્રણે દિશાઓ પણ આપ જ છો. આપે આપના વૈકુંઠધામથી આવીને આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યો છે. આપ સમ્રાટ, વિરત, સ્વરત અને દેવરાજ ઇન્દ્ર છો. આ સંસાર આપનાથી જ ઉદ્ભવ્યો છે. આપ સર્વવ્યાપક, નિત્ય સત્તારૂપ અને નિરાકાર પરમાત્મા છો.

આપ જ કૃષ્ણ (બધાને પોતાની તરફ ખેંચનારા) અને કૃષ્ણવર્ત્મા (અગ્નિ) છો. આપને જ લોકો અભીષ્ટ સાધક, અશ્વિનીકુમારના પિતા, કપિલ મુનિ, વામન, યજ્ઞ, ધ્રુવ, ગરુડ તથા યજ્ઞસેન કહે છે આપ મોરપીંછ ધારણ કરનારા અને પ્રાણીઓને માયા દ્વારા બાંધનારા છો. આપ જ સંપૂર્ણ આકાશને વ્યાપ્ત કરનારા મહેશ્વર અને પુનર્વસુ નક્ષત્ર છો. સુબ્રભુ (અત્યંત પિંગળવર્ણ), રુકમયજ્ઞ, સુષેણ, દુંદુભિ ગભસ્તિનેમિ (કાળચક્ર), શ્રીપદ્મ, પુષ્કર, પુષ્પધારી, ઋભુ, વિભુ, અત્યંત સૂક્ષ્મ અને સદાચારી- આ નામોથી આપનું જ કીર્તન કરવામાં આવે છે. આપ જ જળનિધિ (સમુદ્ર), બ્રહ્મા, પવિત્રધામ તથા ધામના જ્ઞાતા છો. કેશવ! વિદ્વાનો આપને જ હિરણ્યગર્ભ તથા સ્વધા, સ્વાહા વગેરે નામોથી પોકારે છે. કૃષ્ણ! આપ જ આ જગતના આદિકારણ છો. આપ જ આ જગતના રચનાકાર છો અને આપનામાં જ આ જગત લીન થયું છે. વિશ્વયોને! આ સંપૂર્ણ જગત આપને જ આધીન છે.

શંખ, ચક્ર અને ગદા ધારણ કરનારા પરમાત્મન્! આપને મારા પ્રણામ છે!"

કૃષ્ણ એટલે વૃન્દાવનની ગલીઓમાં ધૂમ મચાવતો માખણચોર, યશોદાનંદન, ગોપીનંદન, વાંસળીવાદક અને નંદદુલારો ગોપાલકૃષ્ણ!

દેવો સ્તુતિ કરતી વખતે કૃષ્ણને સત્યવ્રત, સત્યનો સંકલ્પ કરનાર કહે છે : સત્ય પરં – એટલે કે પરમ સત્ય તરીકે જુએ છે.

કૃષ્ણ હંમેશાં કોઈ પણ વાતાવરણમાં સુસંગત લાગે, કારણ કે કૃષ્ણને કોઈ છોછ નથી, કોઈ વાંધાવચકા નથી. કોઈ આભડછેટ નથી. કોઈ નિષેધ નથી. એ ક્યાંય કુંઠિત નથી. કૃષ્ણ બહુમુખી વ્યક્તિત્વ છે.

કૃષ્ણ પૂર્ણ પુરુષ છે. જન્મથી જ સિદ્ધ પુરુષ છે. કોઈ વૃક્ષની નીચે બેસીને ધ્યાન ધરતા નથી, પણ વાંસળી વગાડે છે, નૃત્ય કરે છે. આ એનું આનંદ સ્વરૂપ છે.

કૃષ્ણનાં ત્રણ વ્યાપક સ્વરૂપ છે : આગપુરુષ, રાગપુરુષ અને ત્યાગપુરુષ.

વાસ્તવમાં સમગ્ર પૃથ્વી કૃષ્ણની લીલાભૂમિ છે અને કૃષ્ણ લીલા પુરુષોત્તમ છે.

કૃષ્ણનો સાદ એટલે માંહ્યલાનો સાદ.

યોગેશ્વર કૃષ્ણ, રાજેશ્વર કૃષ્ણ અને રસેશ્વર કૃષ્ણ ખરેખર સર્વતોમુખી પ્રતિભાના સ્વામી છે. તેઓ સમગ્ર વિશ્વના મેનેજમેન્ટ ગુરુ છે.

સ્વાધ્યાય, તપ અને ઋજુતા, કૃષ્ણનાં ગમતા માનવ સંલક્ષણો ગણાય.

મૂળે યોગેશ્વર અને રસેશ્વર એવા કૃષ્ણનું મૌલિક સ્વરૂપ તે ગોપીકૃષ્ણ, ગોપાળકૃષ્ણ, ગોવર્ધનધારી, ગિરધારી, માખણચોર, મટકી ફોડનાર અને વળી અર્જુનનો રથ હાંકનાર કૃષ્ણ?

કૃષ્ણના સમાજ દર્શનમાં ધર્મ અગ્રતાક્રમે પ્રથમ આવે છે. ક્ષણપુરુષ કૃષ્ણ રમણીય છે, યુગપુરુષ કૃષ્ણ રમણીય છે.

ભારતનો કોઈ વૈભવ હશે તો તે મહાભારત અને મહાભારતનો કોઈ વૈભવ હશે તો તે શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણ એ તો ધર્મસંસ્થાપક, ધર્મનિધિ છે. શ્રીકૃષ્ણ સત્યવાન છે. એમનો સર્વા-ધિક પ્રિય સખા અર્જુન સત્યકર્મા છે.

કૃષ્ણનો સહુ પ્રથમ ઉલ્લેખ છાન્દોગ્ય ઉપનિષદમાં આવે છે.

મહાભારતમાં શ્રીકૃષ્ણને પરિપક્વ નેતા, પરિપૂર્ણ કર્મયોગી અને આપ્તકામ પૂર્ણ પુરુષનું જીવન તરીકે વર્ણવાયેલું છે.

કંસ વધમાં શ્રીકૃષ્ણની "એક મુક્તિ દાતા, ધર્મસંસ્થાપક, ધર્મ સંવર્ધક, દુષ્ટદમન, મુત્સદ્દી, ઉદાર અને મેધાવી કિશોરનાં પરાક્રમોની પ્રભાની આછી ઝાંખી થાય છે.

■ ■ ■

ધર્મ સૃષ્ટિ



**બી. એન. દસ્તૂર**
પ્રસિદ્ધ લેખક, મેનેજમેન્ટ તથા મારર્કેટીંગ કન્સલ્ટન્ટ અને ટ્રેનર તથા અમેરિકાની એરિઝોના યુનિ.ના એવોર્ડ વિનર

# "દેવં ચૈત્રમ પંચમમ્ ।" અહીં નસીબ પાંચમાં સ્થાને છે.

આજની યુવતીને, આજના યુવાનને જિંદગીના હાઈ-વે ઉપર ઝડપથી આગળ વધવામાં ખૂબ રસ છે.

લક્ષ્યાંક તરફ ઝડપથી આગળ વધવા માટે શું કરવું, શું ન કરવું તે કહેતી, સમજાવતી એક રાક્ષસી ઇન્ડસ્ટ્રી દુનિયાભરમાં છે.

જિંદગીના હાઈ-વે ઉપર પાર વિનાનાં ગાબડાંઓ અને ડાઈવર્ઝનો છે. દિશાઓ બતાવતાં પાટિયાંઓ પરિવર્તનોનાં વાવાઝોડાંઓની બદૌલત ઊખડી ગયાં છે, ફરી ગયાં છે. સાત સમુંદર પારથી આવેલા પ્રતિસ્પર્ધીઓ આ હાઈ- વે ઉપર એસૉલ્ટ રાઈફલો સાથે ઘૂમે છે અને એમનો રસ્તો રોકનારને ઉડાડી દેવા તત્પર, તૈયાર અને સક્ષમ છે.

આ માહોલમાં, મારા જેવા લખી-બોલીને પેટિયું રળતા કહેવાતા અને સાચા નિષ્ણાતો સફળતા માટે શું કરવું એની ચર્ચા કરતા રહે એમાં કોઈ નવાઈ નથી.

આવી ચર્ચાનો મસાલો મોટા ભાગે પશ્ચિમના દેશોમાંથી આયાત કરવામાં આવે છે. ડાઈનિંગ ટેબલ ઉપર નેપોલિઅન હિલ, વેન ડાયર, ડેનિઅલ ગોલમૅન, બિલ ગેટ્સ, રિકાર્ડો સેમ્બર, સ્ટીફન કોવે જેવા નિષ્ણાતોની કિતાબો ખોલો, જે. આર. ડી., નારાયણ મૂર્તિ, અબ્દુલ કલામ, વર્ગીઝ કુરિઅન જેવા સફળ ઈન્સાનોની જીવન કથાઓનાં પુસ્તકો ખોલી અને ચીતરી મારો એક કિતાબ "સફળતા" ઉપર દામ અને નામ કમાશો, જરૂર છે ફક્ત સંપાદન કરવાની આવડતની, પોતાને ચિંતકો કહેવડાવતા ગુજરાતના લેખકોની રચનાઓ પણ એડિટિંગની કમાલ જ છે, ભાષા ઉપરના પ્રભુત્વનો પુરાવો છે.

આવા માહોલમાં ઘણાં ઘરોમાં ક્યાંક રાખેલી, પડી રહેલી ગીતામાં જે કમાલની સફળતાની ફૉર્મ્યુલા છે તે ખોવાયેલી રહે છે.

આ ફૉર્મ્યુલા છે ૧૮મા અધ્યાયના ૧૪ નંબરના શ્લોકમાં.

તમારા ઘરમાં જે ગીતા છે તેમાં આ અફલાતૂન શ્લોક ઉપર આધ્યાત્મિક રંગ ચઢાવ્યો હશે. આપણે એ શ્લોકનો અર્થ શબ્દકોશની મદદથી કરીએ અને એક અદ્ભુત ફૉર્મ્યુલા શીખી લઈએ.

શ્લોક છે :

અધિષ્ઠાન તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।
વિવિધાશ્ચ પૃથક્ચેષ્ટા દેવં ચૈવાત્ર પંચમમ્ ॥
(૧૮-૧૪)

આ વિષયમાં વાતાવરણ સ્થાન, કર્તા, અલગઅલગ સાધનો, વિવિધ પ્રકારની જુદીજુદી પ્રક્રિયાઓ (પ્રોસેસ) અને એ રીતે પાંચમો ઘટક દૈવ કહેવાય છે.

**અધિષ્ઠાન - વાતાવરણ, સ્થળ**

સૌથી પ્રથમ નંબરે છે અધિષ્ઠાન.

અધ્યાત્મિક અર્થ કરવામાં આવ્યો છે આત્મા, શરીર.

શબ્દકોશનો અર્થ છે વાતાવરણ અને સ્થળ.

કોઈ પણ કાર્યનો વિચાર કરો.

યોગ્ય વાતાવરણ જોઈશે.

યોગ્ય સ્થળ જોઈશે.

ભીખ માગવા માટે પણ યોગ્ય વાતાવરણ જોઈશે, સ્થળ જોઈશે.

અમેરિકામાં શરાબના બારની બહાર લુખ્ખાઓ બેસવાનું પસંદ કરે છે. બારમાંથી બહાર આવતા ઈન્સાનો, શરાબની અસરમાં બેપાંચ ડૉલર આપી બેસે છે. ફૂટપાથ ઉપર ઊભેલા લુખ્ખા ખોટા સ્થળે છે.

તમારે તમારી કારકિર્દીની તરક્કી કરવી હોય તો એવા વાતાવરણમાં અને એવા સ્થળે કામ કરવું જોઈએ જ્યાં તમારી આવડતનો, તમારા અનુભવનો, પ્રતિભા અને જ્ઞાનનો મહત્તમ ઉપયોગ કરવાની તમને તક મળે.

અમુક કાર્યોમાં સ્થળનું મહત્ત્વ વધારે છે.

ઉત્તમ રસોઈ સારા રસોડામાં બહેતર બને.

જમશેદજી તાતાએ પોલાદનાં એમનાં કારખાનાં માટે એવું સ્થળ શોધ્યું જ્યાં લોખંડ અને કોલસો સહેલાઈથી મળે.

મીઠું બનાવવાનું કારખાનું નાગપુરમાં નહીં જામે, મીઠાપુરમાં જામે.

હોટલ ઉદ્યોગમાં ત્રણ સૌથી અગત્યની બાબતો છે સ્થળ - સ્થળ - સ્થળ. લોકેશન (location) પાધરું ન હોય તો હોટલ પાંસરું નહીં ચાલે.

અમેરિકાના વાતાવરણમાં કામ કરતો એન્જિનિઅર આપણા દેશમાં એનો પૂરો કરિશ્મા બતાવી શકે નહીં. અમેરિકામાં સૌથી મોટા સી.આઈ.ઓ.ને હુલામણા નામે, આગળ-પાછળ કાંઈ પણ ડેકોરેશન વિના બોલાવવાનો રિવાજ છે. રૉબર્ટને બૉબ, થૉમસને ટૉમ, વિલિઅમને બિલ કહેવાય,

# ધર્મ સૃષ્ટિ

પછી ભલે અમેરિકાનો પ્રમુખ હોય કે દુનિયાનો સૌથી તવંગર ઇન્ફર્મેશન ટેક્નૉલોજીનો શહેનશાહ હોય - બિલ ગેટ્સ.

આપણે ત્યાં સૌથી વધારે વપરાતો શબ્દ "સર" ઑફિસોમાં સાંભળવા પણ ન મળે.

સફળતાનું પ્રથમ કદમ છે અધિષ્ઠાન - યોગ્ય વાતાવરણ, યોગ્ય સ્થળ.

**કર્તા:**

"દીકરા, સોજ્જામાં સોજી હૉસ્પિટલ હોય, અફલાતૂન દાક્તર હોય, ચકાચક નર્સ હોય, પન છેલ્લે તો જનનારીમાં જોર જોઈએ."

પારસીઓની આ વાત અને એમની કહેવત "જનનારીમાં જોર જોઈએ'' સાચા અર્થમાં થોરામાં ઘનું' કહી જાય છે.

**જે કાર્ય કરવાનું છે તે માટે જરૂરી આવડત છે ? જ્ઞાન છે ? પ્રતિભા છે ? અનુભવ છે ? આત્મવિશ્વાસ છે ?**

સાઈકૉલોજિમાં એક શબ્દપ્રયોગ છે "સેલ્ફ-એફિકસિ (sel efficacy)." આ એવી લાગણી છે કે "જે કામ કરવાનું છે તે કરવા માટે મારી પાસે પૂરતી આવડત છે, જ્ઞાન, પ્રતિભા અને અનુભવ છે."

આવડત, જ્ઞાન, પ્રતિભા, અનુભવ વિના સફળતા શક્ય નથી.

"હમ હોંગે કામિયાબ'" અને યા હોમ કરીને પડો ફતેહ છે આગે' ગાવાથી સફળતા મળતી નથી. જે બધું જરૂરી છે તે મેળવવું પડે, તાલીમ લેવી પડે, જાણકારોની મદદ લેવી પડે, પ્રતિભા નિખારવી પડે.

કર્તામાં દમ ન હોય તો ખાંડવી બનાવતાં ખમણ બની જાય અને વાતનાં વતેસર થાય.

કર્તામાં, તમારામાં કેટલો દમ છે તે જાણવા સ્વૉટ (SWOT) ઍનલિસસ કરવાના શિરસ્તાની તમને ખબર હશે.

અંગ્રેજી ભાષાના સ્ટ્રૅન્ન્થ્સ (strengths), વીકનેસિસ (weaknesses), અપોર્ટ્યુનિટિઝ (opportonities) અને થ્રેટ્ર (threats) શબ્દોના પ્રથમ અક્ષરોથી સ્વૉટ શબ્દ બન્યો છે.

તમારી તાકાતો તપાસો, નબળાઈઓ શોધો, તકો ઓળખો, ધમકીઓનો વિચાર કરો.

અને

તાકાત વધારો, નબળાઈઓ ઘટાડો, તકો ઝડપો અને ધમકીઓને પહોંચી વળો.

ગીતામાં વારંવાર એવી સલાહ આપવામાં આવે છે કે તમારી પ્રકૃતિ મુજબનું, તમારી પ્રતિભા મુજબનું, તમારી તાકાત મુજબનું કાર્ય કરો. સાચું પૂછો તો તમે તમારી પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણોથી જ પરવશ થઈને કામ કરો છો.

**કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજેર્ગુણે। (૩-૫)**

સૌ કોઈ પોતાની પ્રકૃતિથી પરવશ થઈને કર્મ કરે છે.

**"કર્તા" જે કર્મ કરે છે તેનાં પ્રેરક છે નંગ ત્રણ:**

- જ્ઞાની, જ્ઞાન, જ્ઞાનથી મેળવેલી વસ્તુઓ.

**અને કર્મ બને છે:**

- કર્તા, ક્રિયા, સાધનોથી.

**જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના।**
**કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ ॥**
(૧૮-૧૮)

જ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનથી મેળવેલી વસ્તુઓ એ ત્રણ કર્મના પ્રેરક છે. કર્મ કરનાર, સાધનો અને ક્રિયા એ ત્રણ કર્મના સંગ્રહ છે.

તમારો અને મારો અનુભવ છે કે આપણું શરીર આપણા જ્ઞાન, આપણી આવડત, પ્રતિજ્ઞા વગેરે સાથે ઘણી વાર કદમ મિલાવી શકતું નથી. જ્ઞાન, આવડત, અનુભવ, પ્રતિભાની બાવજુદ આપણી ઈન્દ્રિયો આપણને સાથ આપતી નથી.

કર્તાની, કર્મ કરનારની, તમારી આ નબળાઈની નોંધ શ્રીકૃષ્ણે બખૂબી લીધી છે.

**યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।**
**ઈન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ॥**
(૨-૬૦)

હે અર્જુન, પ્રયત્ન કરતા બુદ્ધિમાન પુરુષને પણ આ નાશકારી સ્વભાવવાળી ઈન્દ્રિયો બળાત્કારે હરી લે છે

શારીરિક અને માનસિક તંદુરસ્તી બરકરાર રાખી તમારે તમારી આવડતો, પ્રતિભા દ્વારા તમારું જ્ઞાન વધારતા રહી પ્રગતિ કરવાની છે.

તમારામાં જરૂરી જ્ઞાન, આવડત, પ્રતિભા, અનુભવ અને આત્મવિશ્વાસ હોય તો પણ યોગ્ય સાધનો વિના સફળતા મેળવવી અશક્ય છે. એવરેસ્ટ ચઢવા માટે તેને અનુરૂપ સાધનો જોઈએ. ઉદ્યોગ સ્થાપવા માટે તેને અનુરૂપ મશીનરી જોઈએ. એટલે જ શ્રીકૃષ્ણ ભગવાને ગીતા આ શ્લોકમાં કહ્યું છે - "કરણં ચ પૃથગ્વિધમ્" એટલે કે જેવું કાર્ય તેવા સાધનો. એકલી તીવ્ર ઈચ્છાથી કંઈ ઉપજે નહીં.

■ ■ ■

# ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)

: હેડ ઓફિસ :

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

## પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૩) ઓડિટેડ (ઓડિટ વર્ગ ' અ ')

(રકમ રૂા. કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | : ₹ ૩૭૫.૦૬ | કામકાજનું ભંડોળ | : ₹ ૯૬૭૩.૯૨ |
| રીઝર્વ ફંડ | : ₹ ૮૭૫.૪૯ | ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૩) | : ₹ ૨૭૧.૨૨ |
| ધિરાણ | : ₹ ૫૫૭૯.૧૧ | નફો (૩૧-૦૩-૨૦૨૩) | : ₹ ૧૧૭.૨૦ |
| ડિપોઝીટ | : ₹ ૮૦૭૮.૬૫ | ડીવીડન્ડ (સાધારણ સભાની* મંજુરીની અપેક્ષાએ) | : ૧૫%* |



58 શાખાઓ

## થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦૨૩ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ૦૭ થી ૨૯ દિવસ સુધી | : ૩.૭૫% | ૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી | : ૭.૨૫% |
| ૩૦ થી ૯૦ દિવસ સુધી | : ૪.૨૫% | ૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી | : ૭.૭૫% |
| ૯૧ થી ૧૮૦ દિવસ સુધી | : ૫.૦૦% | ૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી | : ૬.૦૦% | ૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૨ માસ સુધી | : ૬.૭૫% | સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ | : ૩.૭૫% |

સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર

1,10,527 સભાસદો

## અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(3) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

| | | | |
|---|---|---|---|
| શ્રી કે. કે. પટેલ<br>ચેરમેન | શ્રી જી. કે. પટેલ<br>વાઈસ ચેરમેન | શ્રી વિનોદભાઈ એમ. પટેલ<br>ચીફ એક્ઝીક્યુટીવ | શ્રી ચંદુભાઈ આઈ. પટેલ<br>સ્થાપક ચેરમેન |

## બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ

ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને. ડીરેક્ટર)
નરોત્તમભાઈ એસ. પટેલ
ઘનશ્યામ કે. પટેલ
લક્ષ્મણભાઈ એસ. વણકર

ડો. અનિલભાઈ ડી. પટેલ
જીતેન્દ્રભાઈ પી. પટેલ
અમૃતલાલ જી. પટેલ
સોમાભાઈ બી. પટેલ (પ્રો. ડીરેક્ટર)
અલ્કેશભાઈ બી. પટેલ (પ્રો. ડીરેક્ટર)

ભાઈલાલભાઈ એમ. પટેલ
વિનોદભાઈ બી. પટેલ
ઉપેન્દ્રભાઈ કે. પટેલ
શ્રી અશોકકુમાર (એડીશનલ ડાયરેક્ટર)

કાનજીભાઈ એસ. પટેલ
કોકિલાબેન એન. પટેલ
દિપીકાબેન આર. પટેલ
તથા સમગ્ર અર્બન બેન્ક પરિવાર



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા
'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# ધ્યેય વિમુખ એટલે જીવન વિમુખ

આધુનિક યુગનો એક મહાશાપ છે અને તે અતિ વ્યસ્ત, અત્યંત 'બિઝી' હોવાનો ખ્યાલ. ઘરના નોકરને પૂછશો તો એ કહેશે કે કામ એટલું બધું રહે છે કે એમાંથી એક મિનિટે નવરા જ પડાતું નથી. કોઈ ગૃહિણીને પૂછશો તો એ કહેશે કે અમારું જીવન એટલે આકરું વૈતરું. કોઈ વિદ્યાર્થીને પૂછશો તો એ કહેશે કે ભણવામાંથી માથું ઊંચું થાય, તો રમવા જવાનો વિચાર કરું ને ! કંપનીના સેક્રેટરીને પૂછશો તો એ કહેશે કે આજકાલ તો એટલું બધું કામ રહે છે કે મરવાનીય ફુરસદ નથી. અરે ! આજના જમાનામાં કોઈ સંતને પૂછશો તો એ પણ કહેશે કે તેઓ એટલા બધા 'બિઝી' છે કે તમને 'ઈઝીલી' મળી શકશે નહીં. રાજનેતાની સાચી-ખોટી વ્યસ્તતાની તો વાત જ ન પૂછશો !

આ જગતમાં ચોતરફ 'બિઝી' હોવાનો રોગચાળો ફેલાયો છે અને આ રોગના કીટાણુઓ એવા છે કે એક વાર તમને એ લાગુ પડે, પછી એમાંથી તમે મુક્ત થઈ શકતા નથી. અત્યંત વ્યસ્ત જીવન જીવનારી વ્યક્તિને તમે એમ કહો કે ચાર દિવસ તારે કશું કરવાનું નથી, તો શું થશે? પહેલો દિવસ તો એનો અતિ ઉત્સાહભર્યો જશે અને 'નિરાંત' હોવાનો આનંદ માણશે. બીજે દિવસે ફરી કામ યાદ આવવા લાગશે. થોડા સમયમાં 'નિરાંત'થી અકળાઈ જશે. તમે એને દરિયાકિનારે લઈ જાવ કે કોઈ ફાઈવ-સ્ટાર હોટલમાં રાખો, પરંતુ એને કામ વિના ચેન નહીં પડે. એની જીવનશૈલી એટલી બધી વ્યસ્ત બની ગઈ હોય છે કે એને આ વ્યસ્તતામાંથી થોડો સમય બહાર રહેવું જરૂર ગમે, પરંતુ એ લાંબો વખત બહાર રહી શકતો નથી. આવી વ્યક્તિને તમે એમ કહો કે જરા થોડો સમય પલાંઠી વાળીને બેસી રહો, વિશ્વની પ્રશિષ્ટ સાહિત્યકૃતિઓનું વાંચન કરો, દરિયાકિનારે નિરાતે વેકેશન ગાળો. એ બે-ત્રણ દિવસ આમ કરશે, પણ પછી આ રિલેક્સેશન'થી પણ કંટાળશે !

શૅરબજારના મોટા વેપારી અથવા તો 'ખેલાડી' મહાસુખરાયની વહેલી સવાર શેરબજારની ચિંતાથી શરૂ થાય અને રાત એની વધઘટ સાથે પૂરી થાય, લૅપટૉપ આગળથી એ એક મિનિટ આઘા ખસે નહી, 'આટલા મળ્યા' અને 'આટલા ગયા' એ એમના જીવનનાં સૂત્રવાક્યો થયાં છે. મિત્રોના આગ્રહથી મહાસુખરાય માથેરાન ગયા. એટલા બધા થાકીને માથેરાન ગયા હતા કે નક્કી કર્યું હતું કે આ અઠવાડિયું એક ભાવ પણ જાણવો નથી. એકાદ દિવસ તો આ વચનનું યથાર્થ પાલન થયું, પણ બીજા દિવસથી ભાવ જાણવા માટે ફોન કર્યો અને ફરી એ જ ચક્રમાં મન ગૂંથાઈ ગયું ત્રીજે દિવસે માથેરાનમાં જાણે મહાસુખરાયની ઑફિસ શરૂ થઈ ગઈ અને એ જ રફતાર ચાલવા લાગી.

એક બાજુ મનને નિરાંત નથી અને બીજી બાજુ માણસ નિરાંતની શોધમાં નીકળ્યો છે. કોઈ ગુરુ કે માર્ગદર્શકની પાસે આવતા મોટા ભાગનો લોકો એક જ વાત કરતા હોય છે કે, "મનની શાંતિ થાય એવું કશુંક આપો." તેઓ આશા રાખતા હોય છે કે એ માર્ગદર્શક કોઈ એવા સિદ્ધાંતની ચાવી આપશે કે એને પરિણામે ભલે જીવન આટલું વ્યસ્ત રહે, પણ એકાએક શાંતિનું તાળું ખુલી જશે. એ મંદિરમાં જઈને પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે કે 'પ્રભુ, મારે બીજું કશું જોઈતું નથી, બસ, માત્ર આ અશાંત, અવ્યવસ્થિત અને અતિ ચંચળ એવા જીવનમાં મને શાંતિ પ્રાપ્ત થાય, તેવી કૃપા વરસાવો.' એ કોઈ એવા શાસ્ત્ર કે ધર્મગ્રંથ પાસે જશે અને એવા સૂત્રની શોધ કરવા ઈચ્છશે જેનાથી મનની શાંતિ પ્રાપ્ત થઈ જાય.

કરુણતા તો એ છે કે એ પોતાની જીવનશૈલી બદલવા માગતો નથી. કામની પદ્ધતિમાં લેશમાત્ર પરિવર્તન કરવા તૈયાર નથી. પરંતુ ઈશ્વર, ગ્રંથ કે સદ્‌ગુરુ પાસેથી કોઈ એવી ચમત્કારિક જડીબુટ્ટી ને આશીર્વાદ મેળવવા માગે છે કે જેનાથી એના મનમાં શાંતિ સ્થપાય. જીવનમાં તો અશાંતિ સર્જતાં બનાવો તો બનતા હોય છે, પણ એ માને છે કે જેમ એક ટૅબ્લેટ લઈને તાવ ઉતારી નખાય છે એ રીતે ઈશ્વરના આશીર્વાદ કે ધર્મગ્રંથનાં સૂત્રો દ્વારા એના અતિ અશાંત મનને 'ઈન્સ્ટન્ટ' શાંત કરી દેવાશે. મનમાં તો તોફાની સાગરનાં મોજાં ઘૂઘવી રહ્યાં છે, પરંતુ ત્યાં એવું પરિવર્તન આવશે કે સરોવરનાં જળ શીતળ અને શાંત થઈ જશે.

હકીકત એ છે કે મનની અશાંતિ જેણે ઊભી કરી છે, એ જ વ્યક્તિ પોતાના મનને શાંત કરી શકે છે. જેણે સમસ્યાનું સર્જન કર્યું છે, એ જ સમાધાન આપી શકે છે. આપણે એવું માનીએ છીએ કે સમસ્યા હું સર્જું અને

# શિક્ષણ સૃષ્ટિ

એનો ઉકેલ ગુરુ આપે. વળી એ ઉકેલ પણ આપણી જીવનપ્રવૃત્તિમાં કશાય ફેરફાર વિના ઇચ્છીએ છીએ. મૂળ તો એ વાત જ ખોટી છે કે તમારા મનની શાંતિ તમે બહારથી મેળવી શકો છો. તમારા ભીતરમાં જ એ શાંતિ પામવાની ક્ષમતા છે. જેમ તમે પોતે આ સવાલના સર્જક છો, તેમ તમે જ એના ઉત્તરદાતા છો. સમસ્યા તમારા મનમાં જાગી હોય અને એનું સમાધાન કોઈ કૃપા કે સૂત્રમાં હોય એવું નથી. જે દર્દ સર્જે છે, એ જ દવા આપી શકે છે. આપણે એમ માનીએ છીએ કે દર્દ સર્જનાર આપણે છીએ અને આપણા દર્દની દવા બીજા કોઈ પાસે છે.

મનની દોડ સાથે જીવતા વ્યસ્ત માનવીઓ એમ માનતા હોય છે કે વ્યસ્તતા જ જીવનની પરિપૂર્ણતા છે. અતિ પ્રવૃત્તિને જીવનની પૂર્ણતા માને છે. હકીકતમાં તેઓ વચ્ચેની એક મહત્ત્વની કડી ભૂલી જાય છે અને તે છે જીવન જીવવા માટેનું ધ્યેય કે કારણ.

તેમની આ પ્રવૃત્તિ એમના જીવનધ્યેયને પોષક છે કે નાશક, એનો એ વિચાર કરતા નથી. તેઓ તો રોજ સવાર પડે અને કાર્યો શરૂ કરે છે અને અતિ વ્યસ્તતામાં દિવસ પૂરો કરે છે. આવી વ્યક્તિઓ પાસે કોઈ ધ્યેય હોતું નથી. એમણે જીવનસાર્થક્ય માટે ધ્યેયનું ગહન ચિંતન અને તેની ઉપાસના કરવી જોઈએ. ખાસ તો એ કે આ ધ્યેય એમને જીવનની પરિપૂર્ણતા તરફ ગતિ કરાવશે ખરું ? જો એક વાર જીવનમાં નિશ્ચિત ધ્યેય આવી જશે તો તેઓ એમની નિરંકુશ પ્રવૃત્તિઓ વિશે વિચારતા થશે.

જીવનમાં ઉંમર પ્રમાણે પણ ધ્યેયો બદલાતાં હોય છે. વિદ્યાર્થી અવસ્થામાં કોઈ ઉચ્ચ ડિગ્રી મેળવવાનું ધ્યેય હોય તે સ્વાભાવિક છે. વ્યવસાયમાં સર્વોચ્ચ સિદ્ધિ હાંસલ કરવાનું ધ્યેય હોય તે સમજી શકાય તેવું છે. અમુક ઉંમરે ધર્મ-ધ્યાન કરીને કલ્યાણ સાધવાનું ધ્યેય પણ જોવા મળે છે. સ્વામી વિવેકાનંદે સદૈવ 'ધ્યેય' પર ભાર મૂક્યો છે. કેટલાંક ટૂંકા ગાળાનાં ધ્યેયો હોય છે અને કેટલાંક લાંબા ગાળાનાં. આપણું પ્રત્યેક કાર્ય એ આપણા ધ્યેયને અનુરૂપ છે કે નહીં તે વિચારવું જોઈએ.

શ્રીમદ્ રાજચંદ્રનું જીવન જોઈએ તો સમજાય છે કે એમનું જીવન-લક્ષ્ય મોક્ષ પ્રતિ હતું, તેથી મોક્ષ સિવાયની અન્ય બાબતોમાં એમને કોઈ રસ નહોતો. એમણે જોયું કે શતાવધાનની ચમત્કારિક સિદ્ધિ કે પછી જ્યોતિષવિદ્યાની ક્ષમતા મોક્ષસિદ્ધિમાં ઉપકારક નથી, તો એમણે જગતને આશ્ચર્ય પમાડનારી એ સિદ્ધિઓ પ્રદર્શિત કરવાનું તત્કાળ બંધ કરી દીધું. આવી હોવી જોઈએ ધ્યેય પ્રત્યેની જાગરૂકતા.

પ્રવૃત્તિ વખતે તમારી સામે એક ધ્યેય હોવું જોઈએ. માત્ર અતિ પ્રવૃત્તિશીલ રહીને કશાય હેતુ વિના સતત કામ કરે જાઓ તેનો કશો અર્થ નથી. તમારું હૈયું લીલુંછમ રાખીને ધ્યેય પર નજર ઠેરવવી જોઈએ. એને માટે સઘળી તૈયારી હોવી જોઈએ. બહાર ભટકતા મનને જો ધ્યેય સાથે બાંધી દેવામાં આવે, તો મનની દુનિયામાં પરિવર્તન આવી જાય છે. દોડધામ કરતા મનને સવાલ કરવામાં આવે કે, 'તારી આટલી બધી દોડધામમાં કેટલી દોડધામ તારા ધ્યેયની પ્રાપ્તિ માટે યોગ્ય છે અને કેટલી દોડધામ સાવ વ્યર્થ છે?'

વ્યર્થ કે બિનજરૂરી દોડધામનું પણ એક આકર્ષણ હોય છે અને વ્યક્તિ કોઈ ક્લબનો સભ્ય બન્યા પછી રુઆબ પાડવા માટે ત્યાં વારંવાર જવાનું શરૂ કરે છે અને સમય જતાં એની પ્રવૃત્તિઓમાં એ બિનજરૂરી પ્રવૃત્તિ એવો પગપેસારો કરે છે કે એનું જીવનધ્યેય બાજુએ હઠી જાય છે અને આ બિનજરૂરી પ્રવૃત્તિ એના જીવન પર સવાર થઈ જાય છે.

મારે તમને એ કહેવું છે કે તમે તમારી એક અઠવાડિયાની પ્રવૃત્તિની નોંધ કરો અને પછી તમારા ધ્યેયને લક્ષમાં રાખીને ગત અઠવાડિયાની પ્રવૃત્તિનું વિશ્લેષણ કરો. વિચારો કે કઈ પ્રવૃત્તિ તમારા જીવનના ધ્યેયને અને જીવનની પરિપૂર્ણતાને ઉપકારક છે, કઈ પ્રવૃત્તિ વ્યવસાયને માટે આવશ્યક છે અને કઈ પ્રવૃત્તિ એવી છે કે જેનો વ્યવસાય કે જીવનધ્યેય સાથે કશો સબંધ નથી. તમારા જીવનમાંથી તમે એની બાદબાકી કરી શકો તેમ છો, પરંતુ ઝીણવટભેર જોશો તો ખ્યાલ આવશે કે આપણે મોટેભાગે ધ્યેયલક્ષી કે વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓની બાદબાકી કરીએ છીએ અને વ્યર્થ કે જીવનધ્યેયથી વિપરીત એવી પ્રવૃત્તિઓના સરવાળા કરીએ છીએ.

અહીં માનવી એની પાસેની સૌથી અમૂલ્ય મૂડી સમાન સમયને સાવ તુચ્છ હોય તેમ વ્યર્થ વેડફી નાખે છે. એની પાસે એના જીવનનું ધ્યેય હોય છે, પરંતુ એના જીવનમાં બને છે એવું કે ધ્યેય સિવાયની બીજી જ બાબતોમાં એનો સઘળો સમય વ્યતીત થઈ જાય છે. ચિત્રકલામાં પોતાની રુચિ અને આવડત જોઈને શર્મિષ્ઠાને થયું કે એને ચિત્રકાર બનવું છે. એણે ચિત્રકલાના વર્ગો ભર્યા. થોડાં ચિત્રો બનાવ્યાં, પરંતુ એ પછી એના જીવનમાં વ્યાવહારિક પ્રવૃત્તિઓ એટલી બધી વધી ગઈ કે એણે સર્જેલાં ચિત્રો ભૂતકાલીન કલાના અવશેષો બની રહ્યાં.

■ ■ ■

( વધુ આવતા અંકે )

## શિક્ષણ સૃષ્ટિ




**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, કવિ અને પૂર્વ પ્રોફેસર
જે.એ.પટેલ મહિલા કોલેજ, મોરબી


# શિક્ષણ : જીવન ઘડતરની માસ્ટર કી

શિક્ષણ દરેક યુગની જરૂરિયાત છે. કારીગર અણઘડ પત્થરમાં છૂપાયેલ ચમકતો હીરો બનાવે અને એક કલાકાર પત્થરમાંથી સુંદર શિલ્પ કંડારે છે એમ શિક્ષણ વ્યક્તિમાં રહેલ શ્રેષ્ઠત્તમ ચારિત્ર્ય બહાર લાલાવવાની પરિવર્તનકારી પ્રક્રિયા છે. શિક્ષણ સિઝનેબલ નથી પણ લાંબાગાળાની યોજના છે. આંબા ઉછેરવાની પ્રક્રિયા છે. શિક્ષકને માળી કહેવામાં આવે છે. માળીનું કામ બાગનું જતન કરવાનું છે. બીજમાંથી છોડ અને એમાં પાંગરતા પુષ્પો બાગની શોભાવૃદ્ધિ કરે છે અને જગતને સુવાસ આપે છે. એવું શિક્ષણનું કામ છે.

શિક્ષણ એટલે જ્ઞાન મેળવવાની પ્રક્રિયા. જેનાથી માણસનું વ્યક્તિત્વ પણ સુધરે. શિક્ષણ દ્વારા વ્યક્તિ જે જ્ઞાન મેળવે છે તેનાથી જીવનમાં આવતા પડકારોનો સામનો કરવા સક્ષમ બને છે. શિક્ષણ જીવનના વિવિધ માર્ગો ખોલી આપે છે. શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન નહિ પણ કેળવણી છે. જે બાળકમાં બીજ રૂપે પડેલા સંસ્કારનું સંવર્ધન કરીને ઉત્તમ વ્યક્તિત્વનું નિર્માણ કરે છે. ઉત્તમ વ્યક્તિઓથી પરિવાર અને જગત શોભે છે.

કેટલીયે સંસ્કૃતિ આવી અને ગઈ. ભારતીય સંસ્કૃતિ આજે પણ અણનમ છે. સંસ્કૃતિની પરંપરા વિશ્વના ઈતિહાસમાં વિરલ અને વિશિષ્ટ હતી. તેનું કારણ સમૃદ્ધ શિક્ષણ પરંપરા હતી. શિક્ષણ મૌખિક અને સમાજના બહુમુખી વિકાસ માટે હતું. નાલંદા, વિક્રમશીલા, તક્ષશીલા, વલ્લભી વગેરે વિશ્વવિદ્યાલયો વિકસ્યાં અને નવમી સદી સુધી શિક્ષણ ઉત્તમતાની ચરમ સીમાએ હતું. વિદેશી આક્રમણો પછી આ સુવિકસિત શિક્ષણ પરંપરાનું સ્વરૂપ બગડ્યું.

મેકૉલેએ પ્રાચીન ભારતીય શિક્ષણ પરંપરા સમાપ્ત કરી. આજે શિક્ષણ એ પશ્ચાત્ય પરંપરાથી પ્રભાવિત છે. ઘણી સમસ્યાઓ શિક્ષણના અભાવને કારણે છે. તો ઘણી સમસ્યાઓ શિક્ષણને કારણે છે. આજનું શિક્ષણ બાળકને જીવન જીવવાની અને પોતાના



જીવનનો હેતુ પાર પાડવાની ક્ષમતા નથી આપી શકતું. એ ક્ષમતા આપવાની જવાબદારી કોની? એ સવાલ મૂંઝવે છે.

વર્તમાન સમયમાં પ્રાચીન ભારતીય પરંપરાગત શિક્ષણ પ્રણાલીનો પ્રચાર પૂર જોશમાં ચાલે છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સફળતા મેળવવા માંગે છે. માનવજીવન પડકારોથી ભરેલું છે. આ સ્પર્ધાત્મક વિશ્વમાં જીવન અને વ્યક્તિત્વને ઘડવામાં સારી નોકરી મેળવવા માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. શિક્ષણ સમાજના પાયાને મજબૂત બનાવે છે. ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણ આવશ્યક છે. રાષ્ટ્રના સામાજિક-આર્થિક વિકાસ માટે શિક્ષણ સૌથી શક્તિશાળી હથિયાર છે. દેશનું ભાવિ વર્ગખંડમાં ઘડાય છે.

આમ જુઓ તો શિક્ષણની પ્રક્રિયા આજીવન ચાલ્યા કરે છે તે સહજ શિક્ષણ છે. પશુ પંખીઓ તેનાં બચ્ચાંને શીખવે છે. એ ઉડતા, ચણતા,ટકતા આને બચતા શીખે એટલું સિમિત હોય છે. માણસ વિચારશીલ સામાજિક પ્રાણી છે, સતત શીખતું પ્રાણી છે. પંખી ઊડે પણ માણસ પ્લેન બનાવે અને ઉડાડે છે. અન્ય પ્રાણીથી માણસ અહિયા આગવી ઓળખ આપે છે. અનુકરણથી પણ શીખી શકાય. બાળક ભાષા સહજતાથી શીખી લે છે. વ્યક્તિગત વિકાસ આંતરસૂઝથી થાય છે. જેના વાલી ઉમદા ચારિત્ર્યવાન હોય તો તેનો વારસો બાળકમાં આવે છે. પરિજન, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રનાં મૂલ્યોનું પોષક બને એવાં બાળકનું ઘડતર કરવું અતિ આવશ્યક છે. મૂલ્યોનું શિક્ષણ માતાપિતા, શિક્ષક પાસેથી મળે છે. ગણિતના કે વિજ્ઞાનના સિદ્ધાંતો વર્ગખંડમાંથી શીખે છે. જીવનભર ટકી રહેવા, વિકસવા, સફળ નીવડવા અને તેમ કરીને એના જીવનની સાર્થકતાનો અનુભવ કરી, તેમાંથી મહત્તમ આનંદ અને સંતોષ મેળવવા નિરંતર શીખતો રહે છે. એ રીતે શિક્ષણ આંતરિક અને બાહ્ય પરિવર્તનો લાવતી એક વ્યક્તિગત પ્રક્રિયા છે.

# શિક્ષણ સૃષ્ટિ

આજનું શિક્ષણ એટલે યુનિફોર્મ, આકર્ષક બિલ્ડીંગ, ભૌતિક સુવિધાઓ અને છેલ્લે મળતું પ્રમાણપત્ર છે. શરીર ખોખલાં હોય પણ મંથલી ટેસ્ટમાં પૂરા માર્કસ લાવે તો હોશિયાર ગણાય છે. ઉત્તમ ટકાવારી કારકિર્દીનું નિયામક બળ છે. એક જ પરિવારમાં ઉછરતું બાળક ગામની સ્કૂલમાંથી શહેરની સ્કૂલમાં આવે, ત્યાંથી બીજી સ્કૂલમાં આવે,હોસ્ટેલમાં આવે, મોબાઈલમાં વિહાર કરવા લાગે, વિદેશમાં ભણવા જાય, લોકોના સંપર્કમાં આવે વગેરેની અસરથી બદલાવ આવે છે.

શિક્ષણથી બુદ્ધિ અને જીવનનું ઘડતર થાય છે. કોઈપણ કાર્ય મનમાં અને પછી બાહ્ય કાર્યમાં પ્રગટ થાય છે. બાળકમાં શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણના પાયામાં વિચારો અને માન્યતાઓ બાલ્યકાળમાં રોપાય છે. વ્યક્તિનો સર્વાંગી વિકાસ અનુકરણ અને શિક્ષણથી થાય છે. આધુનિક શિક્ષણની અપેક્ષા વ્યાવસાયિક સજ્જતા અને સામર્થ્ય કેળવવવાની છે. માત્ર યાદશક્તિની પરીક્ષા કરે એટલું સિમિત ન હોવું જોઈએ. જીવન જીવવા માટે ચાવી ન મળતી હોવાથી બાળકનાં જીવનઘડતરનો પ્રશ્ન પરિવાર અને સમાજ માટે વધુ વિકરાળ બનતો જાય છે. જીવનલક્ષી વાતો સાંભળનાર બાળક સમજે છે પણ વ્યવહારમાં ઉતારતું નથી. યુવાશક્તિ દિશા વિહીન હોવાનું કારણ તકલાદી શિક્ષણ વ્યવસ્થા છે. જે બાજુ પવન હોય એ બાજુ આંધળુકિયા કરીને પસ્તાવો કરવાનો કોઈ અર્થ નથી.

શીખવું અને શીખતા રહેવું એ વ્યક્તિગત તેમજ સામાજિક જીવનની તાસીર છે. શીખવાની પ્રક્રિયા એ એક સહજ, નૈસર્ગિક અને સરળ પ્રક્રિયા છે. બાળક જીવન અને વ્યવસાયનાં અગણિત ક્ષેત્રો માટેનાં વર્તનો, વ્યવહારો, કલાઓ અને કસબ શીખે છે. શીખવવાની પ્રક્રિયા એ કોઈ એક-માર્ગી નથી. બીજમાંથી વૃક્ષ બનવા ઘણી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. વિદ્યાર્થીને પ્રેરક બને એવા શિક્ષકોની તાતી જરૂર છે.

દરેક બાળકમાં આગવી પ્રતિભા કે અભિયોગ્યતા હોય છે. આ વિશેષતાને ઓળખીને તક અને તાલીમ આપવી જરૂરી છે. શીખવાની પ્રક્રિયા અંગત, ઐચ્છિક છે એટલે ઈચ્છાશક્તિ જેટલી ઉત્કટ એટલી શીખવાની પ્રક્રિયા ઝડપી થાય છે. સૂચન, ઉપદેશ, હૂકમ, ધાક, ધમકી,લાલચ પ્રેરિત કરી શકે નહિ. નાની - મોટી ક્ષતિ, વિદ્યાવિરોધી અભિગમ, ભૌતિક સગવડો તેમજ સંચાલક અને શિક્ષક વગેરેના ચારિત્ર્ય પણ અસર કરે છે. લુંટ, વ્યસન, ધીંગાણા, ખૂનામરકી વગેરેના ક્લાસ ચાલતા નથી. સદચત્રિ રવા વિદ્યાલયો નથી. બાગમાં છોડની આજુબાજુ બિનજરૂરી ઘણું બધુ આપ મેળે ઊગી જાય છે. એ કચરો કાઢવાનો હોય છે.

શિક્ષણ વ્યવસ્થા બે વિભાગોમાં વહેંચાયેલી છે. શાળા-કૉલેજમાં ચોક્કસ પદ્ધતિથી આપવામાં આવે છે શાલેય શિક્ષણ અને ચોક્કસ પ્રકારની કામગીરી માટે તાલીમબદ્ધ કરવામાં આવે છે તે બિનશાલેય શિક્ષા છે. શાલેય શિક્ષણનો ઉદ્દેશ વ્યક્તિની સર્વસામાન્યશક્તિ વિકસાવવાનો છે, જ્યારે બિનશાલેય શેક્ષણ વ્યક્તિની ચોક્કસ શક્તિ વિકસાવવાનો હોય છે. શિક્ષણ માટેની ત્રીજી વ્યવસ્થા છે જરૂરિયાતોમાંથી કવેલો સંસ્થાઓ, જે શિક્ષણ આપીને પ્રમાણપત્ર આપે છે. ફેંચાઈઝી, એમઓયુ અને મલ્ટીમીડિયા માધ્યમોથી આંતરરાષ્ટ્રીય શિક્ષણક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે.

ક્યાં શું ખરે છે તે નિરીક્ષણ કરવું જોઇએ. છેલ્લા દશકમાં જે બાળકો ગ્રેજ્યુએટ થયા તેમાંથી કેટલા રમા એની ડિગ્રીની કક્ષાએ સેટ થયા ? કેટલા એના પરિવારને એક ડગલું આગળ લઈ ગયા ? કેટલા આત્મનિર્ભર બન્યા અમેરિકા, કેનેડા કે ઓસ્ટ્રેલિયામાં ભણવા કે સેટ થવા જાય છે ત્યારે અહિયા મેળવેલ માકાશીટ કેટલું ઉપકારક બને છે ?સમય, મૂલ્યવાન ઉંમર અને ધનના રોકાણ બદલ કેટલું વળતર મળ્યું ન ના આવડે છે કે વિચાર અને વ્યવહાર બગડે છે ? લગ્નભાવના, પરિવારભાવના જાળવવા એક પબિન તરીકેની જવાબદારીઓ સંભાળવા સક્ષમ છે ? શિક્ષણની આંધળી દોટ બાળક માટે અને પરવર માટે ખર્ચાળ અને ખતરારૂપ તો નથીને ? આ બાબતે અગમચેતી રાખવી હિતાવહ છે.

એકવીસમી સદી જ્ઞાનયુગની સદી છે. આજે અકલ્પનીય પરિણામો ધરાવતી જ્ઞાનયાત્રા ખેડી છે. સનસ્કોટક સમયમાં સતત અપડેટ રહેવું જરૂરી છે. વ્યક્તિને પ્રાણવાન બનાવે તેવું ભવિષ્યલક્ષી શિક્ષણ આપ બને છે. વ્યક્તિ જીવનભર શીખતો રહે, સજાગ બને, પરિણામદાયી રહે, અન્યને લાભાન્વિત કરે અને જીવન ધન્ય બનાવે. અન્યોની સાથે સંવાદ અને જીવવાનાં કૌશલ્યો, અભિગમો, લાગણીઓ અને માવાનાઓ વિક્સાવે તે સાચું શિક્ષણ, વિશ્વસમાજ રચવાનું ધ્યેય આજના શિક્ષણ માટે મહત્ત્વનું ગણાય છે. શિક્ષણ એવી માસ્ટર કી છે કે તેનાથી કોઈ પણ તાળું ખુલી શકે છે. સમાજની સાંસ્કૃતિક પરંપરાઓ અને વારસાનું જતન કરવાનું છે. સુશિક્ષિત સમાજ અને એના સુરક્ષિત નાગરિકો બને મહત્વ ધરાવે છે. શિક્ષણ સર્વેના સર્વાંગી વિકાસ માટે સહિયારું સાહસ છે. સમાજ એમાં હિસ્સેદાર છે. ભાવિ પેઢી માટેનું મૂલ્યવાન રોકાણ છે.

■ ■ ■


SINCE 1978
Ankur®
EDIBLE OILS
Celebrating More than 40 years of Trust, Taste & Purity
www.ankuroils.com
એજ અતૂટ બંધન
100% NATURAL
New Pack
FILTERED GROUNDNUT OIL
Our Other Products:
Refined Cottonseed Oil, Refined Sunflower Oil,
Refined Soyabean Oil, Refined Corn Oil,
Kachi Ghani Mustard Oil, Mild Mustard Oil
Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015
Business Inquiry No.: +91 82382 38250
Follow us on:
marshmallow

**સ્વામી જિતાત્માનંદ**
અધ્યક્ષશ્રી, રામકૃષ્ણ આશ્રમ

# મૂલ્યલક્ષી કેળવણી શા માટે ?

આધ્યાત્મિક મૂલ્યો વિનાની લોકોની ઉદ્વિગ્નતાને ભારતીયોએ પિછાણી લીધી હતી. એવા લોકો આધ્યાત્મિક રીતે આંધળા છે અને ઇન્દ્રિયભોગોમાં ભટકતા જ રહે છે. અજ્ઞાની બાળકોની પેઠે તેઓ બાહ્ય ઇન્દ્રિયસુખો તરફ દોડે છે. અને તેઓ વૃદ્ધ ઉંમર, આધ્યાત્મિક મરણ અને દૈહિક મરણનો પણ કોળિયો થઈ જાય છે — એમ કઠોપનિષદ કહે છે. જીવનની સઘળી કેળવણી ભીતરની અનંત દિવ્યતાને પ્રકટ કરવાની જ છે. એટલા માટે વિવેકાનંદે જીવનના હેતુની નવા યુગપ્રવર્તક વાક્ય દ્વારા વ્યાખ્યા કરી:

-દરેક આત્મા મૂળ રીતે દિવ્ય છે.

- બાહ્ય અને ભીતરની પ્રકૃતિને વશમાં લઈ ભીતરની દિવ્યતાને પ્રકટ કરવી. એ જીવનનું લક્ષ્ય છે.

- આ લક્ષ્યને કર્મયોગ, ભક્તિયોગ કે ધ્યાનયોગ (માનસિક સંયમ) અથવા જ્ઞાનયોગથી — કોઈ એકથી, વધારેથી કે બધાથી સાધો અને મુક્ત થઈ જાઓ .

વ્યક્તિમાં જ્યારે આ દિવ્યતા પ્રકટ થાય છે, ત્યારે શું બને છે ? ઉપનિષદ કહે છે કે, 'ત્યારે તે માનવ પ્રાણીમાં શ્રેષ્ઠ બની જાય છે' - 'स उत्तमः पुरुषः' - (છાન્દોગ્યોપનિષદ, ૮/૧૨/૩) 'તે માનવોનો રાજા થઈ જાય છે. અને કશા અવરોધ વિના બધે જ હરે ફરે છે.' स स्वराट् भवति। तस्य सर्वेषु लोकेषु कामचारो भवति -(છાન્દોગ્ય.,૭/૨૫/૨) 'તે સંપૂર્ણ પરિતોષ અનુભવે છે. અને અનંત આત્માના પ્રકાશથી ભીતરમાં પ્રકાશિત થાય છે' - एवमेव सम्प्रसादः । परं ज्योतिरुप सम्प्रद्य... (છાન્દોગ્ય, ૮/૧૨/૩). ભગવદ્‌ગીતાના છેલ્લા શ્લોકમાં કહ્યું છે કે મહારથી ધનુર્ધર અર્જુન જ્યારે જીવનના આધ્યાત્મિક સર્વગ્રાહી માર્ગની પ્રેરણા પામ્યો ત્યારે શ્રી — સમૃદ્ધિનો એના પર અભિષેક થયો. ત્યારે તે નિયમ અને નૈતિકતાના પાયા પર રહેલ જીવનમાં વિજય અને કીર્તિ પણ પામ્યો. અશોકના જીવન સાફલ્યની પણ એ જ ચાવી છે. એ 'શુદ્ધ દ્વારા દર્શાવાયેલ વૈશ્વિક કરુણાના સિદ્ધાંતથી પ્રેરિત થયો હતો. આમ, વિશ્વનું નિર્માણ કરનારા ઈશુ, વિવેકાનંદ અને ગાંધી જેવાઓએ હાંસલ કરેલી સફળતા અને સત્તાની ચાવી પણ આ જ છે. જમશેદજી તાતાની ઐતિહાસિક સદ્‌ળતાની પણ આ જ ચાવી છે. રાષ્ટ્રિય ઉત્થાન માટે કામ કરવા માટે સ્વામી વિવેકાનંદે એમને પ્રેરણા આપી હતી.

## કેળવણીની મૂલ્યવિહોણી અંધકારમય સ્થિતિ

ભીતરની દિવ્યતાને અભિવ્યક્ત કરવાની જ્યારે માણસ ઉપેક્ષા કરે છે, અને એની આખી જિંદગીને 'પોલિટિકલ એનીમલ' (એરિસ્ટોટલ), કે 'બાયોલોજિકલ એનિમલ) (ફ્રોઈડ) કે 'ટૂલ મેકિંગ એનીમલ (બેન્જામીન ફ્રેંકલીન), કે સામાન્ય પ્રાણી (ટોફલર) જેવી માનીને અથવા તો (પી. એ. સોરોકીન કહે છે તેમ) એક વ્યાકુળતા બીજી વ્યાકુળતા તરફ અને એક ભોગથી બીજા ભોગ તરફ દોડવામાં જ પૂરી કરી નાખે તો શું થાય ? માણસની આવશ્યકતા તો પૂરી થાય, પણ માણસનો લોભ ક્યારેય પૂરો ન થાય. ઈશાવાસ્યોપનિષદ કહે છે કે આવા ભીતરના આત્માને ઉવેખનાર માણસ અંધકારમય જીવન જીવવા જ નિર્માયો છે. આત્મપ્રકાશ-રૂપી સૂર્યથી રહિત અસ્તિત્વવાળું એનું જીવન છે. છાંદોગ્યોપનિષદ (૭/૨૫/૨) કહે છે કે આવો માણસ વિશ્વનું વૈતરું કરે છે અન ધીરે ધીરે એ ભેગી કરેલી તમામ મૂડી ગુમાવી દે છે (अथ येऽन्यथातोविदुः, राजानस्तेक्षय्यलोका भवन्ति तेषां सर्वेषु लोकेष्वकामचारो भवति ।) નાઝી હિટલરનું અને સામ્યવાદી સરમુખ-ત્યારોનું આવું જ થયું હતું. ૧૮૯૫માં હાર્વર્ડ ગ્રેજ્યુએટ ફિલોસોફિકલ સોસાયટીમાંના પોતાના વિખ્યાત પ્રવચનમાં સ્વામી વિવેકાનંદે ઉદ્‌ઘોષણા કરી હતી કે સંસ્કૃતિ એ માણસની ભીતર પડેલી દિવ્યતાનું પ્રકટીકરણ છે.

આખી દુનિયાની કેળવણીની પદ્ધતિ પર એક વિહંગદૃષ્ટિ કરતાં એવું દેખાય છે કે માણસો સાવ ડાબા મસ્તિષ્ક પર આધારિત કેળવણીની કાળી બાજુઓની માગણીઓથી શરૂ કરી રહ્યા છે. આ ડાબા મસ્તિષ્ક પર આધારિત કેળવણી એટલે કે શરૂઆતમાં વ્યક્તિગત સફળતા અને સ્વાર્થી સંપત્તિવાળી બાહ્યલાભવાળી જિંદગી જીવવાની પદ્ધતિ, 'ટાઈમે' (૨૦ ડિસે, ૧૯૯૩) અમેરિકન બંદૂકકેન્દ્રી સંસ્કૃતિનું ભયંકર ચિત્ર આપ્યું છે. યુ.એસ.એ.ના ૪૮ % નાગરિકો બંદૂકધારી છે. અને એમણે ૧૯૯૨ના એક વરસમાં ૬૪૦૦૦ બંદૂકની દુર્ઘટનાઓ સર્જી છે. શોપનહોરના આંધળા અને મૂર્ખ ઈશ્વરની પેઠે બાળકોએ વર્ગમાં કરેલા અંધાધૂંધ ગોળીબારમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા, એ ઘટનાનો સમાવેશ થાય છે. એથી પણ વધારે આંચકો આપનારી ઘટના એ

# શિક્ષણ સૃષ્ટિ

છે કે અમેરિકાની એક શાળામાં એક શિક્ષક અને કેટલાય વિદ્યાર્થીઓને મોટી બંદૂકથી મારી નાખવાનું કાવતરું ફક્ત અગિયાર અને પંદર વરસની ઉંમરવાળા બે છોકરાઓએ માર્ચ ૨૬, ૧૯૯૬ના રોજ કર્યું હતું. મરી ગયેલી શિક્ષિકાનો પતિ કહે છે કે આ છોકરાઓએ જે કંઈ કર્યું તે કેવળ ક્ષણિક ઉત્તેજના જ ન હતી. (ટાઈમ, એપ્રિલ ૬, ૧૯૯૮, પૃ. ૪૩). આવા ગુનાઓને કાબૂમાં લેવા યુ.એસ.ના કારખાનેદારોએ એક ઈલેક્ટ્રો - શોટ – ગન વિકસાવી છે એ ગન ગુનેગારોને કાયમી કદરૂપા બનાવી દે છે. આવી ગનો દુનિયાના ઓછામાં ઓછા પચાસ દેશોમાં આજે ઉપયોગમાં લેવાઈ રહી છે.

નશીલા પદાર્થોનું વ્યસન ભારત સહિતના ઘણા દેશોની યુવાન પેઢીને ઝડપભેર વળગતું જાય છે, જાપાને એનો બદલો આર્થિક રીતે અમેરિકા પાસેથી લીધો છે એમ ટાઈમે (૨૩/૨/૯૨) જણાવ્યું છે. કામદારો અને સંચાલકો વિશે જાપાનના આરોગ્ય મંત્રાલયે પ્રકાશિત કરેલ એક સર્વગ્રાહી આરોગ્ય અહેવાલ અનુસાર, ૪૪થી ઉપરની વયવાળા પગારદાર કામદારો કે જેઓ મજૂરીના કામ સાથે જોડાયેલા અને તજન્ય રોગોથી પીડાય છે તેમાંના ૪૨ % કર્મચારીઓ માટે સો માનસિક ચિકિત્સા કેન્દ્રો ખોલવાનું જાપાનને કરવું પડ્યું છે. ભારે હરીફાઈનું અને સખત મહેનત કરવાનું આ પરિણામ છે ! (ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, અમદાવાદ, મે ૧૦, ૧૯૯૨, પૃ. ૭).

અર્થશાસ્ત્ર કે જનસંખ્યાની આંકડાકીય સમસ્યાઓ કરતાં ક્યાંય મોટી સમસ્યાઓ તો પશ્ચિમમાં નૈતિક અધઃપતન, સાંસ્કૃતિક આત્મઘાત અને રાજકીય અલગતાની છે. આ નૈતિક અધઃપતન છાપેલ ચોપાનિયામાં વગેરેથી અભિવ્યક્ત થયા કરે છે. એમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

૧. ગુનાખોરી, વ્યસન પરસ્તી અને હિંસા વગેરે.

૨. ઘસાતી કુટુંબ વ્યવસ્થા, છૂટાછેડાનું વધતું પ્રમાણ, ગેરકાનૂની જાતીય સંબંધો, સગીર અવસ્થામાં જ માતૃત્વ અને એકાકી કુટુંબો.

નૈતિક અધઃપતન અને પરિણામે અપાતી સજાની સાથે ક્યાં સુધી ચાલવું? ચીનની સરકારે હત્યારાઓની સજામાં તીવ્ર વધારે કરવો પડ્યો છે. જે સમાજમાં ધાર્મિક મૂલ્યો કાં તો ફગાવી દેવામાં આવ્યાં છે અથવા તો નાશ કરી દેવામાં આવ્યાં છે એવા કહેવાતા નિરીશ્વરવાદી સમાજમાં છેલ્લાં દસ વરસથી આવું થયાં કર્યું છે. સ્વીડનને તો ઘણા 'ગર્ભનિરોધક સમાજ' તરીકે જ ઓળખે છે ! અમેરિકા માટે વિવેકાનંદે કહ્યું : 'મહાન સંસ્કૃતિઓ શા માટે મરી પરવારી? તેઓ ભોગવિલાસ તરફ વળી ગઈ. ક્રૂર જંગલી આક્રમણકારોએ એવાં ઇન્દ્રિયસુખમાં લોલુપ જંગલી રાષ્ટ્રોને ખતમ કરી નાખ્યાં. તેમને ધરમૂળથી ઉખેડી નાખવા માટે એ ઘાતકી લોકો આવ્યા. આપણે ફૂલતા ફાલતા માનવ રાક્ષસોને કદીય રખેને એ જોઈ લઈએ!'

સર વીલ ડ્યુરાં તેમના 'લેસન્સ ઑફ હિસ્ટરી'માં લખે છે : 'આજે યુનિવર્સિટીઓ એટલી બધી વધી પડી છે કે જે દોડે તે પી.એચ.ડી. થઈ જાય. આપણે પ્રાચીન કાળની પસંદ કરેલી બુદ્ધિ પ્રખરતામાં ભલે સરસાઈ ધરાવી ન શક્યા હોઈએ, પણ આપણે જ્ઞાનનું સ્તર અને જ્ઞાનના વ્યાપ તો ઈતિહાસના કોઈપણ કાળ કરતાં વધારે ઉચ્ચ કરેલ છે જ. છતાં ૫૦ % થી ઉપર અમેરિકા, જાપાન, સ્વીડનમાંના યુવાન વર્ગના મરણનો આંક આપઘાતથી કે પૂર્વયોજિત અકસ્માતોથી ઊંચો જાય છે. વિવેકાનંદે પશ્ચિમના લોકોની કેવળ બુદ્ધિપ્રધાન સંસ્કૃતિના કરુણ પરિણામો ઉઘાડાં પાડ્યાં છે :

'શુદ્ધ હૃદય બુદ્ધિની પેલી પારનું જુએ છે. એ પ્રેરણા પામી શકે છે, એ એવી વસ્તુઓ જાણે છે કે જે બૌદ્ધિકતા ક્યારેય જાણી શકતી નથી. અને જ્યારે બુદ્ધિ અને શુદ્ધ હૃદય વચ્ચે સંઘર્ષ જન્મે છે, ત્યારે તમારે હમેશા શુદ્ધ હૃદયનો જ પક્ષપાત કરવો. ભલે તમે એમ માનતા હો કે તમારું હૃદય જે કહે - કરે છે, તે અબૌદ્ધિક છે, તો પણ'૩

આજે મોટાભાગના વિદ્યાર્થીઓ પાસે પૈસા બનાવવા, સત્તાની ખેંચતાણ અને ઇન્દ્રિયસુખની લોલુપતા રાખવી એ સિવાય વ્યક્તિગત કોઈ બીજો ઉચ્ચતર હેતુ છે જ નહિ. આવી આર્થિક ક્ષય પરસ્તીનો અંજામ, 'હેડોનિસ્ટિક પેરેડોક્સ'માં જ આવે. એનાથી વારંવારનાં ઇન્દ્રિયસુખો પછી પણ શાન્તિનો અંત આવી જાય છે; પછી ઊંડી હતાશાની અને વ્યર્થતાની લાગણી થાય છે ત્યારે ડાબા મસ્તિષ્કની જ કેળવણી પામેલો માણસ અપરાધ કરવાની વૃત્તિથી પીડાય છે. (માનવને માટે અણછાજતા આનંદ માટે ગળાકાપ છેતરપીંડી વગેરેનો તે આશરો લે છે.) ટોફલરે કહ્યા પ્રમાણેની 'ત્રીજા મોજાં'ની સંસ્કૃતિ પણ વ્યવસ્થાની રૂપરેખા અને જીવનના હેતુને બતાવીને જ શરૂઆત કરવી પડશે. 'શાશ્વત નિર્હેતુકતા યુવાનોને હેરોઈનના કેફ તરફ દોરી જાય છે. તે યુવાનને જિંદગીનો એક કામ ચલાઉ માર્ગ આપે છે.'૪ ■

(વધુ આવતા અંકે)

## નારી સૃષ્ટિ



**પ્રા. ડો. હર્ષદેવ માધવ**
મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને
સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા

# આપણી દીકરીઓ - નવદુર્ગા

દેવી ભાગવતના તૃતીય સ્કંધના ૨૨ ૨૭ માં અધ્યાયમાં નવદુર્ગાની પૂજાનું એક સુંદર નિરૂપણ છે. શરદ અને વસંત યમની દાઢ મણાય છે. બંને ઋતુઓ રોગ અને મૃત્યુ લાવે છે, પ્રાણીઓને આ ઋતુઓ વિતાવવી કઠીન છે એવું દેવીપુરાણનું કથન છે. આથી વિશેષ કરીને દીર્ઘાયુષ્ય પામવા માટે શરદમાં કુમારિકાઓનું પૂજન કરવું જોઈએ, દેવીની મૂર્તિ સ્થાપિત રીને વસ્ત્રો, અલંકારો તથા ઉત્તમ ભોજનો વડે નવકુમારિકાઓની પૂજા કરવી.

એક વર્ષની કન્યા ખાતી ન હોય તેથી એક વર્ષ સિવાયની કન્યાઓને ભોજન માટે નિમંત્રણ આપવું

એક વર્ષની કન્યા બાલિકા, બે વર્ષની કુમારિકા, ત્રણ વર્ષની ત્રિમૂર્તિ, ચાર વર્ષની કલ્યાણી, પાંચ વર્ષની રોમિલી, છ વર્ષની કન્યા કાલિકા, સાત વર્ષની ચંડિકા, આઠ વર્ષની શાંભલી, નવ વર્ષની દુર્ગા અને દસ વર્ષની કન્યા સુભદ્રા ગણાય છે. નવરાત્રિમાં પ્રથમ દિવસે એક, બીજે દિવસે બે ગણી, ત્રીજે દિવસે ત્રણ ગણી અથવા રોજ એક એક કન્યા વધારીને દુર્ગાના રૂપમાં તેમની પૂજા કરી શકાય છે. અથવા રોજ નવ નવ કુમારિકાઓની પુજા કરી શકાય છે. આ કન્યાઓને જગદંબાનું રૂપ માનીને તેમને ઉદાર હાથે દાન દક્ષિણા આપવા જોઈએ.

ત્રણ વર્ષની કન્યા ત્રિમૂર્તિ ગણાય છે. તેના પૂજનથી આયુષ્ય, ધર્મ- અર્થ- કામ, ધન ધાન્યની પ્રાપ્તિ, સંતાનપ્રાપ્તિ થાય છે.

ચાર વર્ષની કલ્યાણીના પૂજનથી વિદ્યાપ્રાપ્તિ, વિજયસુખ, કામનાઓની પૂર્તિ થાય છે.

છ વર્ષની કાલિકાના પૂજનથી ઐશ્વર્ય અને ધનની પ્રાપ્તિ થાય છે,

સાત વર્ષની કન્યા ચંડિકા કહેવાય છે. ચંડિકાના પૂજનથી ઐશ્વર્ય અને ધનની પ્રાપ્તિ થાય છે.

આઠ વર્ષની કન્યા શાંભવી ગણાય છે. આ કન્યાના પૂજનથી ઐશ્વર્ય અને ધનની પ્રાપ્તિ થાય છે.




આથી નવરાત્રિ સિવાય પણ આઠ વર્ષની કન્યાને સારા ઉત્સવોના પ્રસંગે બોલાવીને પૂજા કરવી જોઈએ.

નવ વર્ષની કન્યા દુર્ગા કહેવાય છે. આ કન્યાના પૂજનથી જગદંબા પ્રસન્ન થાય છે. તેના દ્વારા શત્રુનાશ અશુભોનો નાશ, પરલોકમાં નિત્ય સુખ પ્રાપ્ત થાય છે. એવુ દેવીભાગવત કહે છે. આ કન્યાને ભકિતથી વંદન કરીને પૂજન કરનાર સર્વ પ્રકારના અર્થ સિધ્ધ કરી શકે છે.

આ અંગે મંત્ર છે કે -

दुर्गा त्रायति भक्तं या सदा दुर्गार्तिनाशिनि।
दुर्ज्ञेया सवदिवानां तां दुर्गा पूजयाम्यहम्॥

અર્થાત અત્યંત દારુણ પીડાઓના નાશ કરનારા જે દુગાદેવી ભકતનું સદાય રક્ષણ કરે છે. અને સર્વ દેવોને જે જાણવાં મુશ્કેલ છે તે દુર્ગાને હું પૂજું છું.

'દુર્ગા' ભગવતી ગૌરીનું જ સ્વરૂપ હોવાથી નવ વર્ષવાળાં ગૌરીનું ધ્યાન પણ ધરાય છે.

मालासृणी पुस्तकपाशहस्तां,
बालाम्बिकां ता ललिताभवानीम्।
कुमारकामेश्वरकेलिर्लोलां,
नमामि गौरी नववर्षवेषाम्॥

અર્થાત્ માળા, પાશા, અંકુશ, પુસ્તકને હાથમાં ધારણ કરનારી, લલિતા, ભવાની, અંબિકા તરીકે પસિદ્ધ, કુમાર રૂપે કામેશ્વર એવા શિવ સાથે વિવધ વિલાસમાં ચંચળ નવવર્ષના ગૌરીનું હું પ્રણામ કરું છું

આ રીતે દેવી ભાગવતના તૃતીય સ્કંધના છવ્વીસમા અધ્યાયમાં 'કુમારિકા ત્રિમૂર્તિ કલ્યાણી ''કાલિકા' વગેરેના ધ્યાન મંત્રો પણ આગળ છે. ૨૭મા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે નવ વર્ષ સુધીની કન્યાઓ આપણ કુટુંબની, જ્ઞાતિની કે અન્ય જ્ઞાતિની પણ હોય - નવરાત્રી દરમિયાન આપણી દીકરીઓને દુર્ગાનું સ્વરૂપ માનીને તેમને પુજવાથી જગદંબાનું પૂજન થાય છે.

સર્વે સ્ત્રીઓમાં શક્તિનાં દર્શન કરવાથી ભગવતીની કૃપા પ્રાપ્ત થાય છે.

■ ■ ■

## નારી સૃષ્ટિ

**એ. કે. લાલાણી**
લેખક, મહિલાઓના અધિકાર અને કાનૂની બાબતોના નિષ્ણાત ધારાશાસ્ત્રી છે.

# દામ્પત્ય જીવનની "મધુરપ" કેવી રીતે "અધૂરપ" માં પરિણમે છે ?

અદાલત ખંડમાં, અદાલતનાં પ્રાંગણમાં અને સમાજની શેરીઓમાં દાંપત્યજીવનનાં વિખવાદને લગતાં કેટલાયે કિસ્સાઓ અંગે જીણવટપૂર્વક નિરીક્ષણ કરતાં કેટલાક નજરે ચઢતાં કારણો અને તે નિવારવા કેવી અને કેટલી કાળજી લેવામાં આવે તો દાંપત્ય જીવનની '"મધુરપ'" — "અધૂરપ''માં પરિવર્તન ન પામે તે વિષે સાદી ભાષામાં થોડી વાત કરવી છે.

દાંપત્ય જીવનમાં ''તિરાડ" પડે યા એ "તૂટે"' ત્યારે પત્નીએ જ વધુ સહન કરવાનો વારો આવે છે. એક સમયની 'કુમારી'' ત્યારપછીની 'પરિણીતા' કડડભૂસ થતાં સ્વપ્નોનાં ભંગાર સંગાથે 'ત્યકતા''નાં લાંછનભર્યા સ્થાને પલકવારમાં પહોંચી જાય છે!

લગ્ન-સંબંધ બાંધતી વખતે ઘણુંબધું જોવાનું, સમજવાનું અને વિચારવાનું હોય છે પરંતુ અત્યારનાં દોડધામનાં યુગમાં આ બધી બાબતે કેટલાં પરિવારો દરકાર કરે છે? પ્રખ્યાત નવલકથા '"મધલાળ"માં શ્રી ઈશ્વર પેટલીકરે આ બાબતે નિરીક્ષણ કરતાં દર્શાવ્યું છે : ''અંગત પરિચય હોય, વ્યક્તિનો અનુભવ હોય તેવા સરખા સંસ્કારવાળા કુટુંબમાં લગ્ન-સંબંધ બાંધવો જોઈએ.'' આ સંદર્ભે જોઈએ તો એમ કહી શકાય કે : "અજાણ્યા રૂપિયા કરતાં જાણીતા પંદર આના સારા.''

યુવક કેળવાયેલો હોય, પોતાનાં પગ ઉપર ઊભો રહી શકે તેવી આવક ધરાવતો હોય, સંસ્કારી કુટુંબમાં તેનો ઉછેર થયો હોય, વિચારોની પરિપક્વતા હોય, પોતાની સાથે જોડાતાં પાત્રને સુયોગ્ય સ્થાન, સન્માન અને આત્મીયતા અર્પવાની અંતરે ખેવના હોય તેવા યુવકની 'પરખ'' કરી યુવતીનો સંબંધ બાંધવામાં આવે તો દાંપત્યજીવન સારી રીતે ચાલવા માટે પુરતાં અને સબળ કારણો છે તેમ ગણી લેવામાં જોખમ નથી-ભલે પછી એ યુવક અતિ "દેખાવડો'' ન હોય 'કદરૂપો'' ન હોય તેટલું પૂરતું છે.

યુવતી તુંડમિજાજી ન હોય, વાતવાતમાં ઓછું આવી જાય તેવી લજામણીનાં છોડ જેવી રિસામણી ન હોય, પિતાનાં ઘરનો સંસ્કાર વારસો પતિગૃહે જઈ દિપાવવાની અભિલાષા હોય, સારા સંસ્કાર - સારી કેળવણી અને "ગૃહિણી'' તરીકે સહજ રીતે ફરજ બજાવી શકે તેવી પિયરિયામાં તાલીમ મેળવી ચૂકી હોય તેવી યુવતી પતિગૃહે-સાસરવાસમાં દૂધમાં સાકર ભળે તે રીતે ભળી જાય- પતિ અને તેનાં પરિવારનો પ્રેમ સંપાદન સહેલાઈથી કરી શકે છે.

સુખી દાંપત્યજીવન માટે થોડાં સીધા-સાદા નિયમો સ્વયં અપનાવી પાલન કરીએ તો દાંપત્યજીવન સદાયે હર્યું-ભર્યું રહેવાનું જ. ચાલો આવાં થોડા નિયમો હૃદયે નોંધીએ

**(૧) "ગૃહકંકાસ"' —** ગૃહસ્થી જીવનનાં સુખને ભરખી જાય છે તેનાથી દૂર જ રહો. બાંધ-છોડ એ માટે ઉત્તમ માર્ગ છે.

**(૨) "ચારિત્ર"** એ બાબતે શંકા-કુશંકા કરવાનું ત્યાગો.

**(૩) "માવતરનું ઉપરામણું"** લેવામાં આવે - તે નિમિત્તે ઘણાં ઘરોમાં ઘર્ષણ થાય છે. પત્ની આવું ઉપરામણું લેવાનું ટાળે. ભલે પતિ-ગૃહનાં કેટલાંક સદસ્યો માવતર બાબતે ઘસાતું બોલે - એ બબડાટ પ્રતિકારની ગેરહાજરીમાં લાંબો સમય નહીં ચાલે — એની મેળે થાકશે..

**(૪) પતિ-પરિવારે** પત્નીનાં માવતર પરિવારની ટીકા ટીપ્પણીથી દૂર રહેવું ઘટે.

**(૫) 'રહેણીકરણી"** - સ્વાભાવિક છે કે બેય કુટુંબની રહેણીકરણી અંગે ફર્ક રહેવાનો. પત્નીને સેટ થતાં થોડો સમય લાગે — ધીરજ રાખી સહજ રીતે ઘરની રૂઢિમાં પલોટવાનો પ્રયાસ કરો.

**(૬) દહેજ-ભૂખ** ઘરનાં સુખ-ચૈનને ભૂખ ભેગો કરી દીએ છે - ઈશ્વર એ અભિગમથી નારાજ થાય છે એ વાત હૈયે ધરી આ બાબતે કદી વિચાર ન કરો સારી છોકરી ઘરની ''લાજ'' છે — "અલંકાર'ૠ છે — "આભૂષણ" છે - ''લક્ષ્મી' છે - એનાં સારા પગલે અને એનાં આનંદથી તો ઘર અભરે ભરાશે તે વિષે નિશ્ચિંત બનો.

# નારી સૃષ્ટિ

(૭) **વાર-પરબે** એ માવતરે જવા માંગતી હોય તો જવા દીઓ, આપઘાતનાં ઘણાં કિસ્સા આ બાબતે સર્જાતા હોય છે – એ હકીકત અખબારોનાં પાનાં સમર્થન કરે છે.

(૮) પ્રસૂતિ - ખાસ કરીને પહેલી પ્રસૂતિ માવતરે કે સાસરે કરવી એ બાબત મીઠા-મધુર સંબંધો બગાડી નાખવા નિમિત્ત બને છે. પતિગૃહનાં મતને વજન આપી તેની મરજી સ્વીકારી લ્યો – બધું સારું જ થશે.

(૯) પડોશમાં બિનજરૂરી 'ગપસપ' લડાવવાનું ટાળો,

(૧૦) દાંપત્યજીવનમાં "સાસુ" નું પાત્ર અળખામણું એટલા માટે થતું હોય છે કે એકચક્રી શાસન કરતી એ મહિલા અન્ય મહિલાનું આગમન – તેનાં એકાધિકારપણા ઉપર તરાપ મારશે તેવાં કલ્પિત ભયથી પિડાતી હોય શરૂઆત જ રોફ જમાવવાથી કરે છે - આવું ટાળો.

(૧૧) વડીલોની અમાન્યા રાખો - મોટેથી બોલવું, મોટેથી હસવું, લઘરવઘર રહેવું, રસોઈમાં પૂરી કાળજી ન લેવી, સમયસર ભાણું ન સાચવવું- આ બધાં "સ્પીડબ્રેકરો" વળોટવામાં કાળજી દાખવો.

(૧૨) હરવા-ફરવા જવા બાબતે 'જીદ''નો આશ્રય કદી ન લ્યો.

(૧૩) પતિની આમદાનીની મર્યાદામાં કરકસરથી ગૃહસંચાલન કરો. બસ ! આટલું ધ્યાન રાખવાથી ગૃહસંસાર સુમધુર બની રહેશે.




# નારી સૃષ્ટિ

**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર

# નારી પ્રેમની પ્રતિમા છે

યુગોથી સ્ત્રીઓ વિશે જે કહેવાયું છે, તે બધું જ ભૂલી નવેસરથી સ્ત્રીઓના વ્યક્તિત્વ વિશે, સ્ત્રી - સહજ ગુણ - અવગુણ વિશે વિચારવાનો સમય પાકી ગયો છે. સ્ત્રી અને પુરુષ સમાન નથી. ન બની શકે. બન્ને પોતપોતાની રીતે ભિન્ન છે, અનોખા છે. સ્ત્રીએ પુરુષ સમોવડી બનવાનો પ્રયત્ન કદી કરવાની જરૂર નથી.

મનુસ્મૃતિથી લઈને આજ સુધી ક્યાં તો સ્ત્રીને નરકની ખાણ માનવામાં આવી છે. ક્યાં તો 'નારી તું નારાયણી' કહીને દેવી બનાવવામાં આવી છે. સ્ત્રી વિશેના આ વિચારો આત્યંતિક જ છે. સ્ત્રીને સ્ત્રીરૂપે સ્વીકાર કરવામાં આવે એ જ પૂરતું છે.

સ્ત્રીઓનું જે સ્થાન કુદરતમાં છે તેને આધારે સ્ત્રીને, સ્ત્રીદેહને પુરુષદેહ કરતાં વધુ ભાગ્યશાળી ગણવાપાત્ર છે, તેમાં સંદેહ નથી. તે એટલે સુધી કહેવામાં હરકત નથી કે મનુષ્યનો જન્મ, ભારતમાં જન્મ અને સ્ત્રીનો અવતાર એનાથી ઊંચું સ્થાન જગતમાં બીજું જડવું મુશ્કેલ છે.

આખી દુનિયામાં સ્ત્રીઓનું સ્થાન કે દરજ્જો જે પહેલાંના કાળમાં હતો તેનો તેજ આજે પણ છે. પણ પુરુષોએ સ્ત્રીઓને કરેલા અસંખ્ય અન્યાયોની ઘટનાઓ અને વર્ણનો આલેખ્યા કરીશું તો અભ્યાસ અને સંશોધનની નવી દિશાઓ ખૂલ્યા છતાં કોઈ વર્ગવિગ્રહ હોય તેમ સ્ત્રી-પુરુષના સંબંધોની મૂલવણીનો ક્યારેય અંત નથી આવવાનો.

સ્ત્રી-પુરુષના સંબંધ પર તો સમાજ જ નહીં, સમગ્ર સૃષ્ટિનું અસ્તિત્વ છે. તો એના વિશે જ તલસ્પર્શી વિચારણા જરૂરી નથી ?'

સ્ત્રી-સ્વંત્રતાનો વિચાર જ્યાં પણ થયો છે ત્યાં એ પુરુષોના એક પ્રકારના અનુકરણ જેવો થયો છે. અને તેથી પતિ-પત્ની વચ્ચે વિમુખતા, લગ્ન-વિચ્છેદ, એકલતા જેવાં પરિણામો આવ્યાં છે.

સ્ત્રીએ પુરુષ સમોવડી બનવા પ્રયત્ન કરવાની ભૂલ ક્યારેય કરવાની જરૂર નથી. કુદરતે સ્ત્રીને બનાવીને જે બહુ મોટો પક્ષપાત કરેલો છે, કુદરતે છૂટા હાથે સ્ત્રીઓને જે બક્ષ્યું છે તેનો થોડોકેય વિચાર કરવામાં આવશે તો પુરુષોને તેને માટેની અદેખાય નથી થતી તેને માટે સ્ત્રીએ સરજનહારનો પાડ માનવાનો છે.

સ્ત્રીત્વની સ્વાભાવિક્તાને પુરુષોએ ઓળખી નથી અને પુરુષોએ સ્ત્રીને અબળા જ માનીને પોતાનો અહંકાર પોષ્યા કર્યો છે અને છતાં પણ છાને ખૂણે અંબા, અંબિકા, કાળકા કે ઉમિયાને જ પાય લાગે છે.

'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' કહેનારે કદી વિચાર્યું નથી, કે પગની પાની (સ્ત્રીની બુદ્ધિ) પર જ સંપૂર્ણ શરીરનું અસ્તિત્વ ટકી રહ્યું છે. મહિલા એટલે મહાન હિતકારી અથવા મધુર એવો અર્થ થાય, દુનિયામાં કોઈ પણ ભાષામાં આટલો ઉન્નત શબ્દ નથી. 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તત્ર રમન્તે દેવતાઃ' એ વિધાન પણ પુરુષોનું જ છે. સ્ત્રી શબ્દ મૂળ સંસ્કૃત 'સ્તૃ' ધાતુ પરથી બન્યો છે, સ્તૃ એટલે વિસ્તાર, ફેલાવો કરવો. દુનિયા આખીમાં પ્રેમ ફેલાવવો તે સ્ત્રીનું કાર્ય છે. પરમાત્માનું કાર્ય છે.

ઘણા બધા શબ્દો, ધર્મના અને દૈનિક વ્યવહારના, આપણી સમજ બહારના હોય છે. સ્ત્રીને 'ગૃહિણી ' કહેવામાં આવે છે એટલે કે ઘરની ઉપરી. સચિવ શબ્દનો અર્થ ડાહી સલાહકાર એવો થાય છે. ત્રીજો શબ્દ છે 'સખી' એટલે સારી મિત્ર.

દુનિયા ધમધમાટ ૨૧મી સદીમાં પ્રવેશતી આગળ વધી રહી છે. ત્યારે સમાજના દરેક ક્ષેત્રોનાં વલણો બદલાતા જાય છે. સ્ત્રી-પુરુષનું માનસ, એનું જીવન-તત્વજ્ઞાન, રીતિ-નીતિઓ રોજિંદો વ્યવહાર અંગત ખાનગી જીવનનાં ધોરણો તેમજ દાંપત્ય શૈલી બધું જ બદલાઈ રહ્યું છે.

આજે સૌથી વધુ મૅગેઝિનો અને સામયિકોમાં સ્ત્રી કેન્દ્ર સ્થાને છે. સ્ત્રીના મૅગેઝિનો વધતાં જાય છે અને વેચાણ પણ વધતું જાય આજે બૂકસ્ટોલના સ્ટૅન્ડ પર ચમકતા ગ્લોસી મૅગેઝિનો ઠેર ઠેર જોવા મળે છે. જેના મુખપૃષ્ઠ પર ફેન્સી મોડેલ સામાન્યતઃ હોય છે. સૌથી વધુ વેચાણ અને લોકપ્રિયતા પણ ધરાવે છે, 'વુમન્સ ઈરા' પખવાડિકનું વેચાણ એક લાખ નકલોનું છે. ગૃહશોભાની ત્રણ લાખ નકલો ખપે છે. ફેમિનાની ૫૦ હજારથી વધુ નકલો વેચા છે. આ બધું શું છે ? દુનિયા બદલાય રહી છે. કે બીજું કાંઈ?

# નારી સૃષ્ટિ

કોઈ સ્ત્રીને જો પોતાની શ્રેષ્ઠતાની ખબર પડી જાય તો તેવી સ્ત્રી ચોવીસ કલાક આનંદમાં રહી શકે અને પોતાનું સૌંદર્ય, કોમળતા અને યૌવન જીવનભર ટકાવી શકે છે. શ્રમવિભાગમાં સ્ત્રીને ભાગે જે કામ આવેલું છે તે પણ એટલું જ આનંદદાયી છે. સ્ત્રી પોતાના પતિ માટે, કુટુંબીજનો માટે, બાળકો માટે જે કંઈ કરે છે તેમાં તે કોઈની અપેક્ષાઓ પૂરી કરે છે એવું નથી. પરંતુ બીજા કોઈ કામમાંથી આટલો આનંદ નથી મળતો, તેનો વિચાર સ્ત્રીએ પણ કદી કર્યો નથી એજ આશ્ચર્યની વાત છે.

નોકરી કે ધંધામાં બૉસને અને ગ્રાહકોને ખુશ રાખવા માટે જે સહજતાનો ભોગ લેવાય છે. તેની સરખામણીમાં ઘરકામ કેટલું સહજ અને આનંદદાયક છે? સ્ત્રી સહજ ગુણોનો તેમાં વિકાસ છે. સાક્ષર, ચિત્રકાર, સંગીતકાર કે અભિનેતા બનવામાં જે તપ કરવું પડે છે અને પરિણામે જે આનંદની અનુભૂતિ થાય છે તેનાથી અનેકગણી અનુભૂતિ એક માનવબાળને જન્મ આપવામાં થાય છે. માતૃત્વનાં પદની તોલે દુનિયાનું કોઈ પદ ન આવી શકે. આવા પ્રભુના પયગંબરને ઉછેરવા એને જો બોજો બનાવાય તો પછી તેના જેવું દુર્ભાગ્ય બીજું ક્યું?

કુદરતી રીતે અનાયાસે મળેલ ઉત્તમોત્તમ પદનું સન્માન કોઈ કરે કે ન કરે સ્ત્રીનો અવતાર ભાગ્યશાળી જ છે.

નારી જગતમાં ૨૧મી સદી જબરજસ્ત પરિવર્તનો લાવશે એવાં એંધાણ વર્તાઈ રહ્યાં છે, એવું લાગે છે કે નવા સૂરજ સાથેનું આકાશ ખૂલી રહ્યું છે. અને નારી જગત માટે અનુકૂળ વાતાવરણ આપમેળેજ રચાઈ રહ્યું છે. સમગ્ર રીતે જોતાં તો અત્યારે એવું સઘન-આશાસ્પદ ચિત્ર દેખાય છે, કે ભારતની નારી ૨૧મી સદીમાં તેની નવીન મૌલિક સંસ્કૃતિ રચશે, જેમાં જૂની સઘળી માન્યતાઓ, રૂઢિઓ અને રિવાજોને તિલાંજલિ આપવામાં આવશે, જેના સંસ્કાર નારીની આધુનિક અસ્મિતા અને ગરિમામાં ઉત્પન્ન થયા હશે, જે મુક્ત સ્વતંત્રતાના પ્રખર હિમાયતી હશે. એ યુગ નવો હશે, જેને પુરુષો પણ સ્તબ્ધ બનીને અચંબાથી નિહાળશે! તે દિવસની નારીની વિચારધારા સહેજ ચોંકાવનારી હોવા છતાં યથાર્થ હશે. નૂતન શતકનું સ્વાગત નારીના હાથો વડે અને વિચારો વડે જ થશે.

આપણે સૌ એટલું તો સ્વીકારીએ કે સ્ત્રી કેવળ શરીર નથી એની પાસે ભાવનાસભર હૃદય હોય છે, એટલું જ નહીં કલા પ્રવીણતા કે પ્રગલ્ભ બુદ્ધિમતા પણ હોય છે.

આપણે સૌ સત્ય એ જ પરમેશ્વર માનીએ છીએ, સત્ય અને પરમેશ્વરને સૌથી શાનદાર માનીએ છીએ તો એ પણ સ્વીકારીએ કે નારીના નૈસર્ગિક ગુણવાળી એક હસમુખી નારી સત્યનો સુગંધીદાર ભાગ છે. પ્રકૃતિ અને પરમાત્માનો પ્રેમપૂર્ણ અનુબંધ એટલે 'નારી.' નારી પ્રેમની પ્રતિમા છે અને નારીજીવનની સાર્થકતા સહજ સરલ પ્રેમના સ્વીકારમાં જ છે.

■ ■ ■



उन्नति
सबमर्सिबल पम्प

Unnati®
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it*
*Together we have always done it"*



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
ISO 9001
BUREAU VERITAS
Certification
MORE STARS MORE SAVINGS
IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# શક્તિ, બુદ્ધિ અને ભક્તિના દેવતા મંગલમૂર્તિ હનુમાનજી

હનુમાન જયંતિ એભારતીય ઉપખંડમાં ઉજવવામાં આવતો હિંદુ ધર્મના લોકોનો મહત્ત્વનો તહેવાર છે. આ તહેવાર ચૈત્ર સુદ પૂનમના રોજ ધામધૂમથી મનાવવામાં આવે છે.

હનુમાનજી હિંદુ ધર્મના શ્રેષ્ઠ દેવતા અને શ્રીરામના પરમ ભક્ત છે. તેઓ બળ, બુદ્ધિ, વિદ્યા અને ભક્તિના દેવતા મનાય છે. રામાયણ, મહાભારત સહિત વિવિધ પુરાણોમાં તેમનું વર્ણન જોવા મળે છે. તેઓ માતા અંજની અને પિતા કેસરીના પુત્ર છે. ચૈત્રી પૂનમનો દિવસ હનુમાનજીના જન્મ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉલ્લાસપૂર્વક ઉજવાય છે.

ડાંગ જીલ્લાની આદિવાસી પ્રજાને એક આસ્થા છે કે હનુમાનજીનો જન્મ ડાંગના અંજની પર્વતમાં આવેલી અંજની ગુફામાં થયો હતો. આહવાથી ૩૦ કી.મી. ના અંતરે આ ગુફા આવેલી છે. હનુમાનજીના ૧૦૮ નામ માંથી ૧૨ નામ મુખ્ય છે. હનુમાન, અંજની સુત, વાયુપુત્ર, મહાબલી, રામેષ્ટ, ફાલ્ગુણ, સખા, મીન્ગાક્ષ, અભિત વિક્રમ, ઉદાધિક્રમણ, સીતા શોક વિનાશન, લક્ષ્મણ પ્રાણદાતા, દશગ્રીવ દર્પણ તેમનું બાળપણનું નામ મારુતિ હતું. તેઓ અંજની પુત્ર હોવાથી અંજનેય તથા પિતાના નામ પરથી કેસરી-નંદન તરીકે ઓળખાય છે. દરેક નામનો અર્થ તેમના જીવનનો સાર જણાવે છે.

રામાયણ અનુસાર હનુમાનજી જાનકીને ખૂબ જ પ્રિય છે. બજરંગબલી આ પૃથ્વી પરના સાત ઋષિઓમાં સામેલ છે. જેમને અમરત્વનું વરદાન મળ્યું છે. ભગવાન રામની મદદ માટે હનુમાનજીનો અવતાર થયો હતો.




**બજરંગબલી :**

એકવાર હનુમાનજીએ માતા સીતાને સિંદુર લગાવતા જોયા, ત્યારે તેમને તેમને પૂછ્યું કે તમે સિંદુર કેમ લગાવો છો ? માતા સીતાએ જવાબ આપ્યો કે તે પોતાના પતિ શ્રીરામના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે આ સિંદુર લગાવે છે. આ સાંભળીને બજરંગબલીએ વિચાર્યું કે જયારે આટલું સિંદુર લગાવવાથી ભગવાન રામને આટલો ફાયદો થાય છે તો આખા શરીર પર સિંદુર લાગવાથી ભગવાન અમર થઈ જશે આમ વિચારીને જાય શ્રી રામ કહેતા તેઓ પોતાના શરીર પર સિંદુર લગાવે છે. હનુમાનજીની આ ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન રામ આશીર્વાદ આપે છે કે આજથી તમે બજરંગબલી તરીકે ઓળખશો.

**હનુમાનજી :**

અન્ય એક પૌરાણિક કથા અનુસાર બાળપણમાં હનુમાનજી સૂર્યને ફળ માનીને ખાવા દોડતા હતા. તે સમયે દેવરાજ ઈન્દ્ર હનુમાનજીને સૂર્ય તરફ જતા જોઇને ડરી ગયા અને તેમને હનુમાનજી મુખ પર પ્રહાર કર્યો. જેથી હનુમાનજીનું જડબું તૂટી ગયું હતું જડબાને હનુ કહેવામાં આવે છે, તેથી તેનું નામ હનુમાન પડ્યું.

**પવનપુત્ર :**

બજરંગબલી શા માટે પવનપુત્ર તરીકે ઓળખાય છે? તેની પાછળ પણ એક દંતકથા છે કે માતા અન્જાણીએ તપસ્યા કરીને વાયુદેવને પ્રસન્ન કર્યા હતા. જેના પર વાયુદેવે માતા અંજનીને પુત્રનું વરદાન આપ્યું. આમ વાયુદેવના આશીર્વાદથી તેનો જન્મ થયો હોવાથી તેમનું નામ પવનપુત્ર અને વાયુપુત્ર પડ્યું.

**સંકટમોચન :**

એવું માનવામાં આવે છે કે જયારે પણ ભગવાન રામ પર સંકટ આવ્યું ત્યારે હનુમાનજીએ સંપૂર્ણ નિષ્ઠા અને ભક્તિ સાથ્ગે તેમનું સંકટ દૂર કર્યું તેમણે બહાદુરીથી રાવણની લંકાને આગ લગાડી. જયારે લક્ષ્મણ બેહોશ થયા ત્યારે જડીબુટ્ટીના નામે આખો પર્વત ઉપાડી લીધો. આ રીતે સંકટને દૂર કરવાને કારણે તેમનું નામે સંકટમોચન પડ્યું છે.

હનુમાનજી શક્તિ અને બુદ્ધિના દેવતા છે. સંકટમોચન હનુમાન તેમના ભક્તોને તમામ બંધનો અને મુશ્કેલીઓથી મુક્ત કરાવે છે. ભગવાન શિવના ૧૧ માં અવતાર (રુદ્ર) મનાતા હનુમાનજીએ વાનર સ્વરૂપે ભગવાન રામની સેવા કરી. પૌરાણિક કથા અનુસાર તેઓ વાનરના વંશજ હતા, જેના કારણે રાજસ્થાનના વિરાત્નાગરમાં તેમના વાનર રૂપની પૂજા થાય છે. હનુમાનજીએ લંકા દહન વખતે વાનર રૂપ ધારણ કર્યું હતું. હનુમાનજીનું શરીર વ્રજ જેવું હતું તેથી પણ તેઓ બજરંગબલી કહેવાય છે. પૌરાણિક માન્યતાનુસાર ધરતી પર માત્ર સાત લોકોને અમરત્વ મળ્યું છે. જેમાંથી પવનપુત્ર હનુમાનજી એક છે. હનુમાનજી પાંચ ભાઈઓમાં મોટા હતા.

રામાયણમાં રામે સીતાને શોધવાનું કપરું કાર્ય હનુમાનજીને સોપ્યું હતું, જે તેમને બખૂબી નિભાવ્યું હતું. રામને હનુમાન ઉપર પૂર્ણ વિશ્વાસ હતો, તેથી જ જયારે રાવણના ભાઈ વિભીસણનો સ્વીકાર કરવો કે ન કરવો તે ગડમથલમાં પડેલા રમે સુગ્રીવના અભિપ્રાયને ઉલેખીને પણ હનુંમાન્જીજીના મંતવ્યનો સ્વીકાર કરેલો. કારણ કે રામ હનુમાનને માત્ર એક ભક્ત તરીકે જ નહોતા નિહાળતા પણ તેનામાં રહેલા માણસને પારખવાની અદભુત શક્તિને પણ સમજતા હતા. તેઓ વિદ્વાન જ નહિ; એક વીર સૈનિક પણ હતા. તેનામાં કોઈપણ કાર્ય બુદ્ધિપૂર્વક હાથ ધરવાની સમજદારી હતી. તેથી તેઓએ એકલે હાથે રાવણની આખી લંકા સળગાવી નાખી હતી. રામના કોઈ પણ મહત્વના કર્યો કે કટોકટીની ક્ષણોમાં હનુમાન હંમેશા સાથે હતા. ઈન્દ્રજીતના બાણથી મરણશૈયા પર પડેલા લક્ષમણને ઔષધિ લાવીને હનુમાનજીએ બચાવી રાવણનો યુદ્ધમાં નાશ થયો તે સમાચાર સીતાને આપવા રામ હનુમાનને મોકલે છે.

**હનુમાનજીના જન્મની કથા :**

સુમેરુ પર્વત પર વાનરરાજ કેસરીનું રાજ હતું. તેની અતિ સુંદર પત્નીનું નામ અંજના હતું. એકવાર અંજના પોતાની ઈચ્છાનુસાર સુંદર અલંકારો-વસ્ત્રો ધારણ કરી વર્ષાઋતુમાં પર્વતના શિખર પર વિસરવા લાગ્યાં. આ સમયે પર્વતની ટોચ પર વાયુ સડસડાટ વહેતો હતો. અંજનાના શરીર પરનું સુક્ષ્મ વસ્ત્ર વાયુએ ખસેડી નાખ્યું. સર્વાંગ સુંદર એવી અંજના ઉપર વાયુદેવ કામવશ થઇ ગયા. તેમને અદ્રશ્ય સ્વરૂપે પોતાની લાંબી ભુજાઓ પ્રસારી અંજનાને ગાઢ આલિંગન આપ્યું. આથી વાયુદેવનું આત્મતેજ તરત જ અંજનાના ગર્ભમાં પ્રવિષ્ઠ થઇ ગયું, અનજાને ભાન થયું કે પોતાને કોઈએ ગાઢ આલિંગન કર્યું છે, પરંતુ કોઈ પુરુષ જોવામાં આવતો નથી. ગભરાયેલી અંજનાએ ક્રોધિત થાને બોલી, “મારા પતિવ્રતને કલંક લગાડનાર તું કોણ છે?”.

આ સાંભળીને વાયુદેવ પ્રત્યક્ષ થયા અને અનજાને સાંત્વન આપતા બોલ્યા, તું ભય ન પામ, હું તારા પતિવ્રતનો નાશ નહિ કરું, હે મહાશયસ્વીની તારા પર આસક્ત થવાથી મેં માત્ર આલિંગન જ કર્યું છે. પરંતુ તેથી તને મારા અંશરૂપે એક મહા સમર્થ પુત્ર પ્રાપ્ત થશે. તેના સામર્થ્ય, બુદ્ધિ અને પરાક્રમને ત્રિલોકમાં કોઈપણ આંબી નહિ શકે. તદ્દન મારા સમો જ થશે. સમય જતા અદભુત શક્તિશાળી પુત્રનો જન્મ થયો. તે પુત્ર એટલે મહાબલી હનુમાનજી એક માન્યતાનુસાર હનુમાનજીની માતા અંજનાને ભગવાન શિવે પુત્ર તરીકે જન્મ લેવાનું વરદાન આપ્યું હતું.

**હનુમાનજીનું બાળપણમાં પરાક્રમ :**

એકવાર ઉદય પામતા સૂર્યને કોઈ તેજસ્વી ફળ માનીને પકડવાની ઈચ્છાથી આકાશમાં ઉડવા લાગ્યાં અને ત્રણ હાજર યોજન ઉંચે ગયા, ત્યારે સૂર્યએ પોતાના તેજ વડે પાછા પૃથ્વી પર નાખ્યાં, છતાં તેઓ વતાત્મજન હોવાથી ફરીથી સૂર્ય તરફ ધસ્યા. દેવતાઓમાં હાહાકાર મચી ગયો. હનુમાનને રોકવા ઈન્દ્રએ તેના પર વ્રજનો પ્રહાર કર્યો. આથી તેમનો ડાબો હનુ (હડપચી) છેદાઈને તે એક પર્વતના શિખર પર પડ્યા. આથી જ અંજની પુત્ર હનુમાન કહેવાયા.

પોતાના પુત્ર પર ઈન્દ્રના પ્રહારથી વાયુદેવ ક્રોધિત થયા અને આખા બ્રહ્માંડમાંથી પોતાનું અસ્તિત્વ શૂન્ય કરી નાખ્યું. સૃષ્ટિમાં રણકાર થઇ ગયો, ત્યારે દેવતાઓ સ્તુતિ કરી વાયુદેવને પ્રસન્ન કર્યા. વાયુદેવે પોતાના પુત્રને વરદાન આપવા કહ્યું, તુરંત જ બ્રહ્માજીએ વરદાનરૂપે હનુમાનજીનું સ્વરૂપ

વજનું કરી દીધું અને સર્વ દેવતાઓએ પણ વિવિધ શક્તિઓ આપી હનુમાનજી પણ શક્તિશાળી બનાવી દીધા. આ રીતે વરદાનના પ્રભાવથી આગળ જઈને હનુમાનજીએ અગણિત પરાક્રમના કાર્યો કર્યા.

**સૂર્યદેવ અને હનુમાનજી :**

સૂર્ય પાંચ દેવોમાંના એક છે અને હનુમાનજી ગુરુ પણ છે. બાળક હનુમાન થોડા મોટા થયા પછી માતા અંજની અને પિતા કેસરીએ તેને જ્ઞાન મેળવવા માટે સૂર્ય ભગવાન પાસે મોકલ્યા. હનુમાનજીએ સૂર્યદેવ પાસે જઈને પોતાને શિષ્ય બનવાની પ્રાર્થના કરી. સૂર્યદેવે કહ્યું કે હું એક ક્ષણ માટે પણ ક્યાંય રોકી શકતો નથી તેથી મારા રથમાંથી ઉતારી તને જ્ઞાન આપી શકું નહિ; ત્યારે હનુમાનજીએ કહ્યું કે તમારે રોકવાની કે ગતિ ઓછી કરવાની જરૂર નથી, હું તમારી સાથે સફર કરતા-કરતા જ જ્ઞાન મેળવીશ. સૂર્યદેવ આ માટે સંમત થયા. આ પછી સૂર્યદેવ હનુમાનજીને તમામ વેદ અને શાસ્ત્રોનું જ્ઞાન આપ્યું. આ રીતે સૂર્યદેવની કૃપાથી હનુમાનજીને જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ ઘટનાથી આપણને એ સંદેશ મળે છે કે જો વ્યક્તિની શીખવાની ભાવના હોય તો વિપરીત સ્તિથીમાં પણ યોગ્ય શિક્ષક પાસેથી જ્ઞાન મેળવી શકે છે. પરંતુ આ માટે તેને હંમેશા તૈયાર રહેવું પડે. આ ઉપરાંત નારદ તથા માતંગઋષિ પાસેથી પણ તેમણે શિક્ષણ મેળવ્યું હતું. ઋષિના આશ્રમમાં જ હનુમાનજીનો જન્મ થયો હતો. માતંગઋષિ શબરીના પણ ગુરુ હતા.

એક માન્યતાનુસાર સૂર્યદેવે હનુમાનજીને નવમાંથી પાંચ વિદ્યાઓ શીખવી હતી, પરંતુ જ્યારે અન્ય ચાર વિદ્યાઓ શીખવાનો સમય આવ્યો ત્યારે સૂર્યદેવે હનુમાનજીને પોતાની પુત્રી સુવર્ચલા સાથે લગ્ન કરવાનું કહ્યું. કારણ કે આ શિક્ષણનું જ્ઞાન પરણીતાને જ આપી શકાતું હતું. હનુમાનજીએ લગ્ન પછી તે તપસ્યામાં લીન થઇ ગયા અને હનુમાનજી અન્ય ચાર વિદ્યાઓનું મેળવવામાં તલ્લીન થઇ ગયા આવી સ્તિથીમાં લગ્ન કર્યા પછી તેમનું બ્રહ્મચર્ય વ્રત તૂટ્યું ન હતું.

શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી હનુમાનજીએ તેના ગુરુ સૂર્યનારયાનને ગુરુ દક્ષિણા માટે પ્રાર્થના કરી. સૂર્યદેવે ગુરુદક્ષિણા લેવાની ના પડી પરંતુ હનુમાનજીના અતિ આગ્રહથી સૂર્યદેવે ગુરુદક્ષિણાના રૂપમાં તેના પીડિત પુત્ર સુગ્રીવની રક્ષા અને મદદ કરવા કહ્યું. હનુમાનજીએ સૂર્યદેવની આજ્ઞાનું પાલન કર્યું અને સુગ્રીવની મદદ કરવા ગયા.

હનુમાનજીની ભક્તિ કરવાથી વ્યક્તિના દરેક સંકટ દૂર થાય છે. તેનામાં સાહસ અને આત્મવિશ્વાસનો સંચાર થાય છે. તેની પૂજા કરવાથી અને તેની કથા સાંભળવાથી વ્યક્તિની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. હનુમાનજીને કલિયુગના દેવતા માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે હનુમાનજી આજે પણ પૃથ્વી પર બિરાજમાન છે. રામચરિત માનસના સુંદરકાંડ (પાંચમું સોપાન) માં તેની કથા આવે છે. આ કાંડ એ મહાત્માઓની ઉપાસનાનો કાંડ છે. આ કાંડનું સ્મરણ, ચિંતન અને સ્વાધ્યાય આપણા જીવનના દરેક કાંડને સુંદર બનાવી દે છે. કારણ કે આ કાંડની પ્રત્યેક ચોપાઈમાં હનુમાનજીની તેજસ્વિતા ભરેલ છે.

"પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માંહી, જલધિ લાધિ ગયે અચરજ નાહીં ।"

સંસારનો પ્રત્યકે વ્યક્તિ "હનુમાન ચાલીસા" ને જાણે છે. ભવસાગર પાર કરવાનો ઉપાય 'હનુમાન ચાલીસા' પાસે છે, જેમાં હનુમાનજીના વ્યક્તિત્વ અને જીવનનું તેજોમય વર્ણન સમાવિષ્ઠ છે. પવનપુત્રનું નામ લેતાં જ બધાં દુઃખ દૂર થઈ જાય છે. જ્યાં સુધી આ ધરતી પર પ્રભુ રામનું નામ રહેશે, ત્યાં સુધી રામભક્ત હનુમાન રહેશે. હનુમાન ભક્ત શિરોમણી તો છે જ પરંતુ એ ત્રણેય લોકમાં સૌથી શક્તિશાળી દેવ છે. રામ સ્વયં યુદ્ધ સમયે રાત્રે જ્યારે સમય મળતો ત્યારે જામવંતજીના શ્રી મુખેથી હનુમાનજીની કથા સાંભળતા હતા.

"પવન તનય કે ચરિત સુહાયે ।
જામવંત રઘુમત્તિહિં સુનાયે ॥"

હનુમાનજી આપણને ભક્તિ પણ આપે છે અને મુક્તિ પણ આપે છે. હનુમાનજી એક એવા દેવ છે કે તમે જે ઈચ્છો તે તેની પાસેથી પ્રાપ્ત કરી શકો છો, કારણ કે તેઓ માત્ર દેવ નથી પરંતુ દેવાધિદેવ મહાદેવતા અવતાર (અગિયારમા રુદ્ર) છે.

"રામદૂત અતુલિત બલધામા અંજનીપુત્ર પવનસુત નામા ।

મહાવીર વિક્રમ બજરંગી કુમતિ નિવાર સુમતિ કે સંગી ॥"

હનુમાનજી અનુપમ છે, અદ્વિતીય છે અને એટલા માટે જ આપણે હનુમાનજી પાસે આજના પવિત્ર દિવસે પ્રાર્થના કરીએ કે તમે જે રીતે ભગવાન રામને સાગર પાર કરાવ્યો હતો તે રીતે જ અમને પણ ભવસાગર પાર કરાવજો.

■ ■ ■



**રસિક પટેલ**
લેખક, જાણીતા અખબારોના કોલમિસ્ટ
અમદાવાદ

# "માફી સર્વોચ્ચ શાંતિ માટેનું હથિયાર છે... તો શું માફી આપીને અમૂલ્ય શાંતિ ખરીદી શકાય ?"

કેટલાક પાપ કે ગુના અક્ષમ્ય અપરાધની શ્રેણીમાં આવતા હોય છે, કેટલાક દુષ્કર્મ કુકર્મ એવા હોય છે જે ક્યારેય ના માફ કરી શકાય પરંતુમાફ કરીને શાંતિ ખરીદીએ જે લાભ નો સોદો રહેશે, કેટલાક જઘન્ય કૃત્યોની આગ સદીઓ સુધી પ્રજ્વલિત રહેતી હોય છે, એ જ પ્રમાણે કેટલાક આઘાત એવા હોય છે જે જીરવી શકાય તેવા નથી હોતા, એમ છતાં માફી આપીને શાંતિ ખરીદી લઈએ, કુકર્મ કરનારની સજા આપણે નક્કી ના કરીએ..એને કુદરતને હવાલે છોડી દઈએ, અને આપણે માફ કરીને શાંતિ ખરીદીએ.

આતંક ખુદ આતંકના ભારથી તૂટી પડે છે. બર્બરતાથી બરબાદી સિવાય કંઈ જ હાથમાં આવતું નથી.માટે જ માફી સર્વોચ્ચ શાંતિ માટેનું હથિયાર છે, અને માફીની શ્રેણીમાં ના આવતા ગુનાની પણ માફી આપીને આપણે આપણી શાંતિને સર્વોચ્ચ સ્થાને બેસાડી શકીએ છીએ, કારણ કે આખરે આપણી શાંતિથી વિશેષ કશું જ નથી, આપણી શાંતિ સર્વોચ્ચ સ્થાને છે.

પાપ પુણ્યનો હિસાબ ત્રાજવે તોલતા તોલતા ક્યાં સુધી જીવીશું ? શું સાચું ? શું ખોટું ? એ બધા હિસાબનું અઘરું કામ કુદરત ઉપર છોડી દઈને કુદરતના ન્યાય ઉપર ભરોસો રાખીને. બસ માફી આપીને આપણે છુટ્ટા થઈ જઈએ ..માફી આપણા પોતાના માટે છે, નહિ કે સામેવાળા માટે વેરની આગને સતત પ્રજ્વલિત રાખી શકાય નહી તેને તો ઠારવી તે જ બધાના હિતમાં હોય છે, વેર ભાવને મનમાં સતત વાગોળ્યા કરવાથી આપણું મન મગજ બધુ જ કલુષિત થઈ જાય છે, નિર્મળ મન પણ મેલું થવા માંડે છે, વેરની આગમાં ક્રોધ આપણા શરીરનો કબજો લઈ લે છે, આખરે આપણું શરીર ભયંકર ગુસ્સાને કારણે ધ્રુજવા માંડે છે, હાઈ બીપી ની સાથે સાથે શરીરના બીજા અંગો પણ પોત પોતાની કાર્ય ક્ષમતા ગુમાવે છે, વેર ભાવનો અગ્નિ આપણા શરીરને સતત બાળ્યા કરે છે. ભયંકર માં ભયંકર અપમાન પણ આપણી શાંતિથી વધારે મૂલ્યવાન નથી.

જેમ કોમ્પ્યુટરમાં વધારાનો નકામો ડેટા સાફ કરવા માટે ડિલીટ બટનનો ઉપયોગ કરીને વધારાનો જમા થયેલો કચરો સાફ કરી દેતા હોઈએ છીએ એમ આપણા જીવનમાં પણ કયારેક ક્યારેક ડિલીટના બટનનો ભરપુર ઉપયોગ કરતા રહેવું જોઈએ, અશાંત પરિસ્થિતિ ઊભી કરીને આપણા જીવનને વારંવાર ધમરોળતા આસુરી તત્વોને આપણા જીવનમાંથી ડિલીટ કરીને – સંપૂર્ણ માફી આપીને..હા સંપૂર્ણ માફી આપીને જીવન જીવવાનો રસ્તો અપનાવી લેવો જોઈએ,

માફી આપી દેવાથી આપણું મન હળવું થઈ જાય છે.. માફી આપણે આપણા માટે આપવાની છે.નહિ કે સામે વાળા માટે, આપણા મન મગજમાંથી સંપૂર્ણ તિલાંજલી આપી દેવાથી અને સંપૂર્ણ માફ કરી દેવાથી આપણું ખુદનું જીવન પક્ષીના પીંછા જેવી હળવાશ અનુભવશે તે નક્કી, વેરની આગ સદીઓ સુધી પ્રજ્વલિત રહેતી હોય છે અને આવી આગમાં કૂદી પડવાની મૂર્ખામી ક્યારેય ના કરવી જોઈએ.

કરેલા પાપો ક્યાંય ધોવાતા નથી પરંતુ કરેલા પાપોના દુષ્પરિણામ દરેકે ભોગવવા પડતા હોય છે, કપડાનો મેલ દૂર થઈ શકે છે પરંતુ કરેલા પાપોનો મેલ જલ્દી દૂર થતો નથી

જીવનમાં બનતી કેટલીક ઘટનાઓમાં માફી અક્ષમ્ય છે, કેટલાક કૃત્યો એવા હોય છે જે માફી ને લાયક ક્યારેય હોતા જ નથી, એમ છતાં માફી આપણે આપણી શાંતિ માટે આપવી જોઈએ,આપણા વિકાસ અને પ્રગતિ માટે પણ માફી આપવી હિતાવહ છે, રસ્તામાં મસ મોટો કાળમીંઢ પથ્થર પડ્યો હોય તો આપણે ત્યાં અટકી જતાં નથી, આપણે એ પથ્થરની આજુબાજુથી અથવા તો એ પથ્થરની ઉપરથી પસાર થઈ જઈએ છીએ, માફી આપીને આપણે આપણી જાત સાથે લડાતા યુદ્ધ ને શાંત કરીએ છીએ તેની સાથે સાથે આપણે આપણી જાતને કેટલાક દુષ્ટાત્માઓ જેવા તત્વોથી અલિપ્ત કરીને આપણે અનહદ શાંતિનો અહેસાસ - અનુભવ કરી શકીએ છીએ, યુદ્ધ માં ભાગ લીધા પછી શસ્ત્ર ઉઠાવવું જ પડે પરંતુયુદ્ધની ભુમી છોડીને પણ આપણે શસ્ત્ર ને વિરામ આપી શકીએ છીએ, જો બધા જ લોકો યુદ્ધની ભુમી છોડી દે તો કોણ કોની સાથે યુદ્ધ કરશે?" એ ચિંતન માંગી લે તેવો વિષય છે, લડવા માટે પણ સામે કોઈક તો જોઈએ ને? સામે કોઈ હશે જ નહિ તો તમે કોની સાથે યુદ્ધ કરશો, એજ રીતે આપણા મનમાં રચાતા દ્વેષ, ક્રોધ, વેર ભાવના,

# સમાજ સૃષ્ટિ

અપમાનના યુદ્ધને પૂર્ણ વિરામ આપી દો,આપણા મન રૂપી યુદ્ધ ની ભુમીમાં રચાતા દ્વેષ, કોધ, માન અપમાન, કે વેર ભાવનાના દાવાનળ ને શાંત કરી ને યુદ્ધ ની ભૂમિ છોડી દો અને અલિપ્ત થઈ જાવ, પછી સામે લડવા માટે કોઈ હશે જ નહિ અને જે શૂન્યાવકાશ સર્જાશે તે તમને અદભૂત શાંતિ ની અવસ્થા માં લઈ જશે, બહારના યુદ્ધ કરતાં આપણા મનમાં રચાતું યુદ્ધ ભયંકર હોય છે એના માટે અસલ જડીબુટ્ટી માફી છે તે નિર્વિવાદ છે.

ઈર્ષા અને ક્રોધથી ભભૂકતો માણસ ક્યારેય શાંતિ પામી શકે નહિ, ઈર્ષાના દાવાનળમાં સળગતો માણસ શાંતિ પામી શકતો નથી આખરે આ ઈર્ષા ક્રોધ ની આગ આખા પરિવારને લપેટમાં લઈ લે છે.પરિવાર ના નિર્દોષ સભ્યો પણ આ આગમાં દાઝી જાય છે, એક જ વ્યક્તિની આગ આખા ઘરને સળગાવી મૂકે છે.

કોઈ અપમાનની કોઈ દ્વેષની...કોઈ વેરભાવની... કોઈ દુશ્મનાવટ ની ગાંઠ મારી લેવાથી આપણી જ ધમનીઓ બ્લોક થાય છે અને આપણું પોતાનું જ લોહી ગંઠાઈ જવાની ભરપુર સંભાવના છે, ગાંઠ ને ઢીલી છોડવાથી લોહીનો પ્રવાહ ધમનીઓમાં સારી રીતે પ્રવાહિત થાય છે, અને શરીરને લોહીનો પુરવઠો યોગ્ય માત્રામાં મળી રહે છે અને લોહીનું સારી રીતે પ્રવાહિત થવાથી શરીર મન સ્વસ્થ રહે છે, શેરડીના સાંઠામાં ગાંઠ હોઈ શકે પરંતુ આપણી લોહીની નળીઓમાં ક્યારેય નહી, શરીરમાં લોહીને પ્રવાહિત કરતી જુદી જુદી નળીઓને પણ શુદ્ધ લોહી મળતા તેની પણ તંદુરસ્તી સારી રહે છે,અને આ બધા લાભા લાભ સતત માફ કરતા રહેવાથી મેળવી શકાય છે એ જ પ્રમાણે સારા વિચારોનો પ્રવાહ ભક્તિમય જીવન અને યોગથી તન મનની તંદુરસ્તી સર્વોચ્ચ સ્થાને બિરાજે છે, પાણીની પાઇપલાઇન હોય કે પછી રસ્તો ..જ્યાં પણ વળાંક આવે છે ત્યાં પ્રવાહ ધીમો પડે છે, આપણા જીવનની ગતિની ઝડપ નદીના પ્રવાહ અને ધીમી ધારે વહેતા ઝરણાં જેવી રાખીએ, એકદમ ધીમી પણ નહિ અને એકદમ ઝડપી પણ નહિ.

તેલ તાવડામાં ઉકળે તો બરાબર છે.વ્યાજબી પણ છે, પરંતુ એ જ તેલ કાળજામાં ઉકળે તો અચૂક જીવ ચુંથાય, કોઈનું સારું જોયા પછી આપણને પણ સારું ફીલ થાય તો સારું છે, પરંતુ જો બળતરા થાય તો નક્કી હૃદય - કાળજામાં આગ લાગશે, અને તાત્કાલિક Heart specialist ને બતાવવા દોડવું પડે,પરંતુ હૃદયની બળતરા નો ઈલાજ Heart specialist પાસે પણ નહિ હોય, એતો કાળજામાં ટાઢક ત્યારે જ થાય કે બીજાનું સારું જોઈને આનંદ થાય, ક્યાંક સારા સત્કર્મો કે સારા કાર્યો થકી પણ જીવને શાતા મળે છે. બીજાનું સારું ઇચ્છીએ.. બીજાનું સારું કરીએ, બીજા નું ભલુ થાય. આવા વિચારો થકી જ જીવાત્માને હળવાશ મળે... શાંતિ મળે, ઉકળતું તેલ તાવડામાં જ શોભે, ઉકળતા તેલની જેમ કાળજાને બાળ્યા કરીએ તો યમરાજા નું તેડું વહેલું આવે તે નક્કી અને પાકી વાત છે, સંતો કહેતા હોય છે કે ભગવાન સૌનું ભલું કરે એની પાછળ નું વિજ્ઞાન એ છે કે આપણી સૌનું ભલું કરવાની ભાવના આપણું પણ ભલું કરે જ...હા આપણું પણ સારું થાય.થાય અને થાય જ પરંતુ બીજાના ટાંટિયા ખેંચ્યા કરવાથી આપણા ટાંટિયા પણ ભાંગે ભાંગે અને ભાંગે જ તેમાં કોઈ મીનમેખ નથી. ફરીથી કર્મ નો સિદ્ધાંત લાગુ પડે છે કે જેવું વાવો તેવું લણો અને જેવું કરો તેવુંભોગવો તે નિર્વિવાદ છે

નફરતથી કોઈના દિલને ક્યારેય જીતી શકાતું નથી,નફરત કે વેર ની ભાવના સામેવાળાને તો કશું જ નુકસાન નહિ પહોંચાડી શકે, પરંતુ હા તમને અંદરથી ખોખલા જરૂર કરી મૂકશે, પૂનમના સોળે કળાએ ખીલેલા ચંદ્રની અનુપમ ચાંદનીમાં જે શીતળતા છે તેવી જ શીતળતા આપણા વ્યક્તિત્વમાં હશે તો જ આપણા સંપર્કમાં આવનાર દરેક ને શાતા મળશે, ઘટાદાર વૃક્ષો નીચે બેસતી ગાયો એટલે જ બેસે છે કે વૃક્ષ ની શીતળતાનો તે અનુભવ કરે છે,અને આમેય લોકો જ્વાળામુખીને પસંદ નથી કરતા પરંતુ ખડખડ ધીમી ધારે વહેતી નદીના કિનારે બેસવાનું વધારે પસંદ કરે છે,જ્યાં જ્યાં પ્રકૃતિ શાંત અને સૌમ્ય છે ત્યાં અચૂક પણે વિશ્રામ લેવા રોકાય છે,જ્યાં સૂર્ય દેવ રોદ્ર રૂપ ધારણ કરી બેઠા હોય ત્યાં તેના તાપથી લોકો બચીને ચાલે છે, જ્યારે ચંદ્રની શીતળતા શાંતિ પ્રદાન કરે છે એવું જ આપણા જીવનમાં પણ છે,તમારો તાપ તમને તો શાંતિ નહિ જ આપે પરંતુ તમારા સંપર્કમાં આવનાર દરેકને દઝાડશે તે નક્કી.

માફી માંગવી અને માફી આપવી એ સૌથી અઘરું કામ છે, વાત તો સાચી પરંતુ બહુમૂલ્ય એવી શાંતિ મેળવવી તેનાથી પણ અઘરી વાત છે, અને જીવનના ચડાવ ઉતાર વચ્ચે માફ કરતા રહેવાથી આવી શાંતિ મેળવી શકાય છે.

■ ■ ■




## નવી દિશા... નવા વિચાર...







# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલિટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઉંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય...


## જય સહકાર... જય કિસાન...

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

| દિનેશભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
|---|---|---|
| ઈન્ચાર્જ સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડિરેક્ટરગણ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉંઝા**





**અંબાલાલ આર. પટેલ**
લેખક, જાણીતા આધ્યાત્મિક ચિંતનકાર

# કેવો ભારતીય સમાજ પ્રભુને ગમે ?

|| અર્થ પાવિત્ર્ય, કામ પાવિત્ર્ય, પિંડગત, સંસ્કારગત પ્રગતિ જનતાના લોહીમાં સ્થિર કરે, તે ભારતીય સમાજ પ્રભુને ગમે ||

ભારતીય સમાજ એટલે જેના વર્તમાન કાલીન સુખ દુઃખો અને ભવિષ્ય કાલીન સ્વપ્નો એક થયા છે, જેના શ્રદ્ધા કેન્દ્રો ને પવિત્ર પુણ્ય ભૂમીઓ એક છે, અર્થ અને "કામ" પાવિત્ર સાથે શાશ્વત નૈતિકમૂલ્યો ઉપર પ્રેમ કરનારો જે સમૂહ તે સમાજ, પિંડગત પ્રગતિ અને સંસ્કારગત પ્રગતિ આમ જનતાના લોહીમાં લઈ જનારો વર્ગ તે સમાજ, આવો વર્ગ અનેક કુટુંબોને પોતાના હૃદયમાં સ્થાન આપી શકતો.

આવા અનેક સમાજો ૧૦ ગામ, ૨૦ ગામ, ૫૦ ગામોના સમૂહમાં કાર્યરત રહેતા જેને આપણે વિલેજ પાર્લામેન્ટ કહીશું, આ સમાજોનું ન્યાય બંધારણ અર્થ અને કામ પાવિત્ર્યના બેઝ ઉપર રહેતું, આ લોકો કમીટી - મીટીંગો કે સમૂહોમાં ભેગા થતા તેમાં સમય – શક્તિ – બુદ્ધિ કે વિત્ત શક્તિ વપરાય તેની સામે વેતન મજુરી પગાર કે ભથ્થુ – ભાડુ લેતા જ નહિ, અવૈતનિક ભક્તિની બેઠકથી કામ કરતા, તેઓ માનસ શાસ્ત્ર, સમાજ શાસ્ત્ર રાજ્ય શાસ્ત્ર અને તત્વજ્ઞાનની કોઠાસૂઝ ધરાવતા હતા.

આ સમાજો નાના રૂપમાં દરેક ગામમાં પંચ અને "મુખી" તરીકે કામ કરતા, ગામમાં કે સમાજમાં જમીન મિલ્કત કે કોઈ લેતી દેતીના ઝગડાઓમાં ઈશ્વરના કાયદાઓ મુજબ ન્યાય આપતા, તેઓ પરિસ્થિતી જન્ય - વાસનાજન્ય કે પ્રતિક્રિયાત્મક થી ઉપર ઉઠીને ન્યાય આપતા, તેથી ઈશ્વરી કાયદાઓનું ગૌરવ ઉભુ થતું. પરિણામે લોકોમાં ચિરંતન શાશ્વત નૈતિક મૂલ્યો સ્થિર થતા, જેથી વ્યક્તિ ગુનો કરે તો સમાજની નજરમાં હીણો ગણાતો, તેથી ગુનાઓનું પ્રમાણ નહિવત રહેતું, આવું અર્થ પાવિત્ર્ય જળવાતા લોક જીવનમાં હું મફતનું લઈશ નહિ તેવી તેજસ્વીતા આવતી આવા સમાજોનું કાર્ય ગૌરવ પ્રભુને ગમે.

આમ "અર્થ" પાવિત્ર્ય જોડે "કામ" પાવિત્ર્યને ધ્યાનમાં રાખી લગ્ન સંબંધોનું કામ પણ આ સમાજો દ્વારા થતું જેને આપણે પિંડગત પ્રગતિ કહીશું, તેમાં જાતિ-કુળ-ગોત્ર-શિક્ષણ દૈવીગુણો અને આર્થિક સમૃદ્ધિની સમાનતા જોતા, તે સાથે પાંચ પેઢી નજીકમાં યુવક-યુવતીના લગ્ન સંબંધો બાંધતા નહિ, યુવક યુવતીના સ્વભાવો સાથે તેમનું ચારિત્ર્ય પણ જોતા. લોકો કહે છે, અમને જાતિ કુળનો બાધ નથી, અરે ભાઈ તમોજ રેસના ઘોડાની જાતિ અને કુળની સાત પેઢી જોઈને સટ્ટો-દાવ લગાડો છો, ઘરમાં પળાતા કુતરાની જાતિ-કુળ પણ તમેજ પૂછીને તે મુજબના ભાવથી ખરીદો છો, ત્યારે તમારા લગ્ન સંબંધ માટે જાતિ-કુળ-ગોત્રનો બાધ નથી તેમ કહો તે કેવળ હાસ્યાસ્પદ છે. હજુ આજે પણ "રામ"ના પ્રપિતામહ રાજા રઘુ વિષે બોલીએ છીએ કે || રઘુકુળ રીત સદા ચલી આઈ - પ્રાણ જાઈ અરુ બચન ન જાઈ ||

આ સમાજોના આગેવાનો યુવક-યુવતીનું સામ્યબંન્ને, પક્ષે વેવાઈઓનું સામ્ય ધંધા રોજગારનું સામ્ય, સ્થિતી અને ખાનદાનીનું સામ્ય જોતા, પુત્રીના પિતા તો યુવક અને તેના કુટુંબમાં દારૂ-માંસ-ઈંડા-વ્યભિચાર અને જુગાર દુષણ મુદ્દલ ન હોય તે બારીકાઈથી જોવાતું. ગામમાં જે તે ગર્ભીત રીતે પૂછવામાં આવતું, બધી તરફના સારા રિપોર્ટો આવ્યા પછી ભગવાનને ભળાવીને લગ્ન સંબંધ નક્કી થતો. સમાજ જ્યારે આવી નજરે જોતો હોય ત્યારે ઉપર મુજબના દુષણો ઘરમાં ન ઘુસે તે માટે સહુ સાવધ રહેતા, આવી બધી તરફથી ચકાસણી બાદ જે લગ્નો થતાં તે આજીવન રહેતાં તેમાં છુટાછેડા કે ફારગતીને કોઈ સ્થાન ન રહેતું. પરિણામે દાંમ્પત્ય સ્થિરતા-કુટુંબ સ્થિરતા અને સમાજ સ્થિરતા રહેતાં સર્વાંગીણ વિકાસ થતો. તેવા લગ્નોમાં પતિને પત્નિ દેવી લાગતી, અને પત્નિને પોતાનો પતિ દેવોનો પણ દેવ લાગતો, તેમાં પુરુષનું કર્તૃત્વ અને સ્ત્રીનુ સમર્પણ બરાબર લગ્ન આ સત્ય સાર્થક થતું. તેની સામે આજની લોકશાહી સરકારોએ કાયદા કરી, આવા તમામ સમાજો - કુટુંબો - પંચો અને મુખીઓ પાસેથી ઈશ્વરી કાનુનો મુજબ ન્યાય કરવાની તમામ સત્તાઓ અને તેમના પદોને છીનવી લઈ સહુને પંગુ બનાવ્યા છે.

# સમાજ સૃષ્ટિ

જેમકે એક ખાનદાન પિતાનો પુત્ર દારૂ પીને ઘરમાં આવ્યો પિતાને પ્રથમજ ખબર પડતાં તેના પ્રતિકારમાં તેને લાફો માર્યો તો પુત્ર પોલીસ થાણે ગયો, પોલીસ કેસ થયો, પિતાને કોર્ટે દંડ કર્યો તમે કાયદો તમારા હાથમાં ન લઈ શકો અમને ફરીયાદ આપો, જે પિતાએ એક ફુટમાંથી પુત્રને સાડા પાંચ ફુટનો કર્યો ભણાવ્યો, ગણાવ્યો, જમાડ્યો, કપડાં બીજુ બધુ આપ્યું તેને પુત્રના દુષણને ડામવા પિતા તરીકે લાફો મારવાનો પણ હક્ક નહિ. આ પ્રજાતંત્રની સ્વતંત્રતાને કયા વર્ગીકરણમાં મૂકશો. આજે આપણી પવિત્ર લગ્ન સંસ્થા ફારસરૂપ હાસ્યાપદ ને દુઃખદ બની છે. તેના પરિબળોમાં "લીવ-ઈન રીલેશનશીપ" આસાનીથી મળતા છુટાછેડાથી કારણભુત છે. જેમ કે યુવતી તેની મુગ્ધાવસ્થામાં કામાંધ બની કોઈપણ અજાણ્યા યુવાન જોડે માતાપિતાની સંમતી કે જાણ સિવાય પણ કોર્ટમાં જઈ લગ્ન નોંધાવી શકે છે. લીવ-ઈન-રીલેશન શીપમાં લગ્ન સિવાય પણ પુખ્ત વયના યુવક-યુવતી શારીરિક સુખો ભેગા રહી ભોગવી શકે, છુટા પણ પડી શકે, પરિણામે આજે ગુજરાતમાં ૧૦૦ લગ્ને ૩૦ કેશ ટાછેડાના નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૪૦ નોંધાયા છે. ભવિષ્યમાં ૮૦ નોંધાશે ત્યારે ત્રણ કોસના પ્રાણી પશુઓ નર માદા બદલ્યા કરે અને કામ સુખ ભોગવ્યા કરે તેમ માણસ પાંચકોસનું પ્રાણી હોવા છતાં યુવક – યુવતીઓ પશુ નર માદાની જેમ બદલતા જશે અને "કામ" સુખ ભોગવતા જશે, ત્યારે દાંપત્યો કુટુંબ સમાજો છિન્નભિન્ન થઈ જશે, લગ્નો થશે છૂટાછેડા થશે કોર્ટમાં મિલ્કતના પ્રશ્નો, બાળકોના પ્રશ્નો અને ભરણ પોષણના દાવા વર્ષોના વર્ષો સુધી ચાલ્યા કરશે, તે બધા કેશોને લડવા માટે ફેમીલી ડૉક્ટરની જેમ દરેક કુટુંબમાં એક ફેમીલી વકીલ રાખવો પડશે.

તો હવે દેશ ભક્તો, સંસ્કૃતિ સૈનિકો સૌ જાગો અને ઉપર મુજબની ઋષિમાન્ય, ઈશમાન્ય સમાજ વ્યાવસ્થા વડે, "અર્થ" પાવિત્ર્ય "કામ" પાવિત્ર્યને નૈતિક મૂલ્યો ફરીથી ઉભા કરવા તેવું બંધારણ લાવવા બધાજ સમાજો - પંચો અને મુખીઓ સંગઠીત બની પ્રયત્નશીલ બનીશું તો તેવા સમાજોનું ગૌરવ પ્રભુને ગમશે.

■ ■ ■

## યોગાહાર : આહારનો યોગ - આહારનું એન્જિનીયરીંગ

### દેશ અને સમાજનું ઉજ્જવળ ભવિષ્ય એટલે તંદુરસ્ત બાળકો

- જો બાળકો તંદુરસ્ત તો જ દેશનું ભવિષ્ય ઉજ્જવળ.
- આપના બાળકોને યોગ્ય આહાર આપી, યોગાહારી બનાવશો તો, નિરોગી અને હોંશિયાર બનશે.

### ભગવાન કૃષ્ણ : ભગવદ્ ગીતામાં યોગની વ્યાખ્યા

**योगः कर्मसुः कौशलम् - એટલે જે કર્મ કરીએ તેમાં કુશળતા પ્રાપ્ત કરવી એ જ યોગ**

- બાળકો તમામ કાર્યમાં કુશળતા પ્રાપ્ત કરે એ જ સાચો યોગ.
- બહેનો દ્વારા બનાવેલી રસોઈ એવી હોવી જોઈએ કે ખાનારને મજા આવે સાથે કોઈ બિમાર ના પડે અને બિમાર હોય તે ધીરે ધીરે સાજા થવા જોઈએ.
- સાચા યોગથી જ જીવન સફળ સાથે તંદુરસ્ત રહે.

### અષ્ટાંગ યોગ : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ

- **યમ (ફરજ) :** સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

  **સત્ય :** સમસ્યાના મૂળ (સત્ય) સુધી જવાનો પ્રયત્ન કરવો એ જ સત્ય.
- **નિયમ :** શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન.

  **શૌચ :** સફાઈ (તનની રોગમુક્ત રાખે, મનની સફાઈ સંબંધો સાચવે)








Security with CCTV
Jogging Track
Landscape Garden
Club House Indoor games
Multi Purpose Hall
Open Theatre
Gymnasium
Gazebo
Children Play Area
Senior Citizen Sitting
Drop Off Zone
DG Set

# THE SPIRE

**3 BHK HAPPY LIVING & SHOPS**

SCAN FOR LOCATION

**Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club**
**S.P. Ring Road, Ahmedabad 380060**

**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

# સ્વામી વિવેકાનંદજીનું યુવાનોને સંબોધન

❖ મારા બહાદુર બાળકો ! મહાન કાર્ય કરવાને તમે સરજાયાં છો એવી શ્રદ્ધા રાખો. કૂતરાં ભસ્યા કરે તેથી બીતાં નહિ, અરે ! આકાશ તૂટી પડે તો પણ શું ? ટટ્ટાર ખડાં રહો અને કામ કરો.

❖ તમારા દેશને વીરોની જરૂર છે; મર્દ બનો. પર્વતોની જેમ અડગ રહો. સત્યનો સદા જય છે. રાષ્ટ્રની નાડીઓમાં નવું ચેતન ધબકે એટલા માટે ભારતને નવીન વિદ્યુત પ્રવાહોની જરૂર છે. મર્દ બનો, મર્દ બનો; માણસ માત્ર એકવાર મરે છે. મારા અનુયાયીઓમાં નામર્દાઈ ન જોઈએ. હું નામર્દાઈને ધિક્કારું છું. ખૂબ ઊંડી માનસિક સ્વસ્થતા જાળવો; નાદાન પ્રાણીઓ તમારી વિરુદ્ધ ફાવે તેમ બોલે તેની જરા પણ દરકાર ન કરો. ઉપેક્ષા ! ઉપેક્ષા ! સદંતર ઉપેક્ષા ! યાદ રાખો, આંખ તેમજ કાન બે છે, પણ મોઢું માત્ર એક જ છે. કઠિન મુશ્કેલીઓ સામે લડવાથી જ મહાન કાર્યો પાર પડે છે. એટલે મનુષ્ય તરીકેનું તમારું બધું બળ વાપરો. કામ-કાંચનના સકંજામાં જકડાયેલ દયાજનક લોકોને તો ઉપેક્ષાની દૃષ્ટિએ જ જોવા જોઈએ. મારા બંધુ ! તમારી અંદર બધી શક્તિ રહેલી છે. ઓ શક્તિશાળી ભાઈ, તમારા સર્વશક્તિમાન સ્વભાવને તમારી મદદે બોલાવો, અને આખુંયે વિશ્વ તમારે ચરણે પડશે; એકમાત્ર આત્મા મુખ્ય છે, પ્રકૃતિની કંઈ ગણતરી નથી. 'આપણે દુર્બળ છીએ, દુર્બળ છીએ, દુર્બળ છીએ.' એવી દયાજનક ચીસો મૂર્ખાઓ જ પાડે છે. પ્રજાને હિંમત અને વૈજ્ઞાનિક પ્રતિભાની જરૂર છે. આપણને અજબ જુસ્સાની, અખૂટ શક્તિની અને અમાપ ઉત્સાહની જરૂર છે. નામર્દાઈ ચાલશે નહિ. ઉદ્યોગી પુરુષસિંહને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. પાછળ જોવાની જરૂર નથી. આગે બઢો ! અપાર સાહસ, અપાર ખંત, અપાર હિંમત અને અપાર ધીરજની આપણને જરૂર છે; તો જ જબરાં કામો પાર પડશે.

❖ જૂના ધર્મો કહેતા કે 'જે ઈશ્વરમાં માને નહિ તે નાસ્તિક છે.' નવો ધર્મ કહે છે : 'જેને પોતાનામાં શ્રદ્ધાં નથી તે નાસિક છે.'

❖ બળ એ જીવન છે; નિર્બળતા એ મૃત્યુ છે, બળ એ પરમાનંદ છે, શાશ્વત અને અનંત જીવન છે ! નિર્બળતા એ કાયમી બોજો અને સંતાપ છે. નિર્બળતા મૃત્યુ છે. બાળપણથી જ બળવાન અને ઉચ્ચ વિચારો તમારા મગજમાં ધારણ કરો.

❖ દુઃખનું એકમાત્ર કારણ નિર્બળતા છે. આપણે નિર્બળ છીએ, તેથી જ આપણે હેરાન થઈએ છીએ. આપણે નિર્બળ છીએ, તેથી જ જૂઠું બોલીએ છીએ, ચોરી કરીએ છોએ, ખૂન કરીએ છીએ તેમજ બીજા ગુનાઓ કરીએ છીએ. આપણે નિર્બળ છીએ, તેથી જ નાશ પામીએ છીએ, જ્યાં નિર્બળ બનાવનાર કંઈ નથી, ત્યાં મૃત્યુ પણ નથી, શોક પણ નથી.

❖ એકમાત્ર શક્તિની જરૂરિયાત છે. દુનિયાના દર્દને નાબૂદ કરવા શક્તિ એ જ ઔષધ છે. જ્યારે ધનિકો જોરજુલમ કરે, ત્યારે શક્તિ એ ગરીબોનું ઓસડ (દવા) છે. જ્યારે ભણેલા માણસ સતામણી-હેરાન કરે, ત્યારે શક્તિ અભણની દવા છે. જ્યારે બીજા પાપીને હેરાન કરે, ત્યારે પાપી માટે શક્તિ એ ઉત્તમ ઈલાજ છે.

❖ ઊભા થાઓ, હિંમત ધરો, મજબૂત બનો. તમારા પર પૂરેપૂરી જવાબદારી લો અને તમારા ભાગ્યના સ્રષ્ટા તમે જ છો એમ જાણો.



તમને જરૂર હોય એવી બધી શક્તિ, બધી સહાય તમારી અંદર જ છે, તેથી તમારું ભવિષ્ય તમે જ સર્જન કરો.

❖ ખ્યાલ રાખો કે બધાં પાપ અને અનિષ્ટોનો 'નિર્બળતા' એ એક શબ્દમાં સમાવેશ થઈ જાય છે. બધાં પાપાચરણમાં નિર્બળતા સંચાલક શક્તિ છે. નિર્બળતા સર્વ પ્રકારના સ્વાર્થનું મૂળ છે. નિર્બળતા બીજાનું બૂરું કરાવે છે. પોતે જે વાસ્તવિક રીતે નથી તે બહાર દેખાડવામાં પણ નિર્બળતા જ કારણભૂત છે.

❖ અત્યારે આપણા દેશને વજ્ર જેવી માંસપેશીની, પોલાદી સ્નાયુઓની જરૂર છે, જેનો સામનો થઈ શકે નહિ એવી પ્રબળ ઈચ્છાશક્તિની જરૂર છે. વિશ્વનાં રહસ્યો ઉકેલી શકે અને મહાસાગરના ઊંડાણમાં મૃત્યુનો સામનો કરીને પણ અડગ રીતે પોતાનું કાર્ય સાધી શકે એવી ઈચ્છાશક્તિની જરૂર છે.

❖ આપણે ઘણું રુદન કર્યું; હવે રડવું છોડી દઈ મર્દ બનો. મર્દ બનાવે એવા ધર્મની આપણને જરૂર છે. મર્દ બનાવે એવા સિદ્ધાંતોની આપણને જરૂર છે. સર્વ રીતે મર્દ બનાવે એવી

# યુવા સૃષ્ટિ

કેળવણીની આપણને જરૂર છે અને આ રહી સત્યની કસોટી - જે કાંઈ તમારામાં શારીરિક, માનસિક કે આધ્યાત્મિક નિર્બળતા આણે તેનો ઝેર ગણીને ત્યાગ કરો; તેનામાં જીવનનું સત્ત્વ નથી. તે સાચું હોઈ શકે જ નહિ. સત્ય બળવર્ધક છે, પવિત્ર છે અને જ્ઞાનમય છે. સત્ય તો શક્તિદાયક, જ્ઞાનસ્વરૂપ, ચેતનવંત છે.

❖ આપણે પોપટની માફક ઘણી બાબતો વિશે માત્ર બોલીએ છીએ, પરંતુ કંઈ કરતા નથી; બોલવું અને કરવું નહિ—એ આપણી ટેવ છે; તેનું કારણ શું ? શારીરિક નબળાઈ. આવું નબળું મગજ કંઈ કરી શકતું નથી. આપણે તેને સબળ બનાવવું જોઈએ. સર્વ પ્રથમ આપણા યુવકોએ બલિષ્ઠ બનવું જોઈએ, ધર્મ તો પછીથી આવશે. ગીતાના અભ્યાસ કરતાં ફૂટબોલની રમત દ્વારા તમે ઈશ્વરની વધારે નજીક જઈ શકશો. સબળ અને સ્નાયુબદ્ધ શરીર હશે તો તમે ગીતાજી વધારે સારી રીતે સમજી શકશો. જુવાનીનું જોમ તમારી નાડીમાં વહેતું હશે તો તમે શ્રીકૃષ્ણની મહાન પ્રતિભા અને અદ્ભુત શક્તિ વધુ સારી રીતે પચાવી શકશો. માનવ તરીકે પોતાના જ પગ પર નિર્ભર રહેવાની તમારામાં તાકાત હશે તો ઉપનિષદોનું જ્ઞાન અને આત્માની મહત્તા તમે જલદીથી સમજી શકશો.

❖ વિશાળ થવાની કોશિશ કરો. યાદ રાખો કે ગતિ અને વૃદ્ધિ, એ જ જીવનની એકમાત્ર નિશાની છે.

❖ નીતિમાન બનો, હિંમતવાન બનો, હૃદયની વિશાળતા કેળવો; પૂરેપૂરા નીતિમાન અને સાહસિકતાની હદ સુધી બહાદુર બનો, ધાર્મિક સિદ્ધાંતોની માથાફોડ કરી મગજ પકવો નહિ. બાયલાઓ જ પાપ કરે છે, શૂરવીર કદી નહિ, દરેકે દરેકને ચાહવાનો પ્રયત્ન કરો.

❖ ખોટા આડંબરથી કોઈ મહાન કાર્ય પાર પાડી શકાતું નથી, પ્રેમ દ્વારા, સત્યની સાચી ધગશ અને અપાર શક્તિ દ્વારા માથે લીધેલાં કાર્યો પાર પડે છે. તેથી તમારું પૌરુષ પ્રકટ કરો.

❖ આદર્શવાન પુરુષ જ એક હજાર ભૂલ કરે તો મારી ખાતરી છે કે આદર્શહીન મનુષ્ય પચાસ હજાર ભૂલ કરશે, તેથી આદર્શ હોવો એ ઈચ્છનીય છે.

❖ અહા ! જો તમે તમારી જાતને જાણતા હો તો ! તમે તો આત્મા છો, પરમાત્મા છો. હું તમને મનુષ્ય કહીને બોલાવું ત્યારે મને લાગે છે કે ખરેખર, હું ઈશ્વરની નિંદા કરી રહ્યો છું.

❖ હું તો સત્યને પડખે છું. સત્ય અસત્યને કદી સાથ આપે નહિ. સમગ્ર જગત મારી વિરુદ્ધ હોય તો પણ સત્ય જ છેવટે વિજયવંત થાય છે.

❖ આ દુનિયા નિર્માલ્યો માટે નથી. નાસી જવાનો પ્રયત્ન કરતા નહિ. જય કે પરાજયની આકાંક્ષા રાખતા નહિ.

❖ જાગ્રત થાઓ. પ્રગતિશીલ બનો, માનવજીવન ક્ષણભંગુર છે, તો એનાં જીવન સંભારણાં મૂકી જાઓ; નહિ તો પછી તમારામાં અને ઝાડપાન તથા પથ્થરમાં ફેર શો ? તેઓ પણ જન્મે છે, સડે છે અને નાશ પામે છે.

❖ હિંમતવાન બનો ! સૌથી પહેલી વાત તો એ છે કે મારાં બાળકોએ સાહિસક બનવું. કોઈપણ કારણસર સત્યનો ત્યાગ કરી નહિ. ચોમેર ઉત્તમોત્તમ સત્યનો ઉપદેશ કરો. તમારું માન જશે અથવા વિકટ અથડામણો ઊભી થશે તેની બીક રાખો નહિ. સત્યનો ત્યાગ કરાવે એવાં પ્રલોભનોનો સામનો કરી, જો તમે સત્યની સેવા કરશો, તો ખાતરી રાખજો કે, તમારામાં એવું દિવ્ય બળ આવશે કે તેની સમક્ષ માણસો અસત્ય ઉચ્ચારતાં કંપી ઊઠશે. જો તમે જરા પણ ડગ્યા વિના ચૌદ વર્ષ સુધી એકધારા સત્યપરાયણ રહી શકો, તો તમે જે કહેશો તે બધું લોકો ખાતરીપૂર્વક માનશે જ.

❖ ભાઈ ! પોલાદી સ્નાયુબદ્ધ શરીરની તથા ઈંદ્રના વજ્ર સમાન દૃઢ મનની હું માગણી કરું છું.

❖ અસત્ય કરતાં સત્ય અનંતગણું જોરદાર છે, તેવી જ રીતે ભલાઈનું પણ સમજવું. જો તમારામાં આ બે હશે તો કેવળ તેમના પ્રભાવથી જ દિશાસૂચન મળશે.

❖ હિમાલય સમાં વિઘ્નો ઓળંગવાની તમારામાં ઈચ્છાશક્તિ છે? હાથમાં તલવાર ખેંચીને તમારી વિરુદ્ધ આખી આલમ ખડી રહે તો પણ તમે જેને સત્ય માનતા હો, તે કરવાની તમારામાં હિંમત છે ? તમારાં બાળકો તથા પત્ની વિરોધ કરે, તમારું સર્વસ્વ હરાઈ જાય, તમારું નામ ભૂંસાઈ જાય, તો પણ તમે સત્યને વળગી રહેશો ? ગમે તે થાય તો પણ તમારા લક્ષ્યસ્થાન પ્રત્યે નજર રાખી આગળ વધશો ?

❖ યજ્ઞયાગ, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, મંત્રોચ્ચાર એ જ કંઈ ધર્મ નથી. જો તેનાથી આપણા વિચારો ઉચ્ચ થાય કે આપણે ઈશ્વરનો, પૂર્ણતાનો સાક્ષાત્કાર કરીએ અને સુંદર તથા સાહસિક કાર્યો કરવાને પ્રેરાઈએ, તો જ તે બધામાં કંઈ સાર છે.

❖ આપણે ઈશ્વર સ્વરૂપ બનીએ અને પછી બીજાઓને તેવા થવામાં મદદ કરીએ. 'થાઓ અને બનાવો' એ આપણો મુદ્રાલેખ હોવો જોઈએ.

❖ આપણાં ધર્મશાસ્ત્રોમાં જ અભીઃ અભીઃ એ વિશેષણ પરમાત્માને લગાડેલું છે. આપણે અભીઃ અર્થાત્ નિર્ભય થવાનું છે, અને ત્યારે આપણું કાર્ય પૂર્ણ થશે.

❖ તમારાંમાં રહેલી દિવ્યતા પ્રકટ કરો. એટલે તેની આસપાસ બધું સુંદર રીતે ગોઠવાઈ જશે.

■ ■ ■



**ડો. ભગીરથ પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ ઈનીશીયેટીવ કમિટી
બાળકોના ચાહક અને પ્રેરક

# કાચબો કેમ શરમાય છે ?

શિયાળાના દિવસો હતા. ત્યારે એક કાચબો ઠંડી ઉડાડવા ટેકરી ઉપર તડકો ખાતો હતો. નીચે તળાવ હતું.

એ વખતે ત્યાં એક સસલો પાણી પીવા આવ્યો. એણે કાચબાને પૂછ્યું 'કેમ કાચબાજી શું ચાલે છે?' 'ઓહો સસ્સારાણા... ! અત્યારે તો ગુલાબી ઠંડી ચાલે છે. તે વિટામિન 'ડી' લઉં છું. પણ તમે ક્યાંથી આવ્યા?'

'અલ્યા, હું તો જાતરા કરીને આવ્યો ભાઈ, પણ જંગલની કંઈ નવા જૂની?

'જંગલમાં કાલે શિકારીઓ આવ્યા હોય તેમ લાગતું હતું. બંદૂકોની ધાંય... ધાંય... ધાણી ફૂટતી હતી. એટલે જરા સાચવીને જજો અને ના કરે નારાયણ ને એ લોકો સામે મળી જાય તો?'

'તો મારે શું કરવાનું?'

'અરે તમારે મારું નામ દઈ દેવાનું. કારણ આજ લગી એ અમારો શિકાર કરી શક્યા નથી.'

હવે સસલાથી ના રહેવાયું. 'અલ્યા કાચબા, તું છે તો મુઠ્ઠી જેવડો...! અને આવો બાર ખાંડીનો પાવર શાને કરે છે?'

તે પાવર તો હોય જ ને ! યાદ કર. મારા દાદાએ તારા દાદાને દોડમાં હરાવી નાખેલા એ ભૂલી ગયો?

'ઓ હો હો હો...તારી ભલી થાય તારી... તેં હજુ એ રાઈ તારા મગજમાં ભરી રાખી છે? એ તો મારા દાદાની એક ભૂલમાં તમે લાડવો લઈ બેઠા હતા. હવે અમે કાંઈ લસણ ફોલતા નાના કીકલા નથી. સમજ્યો?'

'ઓહો ! તો હવે તમે મોટા તિસમારખાં થઈ ગયા... એમને ! અને એવું જ હોય તો દમ લગા કે દિખા!'

સસલાને થયું. હવે આ કાચબાને પાઠ ભણાવવો પડશે. 'જો ભાઈ, આ ટેકરીથી ઊતરી, પેલી ટેકરી ઉપર ચડીને જે પહેલો આવે એ રાજા અને પાછળ રહી જાય એ વગાડે વાજાં... બોલ મંજૂર?'

'મંજૂર... મંજૂર ચાલ એક દો અને તીન... કરો શરૂ' સસલો તો બચપણથી દોડતો... એટલે એને ફાવટ આવી ગયેલી.



નાનપણમાં કરેલી પ્રેક્ટિસ એને કામ આવી, પણ કાચબાભાઈને તો કદી દોડવાનું ગમે નહીં. હવે પાકે ઘડે કાંઠલો શી રીતે ચડે? તોય બળિયા હારે બાથે પડ્યા. રમત શરૂ થઈ કાચબાભાઈ તો ઠચાક... થૈ...ઠચાક...થૈ... કરતા જાય ને મનમાં લાડવા વાળતા જાય કે સસલો તો ટેકરી ચડતાં જ ગેંગેંફેંફેં થઈ જશે. વળી પાછો જાતરાનો થાક હશે, એટલે ઝાડીમાં આરામ કરશે એટલે ઘસઘસાટ ઊંઘી જશે અને આપણા રામ મેદાન મારી જશે. તેથી મારા બાપદાદાની આબરૂ રંગ રાખશે.

પણ થયું અવળું. સસલો તો ટેકરી ચડીને કાચબાને અધવચ્ચે મળ્યો. સસલાને પાછો આવતો જોઈ કાચબાએ પૂછ્યું : 'ઓહો... સસલાજી ! તમે આ વખતે ઝાડીમાં આરામ કેમ ના કર્યો?'

'જો મિત્ર ! બાપદાદા જે ભૂલ કરી બેઠા, એ ભૂલ સુધારે તેને સપૂત કહેવાય અને એકની એક ભૂલ વારંવાર કરે તેને કપૂત અથવા મૂરખ જાણવો સમજ્યો?'

કાચબાનું મોઢું પડી ગયું. એનું નૂર ઊડી ગયું. 'આ તો આબરૂ ગઈ. હવે કયા મોઢે દુનિયામાં ફરવું?'

ત્યારથી કાચબો તળાવ કિનારે પડ્યો રહે છે અને જેવું કોઈ જાનવર કે માણસ ત્યાં જાય કે તરત તેને જોઈ શરમનો માર્યો પાણીમાં સરકી જાય છે. બાલ મિત્રો ! જોયું ? બાપદાદાની આબરૂ રાખવી હોય તો મહેનત કરવી પડે. ■

(સૌજન્ય : બંસી કુંપાવત)

CAMBRIDGE LEARNING PARTNER
In association with
CAMBRIDGE
Cambridge University Press & Assessment is a non-teaching department of the University of Cambridge

icef CONNECT. RECRUIT. GROW.

Shree Hari has RCIC in team!
RCIC-IRB Regulated Canadian Immigration Consultant

shreehari
EDUCATION CONSULTANT PVT. LTD.
Always Fly High ISO 9001 : 2015 CERTIFIED Co.

IELTS • PTE

Student Visa • Visitor Visa
Dependent Visa

Canada PR
Immigration Related Service

Air Ticket • Travel Insurance
Education Loan



CONTACT +91 95740 08581

www.shreehari.in

Meet our experienced counselors

Ahmedabad (HO)
A/403, Shivalik Yash, on 132 ft ring Road, Naranpura, Ahmedabad-380013, Gujarat
+91 95740 08581 info@shreehari.in I For any feedback write us on: feedback@shreehari.in

Our Branches

New Ranip
209, 2nd Floor Megnet Square, New Ranip, Ahmedabad - 382480, Gujarat
+91 90990 09041/42

Nikol
415, Town Plaza, nr. Raspan Arcade, Nikol, Ahmedabad-382350, Gujarat
+91 95121 20068/69

Kalol
234-235, Shukan Avenue Opp. Sindbad Hotel, Kalol-Mehsana Highway Kalol-382721, Gujarat
+91 95740 08595

Mehsana
E/401-417, Joyas Hubtown, Modhera Cross Road, Mehsana - 384002, Gujarat
+91 95740 08598

Patan
1st Floor, LNK College Premises, College Campus, Rajmahal Road Patan - 384265 Gujarat
+91 99987 73040

Rajkot
309-312, Mantra The Neels Sanjayraj, A.G Chowk, Kalawad Road, Rajkot - 360005 Gujarat
+91 77888 00015/16




**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન


## શ્રી રોહિત અરોરા - યુ.એસ.એ. વિશ્વ ઉમિયાધામની મુલાકાતે






તા. ૦૭-૦૩-૨૦૨૪, ગુરૂવારના રોજ યુ.એસ.એ.થી શ્રી રોહિતભાઈ અરોરા - યુ.એસ.એ. સાથે બિઝનેસ તેમજ કોર્મશિયલ ધિરાણ અંતર્ગત મીટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી - આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી - દીપકભાઈ પટેલ, ચેરમેનશ્રી - ઈનોવેટીવ-ઈનીશીયેટીવના ડો. ભગીરથભાઈ પટેલ, ચેરમેનશ્રી - રસિકભાઈ પટેલ, ઉમા પ્રસાદમ્ તથા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રી રોહીતભાઈ અરોરા દ્વારા કોર્મશિયલ ધિરાણ વિશે વિગેતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

## મહાશિવરાત્રીના શુભદિવસે પૂજા-અર્ચના

તા. ૦૮-૦૩-૨૦૨૪, શુક્રવારના રોજ મહાશિવરાત્રીના શુભ દિવસે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ડો. જય થરૂર - બિઝનેસ - બ્રાન્ડીંગ માસ્ટર દ્વારા ભગવાન ભોળાનાથના શિવલિંગની પૂજા - અર્ચના કરી આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.





## જૂનાગઢથી પધારેલ સ્વામી પિયૂષ બાવાજી વિશ્વ ઉમિયાધામની મુલાકાતે

તા. ૦૯-૦૩-૨૦૨૪, શનિવારના રોજ જુનાગઢથી શ્રી પિયૂષ બાવાજી શ્રી જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ ત્યાર બાદ સંસ્થાના કાર્યાલયની શુભેચ્છા મુલાકાત દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબે વીઝન - મીશન તથા અન્ય પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવેલ.

## મા ઉમિયાના દર્શનાર્થે કલોલના સંતશ્રીઓ

તા. ૦૯-૦૩-૨૦૨૪, શનિવારના રોજ સ્વામિનારાયણ સંસ્થાન ગુરુકુળ, કલોલના પૂજ્ય ભક્ત વત્સલ સ્વામીજી જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ અને તેઓએ પૂજાપાઠ - આરતી કરી ધન્યતા અનુભવી હતી. ત્યાર બાદ સંસ્થાના વીઝન - મીશન તથા અન્ય પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.



## વિશ્વ ઉમિયાધામ ખાતે - ભજન કીર્તન



તા. ૧૧-૦૨-૨૦૨૪, સોમવારના રોજ વિશ્વ ઉમિયાધામમાં કલોલ મહિલા ભજન મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવેલ. ત્યાર બાદ મા ઉમિયાના આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી.

## મા ઉમિયાના દર્શનાર્થે દિવા સ્વપ્ન ફિલ્મના પ્રોડ્યુસર

તા. ૧૪-૦૩-૨૦૨૪, ગુરૂવારના રોજ દિવા સ્વપ્ન ફિલ્મના પ્રોડ્યુસર શ્રી નરેશભાઈ પ્રજાપતિ જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ અને તેઓએ પૂજાપાઠ - આરતી કરી ધન્યતા અનુભવી હતી.





## આણંદ - ખેડા જીલ્લા સંગઠન મીટિંગ

તા. ૧૬-૦૩-૨૦૨૪, શનિવારના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે આણંદ તથા ખેડા જીલ્લા સંગઠનના ચેરમેનશ્રી, કો-ચેરમેનશ્રી, મહામંત્રીશ્રીઓ તથા સભ્યશ્રીઓની બેઠક આગામી આયોજીત મહા સંમેલનની તૈયારીના ભાગરૂપે ચર્ચા-વિચારણા સારું મળી.

# પ્રવૃત્તિ અહેવાલ

## VUF - બનાસકાંઠા જીલ્લા સંગઠન દ્વારા આયોજીત - મહાસંમેલન















તા. ૧૭-૦૩-૨૦૨૪, રવિવારના રોજ VUF બનાસકાંઠા જીલ્લા સંગઠન દ્વારા મહાસંમેલનનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, શ્રી ઋષિકેશભાઈ પટેલ - માન. આરોગ્યમંત્રીશ્રી, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, ચેરપર્સનશ્રી મહિલા સંગઠન ડો. રૂપલબેન પટેલ, કો-ચેરમેનશ્રી, પ્રવિણભાઈ પટેલ, દાતાટ્રસ્ટીશ્રીઓ તથા સંગઠન કાર્યકર્તા ભાઈઓ/બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠા જીલ્લાના પ્રભારીશ્રી ડો. ગિરધરભાઈ પટેલ, ચેરમેનશ્રી મનુભાઈ હાજીપુરા, ચેરમેનશ્રી યુવા સંગઠન, શ્રી અશોકભાઈ બી. પટેલ, મહિલા પ્રભારીશ્રી શશીબેન પટેલ, ચેરપર્સનશ્રી સુનિતાબેન એ. પટેલ તેમજ તમામ સંગઠનના કાર્યકર્તાઓએ લગનપૂર્વક મહેનત કરીને કાર્યક્રમને સફળ બનાવવવામાં અહમ્ ભૂમિકા ભજવી તે બદલ સંસ્થા તમામશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## QMS - અંતર્ગત Audit મીટિંગ





તા. ૧૮/૧૯/૨૦/૦૩-૨૦૨૪, ના રોજ ISO - 9001 : 2015 અંતર્ગત શ્રી વિનય જોગલેકર દ્વારા ઓડીટ કરવામાં આવેલ. જેમાં ઓડિટના ઓપનીંગ દરમિયા સંસ્થાના પ્રમુખશ્રી - QMS હેડ શ્રી આર. પી. પટેલ શ્રી કનુભાઇ પટેલ - ચેરમેન QMS, શ્રી નિખીલભાઇ પટેલ QMS કો-ઓર્ડિનેટર તેમજ તમામ પ્રોસેસ ઓનર્સ ઉપસ્થિત રહેલ. જેમાં ક્વોલીટી મેન્યુઅલ, સીસ્ટમ ઓપરેટીંગ તેમજ ડોક્યુમેન્ટેશન સંબંધિત વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી.

## વિશ્વ ઉમિયાધામની મુલાકાતે ડો. સુધીરભાઈ પરીખ - યુ.એસ.એ.

તા. ૨૦-૦૩-૨૦૨૪, બુધવારના રોજ શ્રી ડો. સુધીરભાઈ પરીખ - યુ.એસ.એ. કે જેઓ એક અમેરિકના ખ્યાતનામ ડોક્ટર છે અને ન્યૂયોર્ક - ન્યુજર્સીમાં ઘણા બધા ક્લિનીક અને હોસ્પિટલ ધરાવે છે. ભારત સરકાર તરફથી તેઓને પદ્મશ્રી એવોર્ડ પણ એનાયત કરવામાં આવેલ છે, ત્યાર બાદ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે લીધેલ અને સંસ્થાના વીઝન - મીશન તથા અન્ય પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.





## પ્રવક્તા પ્રશિક્ષણ સેમિનાર

તા. ૨૩-૦૩-૨૦૨૪, શનિવારના રોજ વિશ્વ ઉમિયાધામ - ખાતે શ્રી મૌલિક સોની કે જેઓ માસ્ટર ટ્રેનર અને માઈન્ડ પાવર કોચ છે. તેઓએ સંસ્થાની વિચારધારા અને પ્રવૃત્તિઓ દેશ-વિદેશ તથા જીલ્લા સ્તરે કેવી રીતે રજૂ કરવી તેની વિશેષ સમજ અને ટેકનીક આપી હતી. સદર સેમિનારમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તથા જીલ્લા - તાલુકા સંગઠના પ્રભારી, ચેરમેન, મહામંત્રીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# VUF - VIBES - દ્વારા રાજકોટ ખાતે ક્રિષ્ણા ચેપ્ટરનો શુભારંભ








તા. ૨૨-૦૩-૨૦૨૪ ના રોજ VUF - VIBES દ્વારા રાજકોટ ખાતે ક્રિષ્ણા ચેપ્ટરનો શુભારંભ કરવામાં આવેલ. આ શુભ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, શ્રી શૈલેષભાઈ સગપરીયા - મોટીવેશનલ સ્પીકર અને લેખક (ગુજરાત સરકારના પૂર્વ સિનીયર કલાસ-૧ અધિકારી), ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, શ્રી રસિકભાઈ પટેલ, શ્રી જયંતિભાઈ લાકડાવાળા, વાઈબ્સ ચેરમેનશ્રી આકાશ વડાલીયા, કોર મેમ્બરશ્રી મયુર પટેલ, ડેનિશ પટેલ, સાગર પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા જીલ્લા સંગઠન દ્વારા મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ - સ્ટેજ પ્રોગ્રામ - ધર્મસભા



VUF મહેસાણા મહિલા સંગઠન દ્વારા મા ઉમિયાના દિવ્યરથનું જવેરા શોભાયાત્રા સાથે ભવ્યાતિ ભવ્ય સ્વાગત



સંસ્થાના પ્રમુખશ્રી, આર. પી. પટેલ, શ્રી ડી.એન.ગોલ તેમજ મહેસાણા જીલ્લા સંગઠના હોદ્દેદારશ્રીઓ દ્વારા દિવ્યથરનું પ્રસ્થાન






જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવા તેમજ સર્વે સમાજને મા ઉમિયાના ભગીરથ કાર્યમાં સહભાગી બનાવવા અંતર્ગત મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ મહેસાણા જીલ્લા શહેરના વિવિધ વિસ્તારોમાં તા. ૨૬-૦૩-૨૦૨૪ થી શરૂ કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, માન.પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ, ચેરપર્સનશ્રી મહિલા સંગઠન ડો. રૂપલબેન પટેલ, કો-ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલ તેમજ દાતાટ્રસ્ટીશ્રીઓ - કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સદર પ્રોગ્રામમાં મહેસાણા જીલ્લા સંગઠનના પ્રભારીશ્રી વી.કે.પટેલ, ચેરમેનશ્રી વિનોદકુમાર એમ. પટેલ, મહામંત્રીશ્રી ગંગારામભાઈ પટેલ, ચેરપર્સનશ્રી શારદાબેન એ. પટેલ, રથ પરિભ્રમણ કન્વીનરશ્રી વિનુભાઈ પટેલ તેમજ તમામ કાર્યકર્તાઓએ લગનપૂર્વક મહેનત કરીને કાર્યક્રમને સફળ બનાવવવામાં અહમ્ ભૂમિકા ભજવી તે બદલ સંસ્થા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

Vishv UMIYA Foundation

# IAS ACADEMY
## GANDHINAGAR

Centre for Excellence IAS ACADEMY Vishv Umiya Foundation

### UPSC-GPSC FULL TIME BATCH

UPSC — GPSC

બંને પરીક્ષા UPSC/GPSC એક જ દિવસે લેવાશે તથા બંને પેપર અલગ અલગ હશે.

**એડમિશન પદ્ધતિ**

શૈક્ષણિક લાયકાત - સ્નાતક | વય મર્યાદા:- 21 થી 30 વર્ષ સુધી

**IAS ACADEMYની પ્રવેશ પરીક્ષા બે સ્તરમાં આપવાની રહેશે**

**પ્રથમ તબક્કો**

| DATE | TIME | PAPER | PATTERN | QUE. | MARKS |
|---|---|---|---|---|---|
| 28 એપ્રિલ 2024 | 10:00 AM TO 12:00 PM | General studies | Objective | 150x1 | 150 |
| | 2:00 PM TO 4:00 PM | Essay | Writting | 50x2 | 100 |

**દ્વિતીય તબક્કો**

| INTERVIEW | MARKS |
|---|---|
| 14/05/2024 થી 16/05/2024 સુધી આયોજિત કરવામાં આવશે. | 100 |

- આ પરિક્ષા ગુજરાતના વિવિધ સેન્ટર પર આયોજિત થશે જેની વિગતવાર માહિતી રજિસ્ટ્રેશન લિંકમાં મળી રહેશે.
- IAS ACADEMY દ્વારા વર્ષ 2025 માટે UPSC તથા GPSC ની પરીક્ષાના તાલીમ વર્ગ શરૂ થશે.

★ **IAS ACADEMY ગાંધીનગરમાં તાલીમ લેવા માટે**

- સર્વે સમાજના વિદ્યાર્થીઓનો પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય બાદ આર્થિક પરિસ્થિતિ ને ધ્યાન માં રાખીને રૂ.૧, રૂ.૧૫ હજાર, રૂ.૩૦ હજારના ટોકન પર પ્રવેશ.

**પરીક્ષાની નિયમાવલી**

- UPSC ના પેપરની ભાષા ENGLISH+HINDI તથા GPSC ના પેપરની ભાષા ENGLISH+GUJARATI
- સામાન્ય અધ્યયન ના પેપરમાં 25% ગુણ લાવનાર વિદ્યાર્થીના જ ESSAY ના પેપર ચેક થશે.
- ખોટા વિકલ્પની પસંદગી પર 0.33 ટકા નેગેટિવ માર્કિંગ થશે.
- પ્રથમ તબક્કામાં સફળ થયા બાદ જ PERSONAL INTERVIEW માટે બોલાવવામાં આવશે.
- પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવા માટેની અંતિમ તારીખ (25-04-2024) રહેશે.
- અભ્યાસક્રમ અંગેની માહિતી ફોર્મ ભર્યા બાદ આપને આપમેળે ઈ-મેઈલ પર મળી રહેશે.

ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે edu.vishvumiyafoundation.org પર ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

IAS Academy
C/o. Radiant School of Science, Block-A, Plot No.131/A, T.P. No.9, Nr. Kh-0, Sthapan-2 Flat, Kh-Road, Gandhinagar-382421 Gujarat

72020 80202
IASAcademyVUF

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

Vishv UMIYA Foundation

# ક્વોલીટી મેનેજમેન્ટ સિસ્ટમ - QMS

## બદલાવનું સંચાલન - Change Management

**આ લેખમાં કેટલાંક પ્રશ્નોના જવાબો મેળવીશું :**

- સંસ્થાઓએ શા માટે બદલાવું પડે ?
- વ્યક્તિગત બદલાવ અને સંસ્થાકીય બદલાવ વચ્ચે શું તફાવત છે ?
- સંસ્થા કઈ રીતે વિકાસ પામે છે ?
- બદલાવ માટે કઈ પૂર્વ શરતો છે ?
- બદલાવની પ્રક્રિયાના કયા તબક્કા છે ?
- બદલાવના વિરોધની પ્રક્રિયા અને તેને કાબૂમાં કરવા શું કરવું ?
- બદલાવની પ્રક્રિયાને સુસ્થાપિત કરવા શું કરવું ?

આ દુનિયામાં એક જ વસ્તુ સ્થિર છે અને તે છે અસ્થિરતા. જૂનું બદલાય છે અને નવાને જગ્યા આપે છે. પ્રાણીઓ માટે જેમ ડાર્વિનના સિધ્ધાન્ત છે કે જે લાયક છે તે જ જીવે છે તે સિધ્ધાન્ત સંસ્થાઓને પણ લાગુ પડે છે.

સંસ્થાનું આંતરિક અને બાહ્ય પર્યાવરણ જોખમો લઈને આવે છે. તેનો સામનો કરવા અને પછી પ્રગતિ કરવા સંસ્થાએ ફેરફારોને આવકારી તે પ્રમાણે ઢળવું પડે છે.

**નિષ્ફળતા પહેલાં સંસ્થાઓ કેટલીક ગેરવ્યવસ્થાઓના લક્ષણો અનુભવે છે. જેવાં કે,**

- સંસ્થાના નેતાઓ તરફથી મજબૂત દિશાનિર્દેશનો અભાવ.
- ટૂંકી દૃષ્ટિ અને વ્યૂહરચના (Strategy) નો અભાવ
- જવાબદારીઓ, કાર્યો અને સંસાધનો વિવાદિત થવા.
- નિર્ણયો લેવાની સ્વાયત્તતા જોખમાય.
- જુની ઘરેડ અને વિકાસ રોકનારી પ્રથાઓને પકડી રાખવી.
- ગતિશીલતાનો અભાવ. સંસ્થાકીય ચરબીનો ભરાવો
- કાર્યકર્તા, કર્મચારીઓ સાથે સંવાદિતાનો અભાવ.

**કેટલાંક તારણો :**

- જ્ઞાન અને વલણો (attitudes) કરતાં વર્તણૂંક બદલવી વધારે મુશ્કેલ છે.
- સમૂહોનો એક ભાગ હંમેશાં બદલાવનો વિરોધ કરે છે કારણ કે ફેરફારોથી હાલની સુખપૂર્ણ સ્થિતિ જોખમાય છે અને ડર લાગે છે.
- સ્વાયત્તતા (Antonomy) અને કંટ્રોલ એ બે વચ્ચે સંતુલન જાળવવું વધારે જરૂરી છે.
- બદલાવના એજન્ટ (Change Agent) એ એવી વ્યક્તિઓનો નાનો સમૂહ છે જે બદલાવની પ્રક્રિયાને વહન કરે છે અને બદલાવને અસરકારક બનાવે છે.

**સંસ્થાકીય બદલાવની પ્રક્રિયા (The Process of organisational change)**

કર્ટ લેવીન નામના મેનેજમેન્ટ ગુરુ ચેન્જ મેનેજમેન્ટની પ્રક્રિયાને નીચે પ્રમાણે વર્ણવે છે :

- Unfreezing ( જુની વ્યવસ્થાના પડ ઉખેડવા, બદલાવથી થનારા ફાયદા વિષે સમજ કેળવવી )

↓

Moving ( નવી વ્યવસ્થા, નવા ફેરફારોમાં ઢળવું )

↓

Refreezing ( નવી વ્યવસ્થાને સ્થિર કરી તેને સુખરૂપ બનાવવી, નવી વર્તણૂંકના ફાયદાનો લોકો આનંદ લે )

**બાહ્ય ઘટકોની સંસ્થા પર નકારાત્મક અસરો નિવારવા નીચેની ત્રણ સ્ટ્રેટજી ઉપયોગમાં લઈ શકાય :**

( ૧ ) અનુકૂલન (Adaptation) ( ૨ ) નકારાત્મકતા ટાળવી ( ૩ ) પરિસ્થિતિને આગોતરી સમજી નિયંત્રણમાં લેવી.

આ સ્ટ્રેટજીના અમલીકરણ માટે માહિતીને વધુ શેર કરવી, સ્થિતિસ્થાપકતા જાળવવી, સંસ્થાના લક્ષ્યો માટે નિર્ધારીત રહેવું, મજબૂતીનો એક ખૂણો શોધી કાઢવો કે જ્યાં બીજા પહોંચી ન શકે, સંસાધનો અને પૈસા મેળવવા વિશાળ સમૂહ ઉપર આધાર રાખવો. જેમ કે ક્રાઉડ ફંડીંગ, win win પરિસ્થિતિ પેદા કરવી, પબ્લીક રીલેશનનું માળખું મજબૂત રાખવું.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાં સારી સેવાઓ આપી લોકોની અપેક્ષાઓ સંતોષવા જરૂરી ફેરફારો અને સુધારાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**Kanubhai C. Patel**
Chairman - QMS, VUF

**R. P. Patel**
President - VUF

## આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાન

# : સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ :

**UPSC / GPSC Class 1-2, Dy.SO, STI, PI, Dy. Mamlatdar, Class-3**

Centre for Excellence
IAS ACADEMY
Vishv Umiya Foundation

- પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચિંગ
- મેન્ટરશીપ પ્રોગ્રામ
- નિયમિત ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- લાઈબ્રેરીમાં વાઈ-ફાઈની સુવિધા
- અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર

**: ગાંધીનગર :**
રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ,
પ્લોટ નં.-131/A, T.P. No.-9,
સ્થાપન -૨ ફ્લેટની નજીક,
ખ - રોડ, સરગાસણ, ગાંધીનગર
(મો) ૭૨૦૨૦ ૮૦૨૦૨

---

પર્યાવરણ અભિયાનમાં આપ પણ સહભાગી બનો

વિશ્વ ઉમિયાધામ ઉપવન

જન-જનની ભાગીદારી અને વૃક્ષોનું સંવર્ધન

૧ વૃક્ષ ૧૦૦૦ રૂપિયામાં ૩ વર્ષના જતન સાથે

SCAN TO DONATE

PhonePe Paytm G Pay UPI

---

ઉમા સ્વાદ

શુદ્ધતા, સ્વચ્છતા અને સ્વાદ નો સંગમ

ગાયના શુદ્ધ ઘીમાંથી બનાવેલ મિઠાઈ તથા નમકીનની ઉત્કૃષ્ટ શ્રેણી

વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગત જનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં આપનો સહયોગ - મા ના પ્રસાદરૂપી મીઠાઈ - નમકીન ખરીદીથી

---

ઉમાછત્ર

પરિવારને આપો ઉમાછત્ર કવચ

₹ 10 લાખ

૧૮ થી ૫૫ વયના કોઈપણ ઉમાછત્ર સભ્યનું નિધન થાય તો, તે પરિવારને રૂા. ૧૦ લાખની આર્થિક સહાય

**વિકલ્પ-૧ અવિચલ** — એક સાથે એક જ વખત રૂા.૩૧,૦૦૦/- યોગદાન ૫૫ વય સુધી

**વિકલ્પ-૨ અવિરત** — પ્રારંભિક રૂા.૪,૦૦૦ અને વાર્ષિક રૂા.૨,૨૦૦/- આસપાસ યોગદાન - ૫૫ વય સુધી

---

સામાજિક અને વ્યાવસાયિક બંને નેટવર્ક પ્રદાન કરે છે.

vibes

यत् भावो - तत् भवति

*Vishv Umiya International Business Entrepreneurs with Social Network*

---

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

ઉમાસૃષ્ટિ માસિકના વાચક દાતા સભ્ય થવા માટે સહયોગી રાશિ

૫ વર્ષ : રૂા. ૨,૦૦૦/- ૧૦ વર્ષ : રૂા. ૩,૫૦૦/-

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

**20000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

HEALTH CARE SURVEY BEST HOSPITALS REGIONAL

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025

Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721


## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK

KIDS FRIENDLY HOMES

COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



સંજયભાઈ પટેલ
(વિસલપુર)

+91 98254 42197